# અધ્યાત્મ શું હતું ? શું થઈ ગયું છે ? શું હોવુ જોઈએ ?

— શ્રીરામ શર્મા આચાર્ય

# અધ્યાત્મ શું હતું ? શું થઈ ગયું ? શું હોવું જોઈએ ?

: લેખક :

બ્રહ્મવર્ચસ્

: પ્રકાશક :

યુગ નિર્માણ યોજના વિસ્તાર ટ્રસ્ટ

ગાયત્રી તપોભૂમિ, મથુરા

ફોન (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯

ફેક્સ (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

મો. ૦૯૯૨૭૦૮૬૨૮૯, ૦૯૯૨૭૦૮૬૨૮૭

: પ્રાપ્તિસ્થાન :

ગાયત્રી જ્ઞાનપીઠ

પાટીદાર સોસાયટી, જૂના વાડજ,

અમદાવાદ-૩૮૦ ૦૧૩

ફોન : ૨૭૫૫૭૨૫૨

સુધારેલી આવૃત્તિ-૨૦૧૦ કિંમત રૂા. ૧૯.૦૦

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at

www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રકાશક :
યુગનિર્માણ યોજના, વિસ્તાર ટ્રસ્ટ
ગાયત્રી તપોભૂમિ, મથુરા
ફોન : (૦૫૬૫) ૨૫૩૦૧૨૮, ૨૫૩૦૩૯૯
ફેક્સ : (૦૫૬૫) ૨૫૩૦૨૦૦

લેખક :
બ્રહ્મવર્ચસ્

કિંમત રૂા. ૧૯.૦૦

સન્ : ૨૦૧૦

મુદ્રક :
યુગ નિર્માણ યોજના પ્રેસ
ગાયત્રી તપોભૂમિ, મથુરા.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# વિષય સૂચી

(૧) વિજ્ઞાન અને તેની પૃષ્ઠભૂમિ.
(૨) અધ્યાત્મમાં ભ્રાન્તિઓનો સમાવેશ
(૩) પ્રત્યક્ષવાદની કસોટી પર
(૪) અધ્યાત્મથી પુરેપુરા જીવનને ઓતપ્રોત કરો
(૫) વર્તમાન અને ભવિષ્યનો ક્રિયાકલાપ
(૬) નવસર્જનની વિશાળ કાર્યપદ્ધતિ
(૭) વિશાળ ક્ષેત્રમાં પ્રચાર પ્રસાર
(૮) વાવો અને લણોનો સુનિશ્ચિત સિદ્ધાંત
(૯) પરિવર્તનશીલ પ્રચંડ મહાકાળીનું અવતરણ
(૧૦) આત્મક્ષેત્રનો ભાવી સંકલ્પ

★

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# * બે બોલ *

આત્મિકી એક સર્વાંગપૂર્ણ આત્મસુધારનું વિજ્ઞાન છે. અધ્યાત્મ, ધર્મધારણા વગેરે નામોથી તે ઓળખાય છે. અધ્યાત્મ ક્ષેત્રને વિજ્ઞાન વડે હંમેશાં પડકારવામાં આવે છે, કેમકે એની પર ભ્રાન્તિઓ, મૂઢમાન્યતાઓનું એક ધુમસ છવાએલું છે. અધ્યાત્મના શાશ્વત, સનાતન, અનાદિ રૂપને ઋષિઓએ આપ્તાવચનોના માધ્યમથી પ્રકટ કર્યું, અને એજ આજે આપણી સમક્ષ બદલાયેલા સ્વરૂપે હયાત છે. એનું શું કારણ છે? આખરે શા માટે વિજ્ઞાનને એવી તક મળી કે જેથી તે અધ્યાત્મ ઉપર ઘા કરી શક્યું ? અધ્યાત્મે વિજ્ઞાન દ્વારા ઉભી કરાએલી શંકાઓ પર વિવેકયુક્ત જવાબ આપવાને બદલે બીજ ઉત્પન્ન કરી. આજ કારણે અધ્યાત્મ વિજ્ઞાન સંદેહ, વહેમ, અપ્રમાણિકતા વગેરે આરોપોનું શિકાર બનતું ચાલ્યું, એજ મધ્યકાળના સમયની પતન કે પરાભવની ફલશ્રુતિ માની શકાય.

હવે સમય આવી ગયો છે પોતાના વ્યક્તિગત અનુભવોના આધાર પર પ્રમાણિત કરીને જનસાધારણને બતાવવામાં આવે કે અધ્યાત્મ અનુશાસન અને સાધનાઓ એટલી જ વિજ્ઞાન સમ્મત છે કે જેટલી પદાર્થ વિજ્ઞાનની વિદ્યાઓ! અધ્યાત્મ ખરેખર શું હતું ? મધ્યકાળમાં એણે શું રૂપ ધારણ કર્યું અને આજની પરિસ્થિતિ ઓમાં એ કેવું હોવું જોઈએ ? એ આ પુસ્તકકો વિષય છે. આ બંન્નેય વિધાઓના જાણકારો માટે લાભ-કારી છે. સામાન્ય માણસો માટે તો છે જ....! એનાથી વિશ્વાસને મજબૂત થવામાં મદદ મળશે કે અધ્યાત્મ મૂલ્યોને જીવનમાં કેવા સ્વરૂપમાં ઉતારવાં જોઇએ અને એ કોઇપણ સ્થિતિમાં નુકસાન-કારક નથી જ પરંતુ પૂર્ણતઃ નફાનો વેપાર છે.

બ્રહ્મવર્ચસ

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# ૧. વિજ્ઞાન અને તેની પૃષ્ટભૂમિ

આ વિશ્વ-બ્રહ્માંડ ચેતના અને પદાર્થ વડે બન્યું છે. પદાર્થ વિષેનું જ્ઞાન અથવા પ્રયોગને ભૌતિક વિજ્ઞાન કહેવામાં આવે છે અને ચેતન વિષયક તત્વજ્ઞાન યા ઉત્કર્ષની વિવિધ-વ્યવસ્થાને અધ્યાત્મ વિજ્ઞાન કહેવામાં આવે છે. બંનેના સંયોગથીજ "વિજ્ઞાન" શબ્દની સમગ્રતા અને સાર્થકતા સિદ્ધ થાય છે.

ભૌતિક વિજ્ઞાનની શરૂઆત તો આગ સળગાવવી, પશુપાલન, ખેતી, વસ્ત્ર, રહેઠાણ, વાસણો, હથિયાર વગેરેની સાથે જ થઈ હતી, પરંતુ તેની ચરમ સ્થિતિનો વિકાસ આ સદીમાં થયો છે. જેટલા પ્રકારનાં યંત્ર સાધનો, આયુધ-રસાયણ અને સાધન-સગવડ આ સદીમાં બન્યાં છે. એટલાં ભૂતકાળમાં ક્યારેય થયાં ન હતાં.

ભૌતિક વિજ્ઞાન પ્રત્યે આમ જનતાનો રસ અસાધારણ રૂપે વધ્યો છે. અને તે એટલા સુધી કે, નાનાં મોટાં બધાંજ વિદ્યાલયોમાં ફરજિયાત રીતે વિજ્ઞાનની જાણકારી મેળવી દેવાઈ છે. એને અયોગ્ય દિશા મળે તો જેટલો વિકાસ થયો છે, તેટલો વિનાશ પણ થઇ શકે છે. આ વિષયમાં અહીં વધારે ચર્ચા કરવી અપ્રાસંગિક ગણાશે. ફક્ત એટલું જ કહેવામાં આવે છે કે આ પ્રગતિક્રમમાં અધ્યાત્મ વિજ્ઞાન પાછળ રહી ગયું છે. એની એવી સંતુલન પ્રગતિ ન થઈ શકી કે, જેવી રીતે ગાડીનાં બે પૈડાં અને પક્ષીની બે પાંખો સંતુલન બનાવી રહે છે. આ અસંતુલનને કારણેજ વિજ્ઞાનને ઉદ્ધત બનીને વિનાશનું વાતાવરણ બનાવવાનો અવસર મળ્યો છે. જો બંનેય એકબીજા સાથે સહયોગી રહયાં હોત તો સર્વાંગી પ્રગતિ થાત અને ધરતી પર સ્વર્ગનું અવતરણ સંભવિત બન્યું હોત !

વિજ્ઞાનનો મૂળ આધાર છે કે તે સિદ્ધાંતોને પ્રત્યક્ષવાદની

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કસોટી પર કસે છે. એથી ઓછામાં એને ન તો સંતોષ થાય છે કે ન સમાધાન. ભૌતિક વિજ્ઞાનના સિદ્ધાંતને કસોટી પર કસી શકાય છે, તથ્યની યથાર્થતા પારખવાની દરેકને છૂટ છે. આને કારણે તેની પ્રામાણિક્તા શંકારહીત મનાય છે. જેને જે રીતની જેટલી જરૂરિયાત હતી, તેણે તેને સંકોચ વગર સ્વીકાર્યું પણ છે.

પરંતુ અધ્યાત્મ વિજ્ઞાનની બાબતમાં મોટી મુશ્કેલી એ છે કે તેના સિધ્ધાંત–માન્યતાઓ પ્રત્યક્ષની કસોટી પર સાચા જણાતા નથી. જે કહેવામાં આવે છે તે અદૃશ્ય સાથે સંબંધિત હોય છે. તર્ક, તથ્ય, પ્રમાણ અને પ્રત્યક્ષના આધારે તેને વિશ્વસનીય રીતે સિદ્ધ કરી શકાતું નથી. બીજી મુશ્કેલી એ થઇ કે અનેક ધર્મ સંપ્રદાયો અને દર્શનોએ એને એક રૂપે વર્ણવ્યું નહીં. એમનાં કથનોમાં ભારે અંતર છે ક્યાંક ક્યંક તો એમના સિધ્ધાંતોમાં–માન્યતાઓમાં જમીન–આસમાનનો તફાવત છે. એમનો પરસ્પરનો વિરોધી મત-ભેદજ એવી શંકા ઉભી કરે છે, જ્યારે ભૌતિક વિજ્ઞાનની બધી માન્યતાઓ એક સરખી જ છે તો પછી અધ્યાત્મમાં આવી જાતનું અંતર કેમ છે? અગર તેમાં એક સાચુ છે અને બીજું ખોટું, અથવા બધુંજ ખોટું છે? પ્રત્યક્ષવાદની કસોટી પર તથ્યો સાચાં ન જણાવાં, અને અનેક વર્ગો મારફ્તે અનેક પ્રકારની એકબીજાથી વિરોધી વાતો કરવી-આ બે એવાં પ્રત્યક્ષ કારણ છે, જેને કારણે અધ્યાત્મને પદાર્થવિજ્ઞાન જેવી માન્યતા મળી નહીં. સાચું તો એ છે કે, આ બુદ્ધિવાદી યુગમાં એની પ્રત્યે ઉપેક્ષાજ નહીં, અવિશ્વાસ અને મશ્કરી પણ થઇ રહ્યાં છે.

ચેતના પદાર્થથીય મોટી છે,–શ્રેષ્ઠ છે. પ્રાણી જ પદાર્થોનો મરજી મુજબ ઉપયોગ કરે છે. આ રીતે અધ્યાત્મની શ્રેષ્ઠતા સાબિત

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

થઈ. ભૌતિક વિજ્ઞાની પદાર્થ જ્ઞાનને જાણીને પોતાની જાણકારી તથા ક્ષમતાનો ઉપયોગ કરીને ભરપૂર લાભ ઉઠાવે છે. ત્યારે અધ્યાત્મ-વિજ્ઞાનીઓએ પોતાના ક્ષેત્રમાં એ રીતે સફળ અને સમુન્નત કેમ ન થવું જોઈએ ? પરંતુ દેખાય છે આનાથી તદ્દન વિપરીત કે, અધ્યાત્મવાદી કલ્પનાઓમાં ઉડે છે, અને દંતકથાઓનો સહારો લઈ ચમત્કારીક એવી રિદ્ધિ–સિદ્ધિઓનું વર્ણન કરે છે, પરંતુ એમાંથી એકને પણ પ્રત્યક્ષ બતાવી શકતા નથી. પોતાના મનની શાંતિ અને પરલોકમાં સ્વર્ગમુક્તિ જેવી સદ્‌ગતિની શક્યતાને પ્રમાણિક કેવી રીતે કહી શકાય ? એને મૂઢમાન્યતા ગણીને કેમ જૂઠી પાડવામાં ન આવે ?

આ અસમંજસને કારણે વિજ્ઞાનનો ભૌતિક પક્ષજ લોકોને ગળે ઉતર્યો, જ્યારે અધ્યાત્મપક્ષ માત્ર શ્રદ્ધા અગર ભાવનાના કાચા તાંતણે લટકતો રહ્યો. શુદ્ધ સોનાને આગમાં તપાવવામાં અને કસોટી પર સો વખત ચકાસવામાં કોઈનેય મુશ્કેલી પડતી નથી તો અધ્યાત્મને કલ્પના ક્ષેત્ર સુધીજ કેમ મર્યાદિત રહેવું પડે ? એ કેમ પોતાની માન્યતાઓને એ પ્રકારે રજુ ન કરે કે, જેને કોઈ પડકાર કરીકે જુઠી પાડવાનો પ્રયત્ન ન કરી શકે. જે વ્યક્તિ અધ્યાત્મનું જોરશોરથી પ્રતિપાદન કરે છે, એણે તો પોતાની જાતે એવા બનવાનું હતું કે તે દીન–હીન અથવા અસહાય જેવી પરિસ્થિતિમાં એ ઘેરાએલો ન જણાય. એ પોતાની વિશિષ્ટતાથી સમાજ ને કોઈક રીતે તો પ્રભાવિત અને સમુન્નત તો કરે જ એની નજીકનું વાતાવરણ અને વર્તુળ એવું તો હોય કે, જેની બાબતમાં ચોખ્ખુંજ કહી શકાય કે કહેવાનું તેમજ કરવાનું એક સરખુંજ છે–એકરૂપ છે.

ભૌતિકવિજ્ઞાનીઓને તો રેલ, વિમાન પઢ, ગેસ વગેરે

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મળે છે. તેમની કૃતિઓને જનતા દ્વારા વખાણવામાં આવે છે અને લાંબા સમય સુધી યાદ કરવામાં આવે છે. અગર અધ્યાત્મની વરિષ્ઠતા છે તો તે પ્રયત્નમાં સંલગ્ન રહેવાની ઉપલબ્ધિઓ એનાથી ઓછી નહીં, પરંતુ વધારે મળવી જોઇએ. પરંતુ એવું જણાતું નથી. ભારતમાં ૬૦ લાખ સંત-મહાત્મા છે. ધર્મને જ ધંધો બનાવીને જીવતા બ્રાહ્મણ વર્ગની પણ એટલી જ સંખ્યા માનવામાં આવે તો સાધુ-બ્રાહ્મણો મળીને ૬૦+૬૦=૧૨૦ લાખની સંખ્યા થાય છે. આનો અર્થ એ થયો કે ભારતના નાગરિકોમાં ૫૦ વ્યકિતઓની પાછળ એક ધર્મ અગર અધ્યાત્મના માધ્યમથી આજીવિકા મેળવનાર છે. જો આને ફક્ત હિંદુ સંપ્રદાય પૂરતીજ ગણવામાં આવે તો એ રીતે સંખ્યા બમણી બની જાય છે. દરેક ૨૦ કે ૩૦ હિંદુઓની પાછળ એક સંત, મહંત, બ્રાહ્મણ, ધર્મોપદેશક કે પૂજારી આવે છે. આટલા અધ્યાત્મવાદીઓની પોતાની સ્થિતિ હકિકતમાં ઉંચી હોવી જોઇએ. પરંતુ તેમ ન થતાં આ બધા ભ્રમ ફેલાવતા અને જેમતેમ પોતાની આજીવિકા મેળવતા હોય છે. એમની સ્થિતિનું અવલોકન કરવામાં આવે તો સામાન્ય નાગરિકોની સરખામણીમાં આરોગ્ય, શિક્ષણ, ચારિત્ર્ય, પ્રતિભા અને ઉપયોગિતાની દૃષ્ટિએ નબળા જણાય છે.

દેશમાં સાતલાખ ગામડાં છે, ૬૦ લાખ સંત છે જે પૂરેપૂરો સમય ધર્મ અને અધ્યાત્મના નામે જ ગાળે છે. એક ગામની પાછળ આ રીતે ગણતાં સાડા આઠ સંત આવે છે જેનું ખર્ચ જનતાનેજ ભોગવવું પડે છે. આ સમુદાય જો અધ્યાત્મની વૈજ્ઞાનિક વિધિ વ્યવસ્થાથી અજાણ છે તો ઓછામાં ઓછું સમાજસેવક તરીકેનું કે પછી સુધારકના સ્તરનું જીવન જીવી કે નિભાવી શકે છે. એટલાથી જ પ્રૌઢ શિક્ષણ, વૃક્ષારોપણ, વ્યાયામ શાળા, સ્વચ્છતા, સહકારિતા, અને કુરિવાજને દૂર કરવાનાં સરળ કામો

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આસાનીથી કરી શકે છે. જો આટલુંજ થઈ શક્યું હોત તો દેશની નૈતિક, બૌદ્ધિક અને સામાજિક ક્ષેત્રોની અંદર કાયાકલ્પ જેવી સ્થિતિ પેદા થઈ ગઈ હોત. પરંતુ આ રીતનું અવલોકન કરતાં સ્થિતિ નિરાશાજનક જણાય છે. જેની મારફતે સેવા કાર્યો થઈ રહ્યાં હોય અને જે દેશ, ધર્મ, સમાજ, તેમજ સંસ્કૃતિની પ્રગતિ માટે કંઇક કરતા હોય એવા સન્માનનીય સંતોની ગણના આંગળીઓના વેઢે ગણાય એટલીજ છે.

ધાર્મિક ક્ષેત્રોમાં જે પ્રવૃત્તિઓ ચાલે છે, એમાં તીર્થયાત્રા, ધાર્મિક મેળા, સ્નાન, પ્રતિમા–દર્શન, કીર્તન, જાગરણ, ભંડારા તથા અન્ય પ્રકારનાં ખર્ચાળ કર્મકાંડોનીજ વધુમતિ જણાય છે. આ પ્રયોજનોમાં લાગેલી માનવશક્તિ મારફતે જો દેશની અસ્ત-વ્યસ્તતા અને દુર્દશાને સમજી શકાઈ હોત અને એને સુધારવા માટે સુધાર કાર્યો સ્વીકાર્યાં હોત તો, સ્થિતિ એવી ન રહેત કે જેવી આજે છે. ગાંજો, ભાંગ, ચરસ અને ધૂમ્રપાનની વધુમતિ–અંધવિશ્વાસને વધારનાર ક્રિયા કલાપો જ આ ક્ષેત્રમાં વધતા જણાય છે.

આ નિરીક્ષણથી ભૌતિક અને આધ્યાત્મિક વિજ્ઞાનવાદીઓની કૃતિઓ અને ઉપલબ્ધિઓમાં મોટો તફાવત જણાય છે. એજ પ્રમાણમાં બંને વર્ગોની વરિષ્ઠતા–કનિષ્ઠતાનું મૂલ્યાંકન કરવામાં આવે છે. અને દુર્ભાગ્ય માનવું જોઇએ કે અધ્યાત્મ તત્વજ્ઞાનનું ગૌરવ, ભૌતિક વિજ્ઞાનની મહિમા આગળ નબળું પડી રહ્યું છે. વ્યક્તિઓના કૃતિઓના આધારેજ એનું સ્તર ગણવામાં આવે છે. ત્રાજવામાં તોળવામાં આવે છે તો વૈજ્ઞાનિક વજનદાર જણાય છે અને ધર્મ-સેવી હલકો ! એનાથી ખબર પડી જાય છે કે, તથ્ય ક્યા નિષ્કર્ષ પર પહોંચ્યું છે. પોતાની જાતનીજ મહાનતા બતાવતાં કોઈક

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અજ્ઞાની લોકોજ ભ્રમમાં પડી શકે છે બાકી જાણકારોને તો વસ્તુસ્થિતિ સમજાવવાનું, તથ્યોના આધારેજ બની શકે છે.

આટલી મોટી જન સંખ્યા અને એના નિર્વાહ તથા પાખંડ પર થનારૂં મોટું ખર્ચ જ્યારે નકામું જતું જણાય છે તો વિચાર-શીલોમાં ક્ષોભ, આક્રોશ, વિરોધ, તિરસ્કાર ઉત્પન્ન થાય એ સ્વા-ભાવિક છે. એમને શબ્દોના આડંબરથી સંતોષી શકાતા નથી.

શું અધ્યાત્મની પ્રકૃતિ જ આવી છે? એના જવાબમાં સ્પષ્ટ રીતે 'નહીં' જ કહેવું પડશે; કેમકે ઈતિહાસનાં પાન ઉકેલી જ્યારે ભૂતકાળનું અવલોકન કરવામાં આવે છે તો જણાય છે કે, અધ્યા-ત્મનું ગૌરવ હિમાલય જેટલું ઊંચું, સફેદ-ઉજળું અને શાંતિભરી ઠંડક અર્પી રહ્યું છે. ઋષિ-મનીષિઓની સંખ્યા ઓછી હોવા છતાંય એમાંના દરેકનું ગૌરવ, સાધના તેમજ લોકસેવા એવી હતી કે, જેની યાદ આવવા માત્રથી જ આજેય આપણું મસ્તક ઉન્નત રહે છે.

આત્મવિજ્ઞાની પોતાના શરીર અને મનનો પ્રયોગશાળા તરીકે ઉપયોગ કરતા હતા અને એમાંજ શોધ કામગીરી જાળવી રાખી વ્યક્તિત્વને અસંખ્ય વિશિષ્ઠતાઓ વડે સંપન્ન કરતા હતા ઋદ્ધિ-સિધ્ધિઓ એમને હસ્તગત હતી. પોતાને તપાવીને તપસ્વીઓ સોના જેવા ચમકતા હતા તેમજ કિંમતી બનતા હતા. વળી ત્વજ્ઞાનની દર્શનપરક અને અધ્યાત્મની યોગ-પ્રયોગવાળી સંપૂર્ણ કૃતિઓ રજુ કરતા હતા. એમના આશ્રમોમાં ગાય-સિંહ એકજ ઘાટ ઉપર પાણી પીતાં હતાં. જે ત્યાં રહેતા હતા તે પોતાનો દૃષ્ટિકોણ સુધારી અને વ્યક્તિત્વને ઉત્કૃષ્ટ બનાવીને પાછા ફરતા હતા. એમનું સાનિંધ્ય પારસમણી જેવું અને એમની કૃપા કલ્પવૃક્ષ જેવી સાબિત

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

થતી હતી. એ અમૃતમય રહેતા અને આનંદ વહેંચતા હતા. વ્યક્તિ તેમજ સમાજની મુશ્કેલીઓ હલ કરવામાં એમની ભૂમિકા એવી હતી કે જેને મુકતકંઠે વખાણી શકાય.

આ પંક્તિઓમાં ઋષિકથાઓનાં ગુણગાન કરવાની શક્યતા નથી. છતાં પણ વ્યાસજીનું સાહિત્યસર્જન, જમદગ્નિનાં આરણ્યક, નાગાર્જુનનું રસાયણશાસ્ત્ર, ચરકનું વનસ્પતિ વિજ્ઞાન, સુશ્રુતની શલ્યચિકિત્સા (સર્જરી) યાજ્ઞવલ્કયની યજ્ઞ શોધખોળ, વિશ્વામિત્રની મંત્રશક્તિ, શંકરાચાર્યનો દિગ્વિજય, બુદ્ધનું ધર્મ ચક્રપ્રવર્તન, પરશુરામનું અનીતિ ઉચ્છેદન, વશિષ્ઠ દ્વારા રામના માધ્યમથી ત્રેતામાં સતયુગનું આગમન, દ્રોણાચાર્યની ધનુર્વિદ્યા, દધીચીનું ઈન્દ્રવજ્ર, ભગીરથનું ગંગાવતરણ, પાણિનિનું વ્યાકરણ, પાતંજલિનો યોગ, વૈશેષિકનું અણુવિજ્ઞાન, દક્ષનું ભૌતિક વિજ્ઞાન, અર્જુનનું યુદ્ધકૌશલ્ય, અગસ્ત્યનું સમુદ્રપાન, નારદનું લોકાન્તર ગમન, વિશ્વકર્માની શિલ્પકલા, કૌંડિન્યનો વિદેશમાં સંસ્કૃતિ પ્રચાર, ચાણક્યનું વિશ્વવિદ્યાલય, વગેરે અસંખ્ય કાર્યો એવાં છે, જેને દરેક દૃષ્ટિએ અપ્રાવરણજ કહી શકાય. શૌનક ઋષિ સ્થળે સ્થળે ધર્મપ્રચાર આયોજન કરતા હતા. આત્મશક્તિની પણ એવી પ્રબળતા હતી જેણે વાલ્મીકિ, અંગુલિમાલ જેવાને બદલી નાખીને શું ના શું બનાવી દીધા. સમર્થ રામદાસે સ્વતંત્રતા આંદોલનની યોજના બનાવી, અને શિવાજી, પ્રતાપ, છત્રસાલ જેવાના માધ્યમથી એને કાર્યરત કરી. ચંદ્રગુપ્તની સફળતાનું શ્રેય ચાણક્યને હતું કબીર, રૈદાસ, જેવા સંતોએ ઉંચ–નીચનો ભેદભાવ દૂર કર્યો. પરમહંસના શિષ્ય વિવેકાનંદે તૂટતી જતી લથડતી સંસ્કૃતિને પગ જમાવવાનો અવસર આપ્યો. વિરજાનંદના શિષ્ય દયાનંદે પાખંડીઓનાં પાખંડ ખૂલ્લાં પાડી દીધાં. આવા હતા અનેક પ્રતિભાશાળી અધ્યાત્મવાદીઓ,

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જેના વ્યક્તિત્વની કથા ગાતાં અને કર્તવ્યની ગાથા ગાતાં ગાવાવાળા સુદ્ધાંમાં હર્ષના રોમાંચ પેદા થાય છે. એમણેજ હર્ષવર્ધન, અશોક, કર્ણ, હરિશ્ચંદ્ર, અશ્વપતિ, ચક્રવર્તી ભરત જેવાઓની આંખી હારમાળા ઊભી કરી દીધી હતી.

જેના સંરક્ષણમાં સાવિત્રી, સુકન્યા, કુંતી, ગાંધારી, અનસુયા અને અરૂંધતી વગેરે મહિલાવર્ગ સાચા અર્થમાં દેવી તરીકે સિદ્ધ થયો. ધ્રુવ, પ્રહલાદ, લવ–કુશ, અભિમન્યુ જેવાં બાળકો ક્યાંથી ક્યાં પહોંચી ગયાં. જેની ગાયો રાજા દિલીપ સુદ્ધાંએ ચરાવી, જેની અંદર પ્રવેશ મેળવવા માટે વિશ્વમિત્ર, ભર્તુહરી જેવાઓએ રાજપાટ છોડી દીધાં, એ ક્ષેત્રને સાધારણ કહી શકાય નહીં. સામાન્યને અસામાન્ય બનાવી દેવાવાળા એ વિજ્ઞાનને બખડજંતર કહી શકાય નહીં.

એનાં અજસ્ત્ર અનુદાન વિશ્વામિત્રને મળ્યાં હતાં. એના જ પ્રતાપે ભારત જગતગુરૂ કહેવાયું. વિશાળ ભારતના ૩૩ કરોડ નાગરિકો જ ૩૩ કરોડ ઋષિઓ ગણવામાં આવ્યા. આ ઋષિઓ દ્વારા યોજાએલી–પ્રયુક્ત થયેલી અધ્યાત્મની પરિણતિઓ છે. એમના શાપથી પરિક્ષિતને અસર થઈ હતી વળી એમનાં વરદાનોથી દશરથને ચાર ભગવાન જેવા પુત્રો પ્રાપ્ત થવાનો સુયોગ મળ્યો હતો, જે ઇન્દ્ર અને ચંદ્રને પણ શાપ આપી શકતા હતા, જે ભારતભૂમિને "સ્વર્ગાદપિ ગરીયસી" બનવાનું સૌભાગ્ય પ્રદાન કરી શકયા હતા.

દરેક મનુષ્ય એકજ જાતના છે, છતાંય એમાંથી વધારે પડતા સાધારણ સ્થિતિમાં રહેવા છતાં પણ કેટલાકનું અસાધારણ બની જવું જ એ સિદ્ધ કરે છે કે, જેણે મહાનતા પ્રાપ્ત કરી તેની સાથે કોઈ ને કોઈ સમર્થ-શક્તિશાળી સહારો રહ્યો હશેજ.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આ સહારો બીજું કંઈ નહીં પણ અધ્યાત્મજ છે જે આ હાડ-માંસના પૂતળાને ધરતીના દેવ કહેવડાવવાનું ગૌરવ આપે છે. આ માત્ર કથન જ નથી, અધ્યાત્મવેત્તા હોય છે પણ એવા જ.

સ્પષ્ટ છે કે અધ્યાત્મ વિજ્ઞાન પોતાની રીતે મહાન છે. એની ક્ષમતા અને ગૌરવ ભૌતિકવિજ્ઞાન કરતાં કોઈ રીતે ઓછાં નથી, પરંતુ વધારે જ છે. જો લોકો સાચા હીરા મેળવવા જરૂરી સાધનો પ્રાપ્ત ન કરી શકે અને સાચા હીરાની લાલચને કાચનાં નકલી સાધનોથી જ પૂરી કરવા ઈચ્છે તો તેમને ગૌરવ પ્રાપ્ત થવામાંથી બાકાત જ રહેવું પડશે. આજે લોકો અલગ અલગ પૂજા-પાઠ અને નામરટણ માત્રથી જ એ લાભોને મેળવવા ઇચ્છે છે, પરંતુ તે તો યથાર્થતા સ્વીકારનારને જ મળે છે. ફળસ્વરૂપ એમને ઉપહાસના ભોગ બનવું પડે છે. ઘર છોડી દેવું, ભિક્ષા પર જીવન ચલાવવું, કપડાંને રંગાવી લેવાં એનાથી કંઈ સાચા અધ્યાત્મવાદી બની જવાતુ નથી, પણ એણે સંપૂર્ણ જીવનમાં, કણકણમાં, શરીરના રોમરોમમાં અને પ્રત્યેક ચિંતનમાં અધ્યાત્મના આદર્શોને સ્વીકારવા પડે છે. યોગ્ય કિંમત પરજ યોગ્ય ઉપલબ્ધિ હસ્તગત થવાનો સિદ્ધાંત છે. એને છોડીને પગદંડીઓ પર ભટકવા-વાળા ધાક, ભીડ, અસફળતા અને મશ્કરીજ પ્રાપ્ત કરે છે.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

## ૨, અધ્યાત્મમાં ભ્રાન્તિઓનો સમાવેશ

અધ્યાત્મમાં પ્રવેશનારે તેની બારાખડી ભણવી જોઇએ અને સમજવું જોઇએ કે બ્રહ્મચેતનાનું અવતરણ ક્યા આધારે મનુષ્યની સત્તામાં પ્રવેશી તેને અસાધારણ રીતે શક્તિશાળી બનાવે છે- અને એ અદ્ભૂત કામ કરી બતાવવા કેમ કરીને સમર્થ બને છે? વ્યક્તિના વિકાસ અને પ્રતિભા-વિભૂતિઓથી સજ્જ થવા જેવી એની સ્થિતિનું સર્જન કેવી રીતે બની જાય છે?

પરબ્રહ્મ બ્રહ્માંડવ્યાપી ચેતના શક્તિ છે. એની નિયમન વ્યવસ્થા અંતર્ગત જ આખી સૃષ્ટિનો વહેવાર ચાલી રહ્યો છે. એ કોઈથી રાગ-દ્વેષ નથી રાખતી. મનુષ્યની જેમ પોતાના કે પારકાનો ભેદભાવ એના મનમાં નથી હોતો, કે નથી એને કોઈની તારીફ જોઈતી અને નતો કોઇની ભેટ! જે સમદર્શી અને ન્યાયકારી છે એને માટે કોઇની સાથે એ આધારે પ્રેમ નથી થઈ શકતો કે, તે એનું વારંવાર નામ રટણ કરે અથવા તો ફૂલ ચોખા ચઢાવે!

ઈશ્વરકૃપા કોઈ કારણ વિશેષથી વરસે છે. અને ત્યાં ભેગી થાય છે કે જ્યાં તેણે ભેગા થવું જોઇએ. ગરમી પછી જ્યારે જળ-સ્થળ બધુંજ ગરમ થઈ જાય છે ત્યારે એનું સંતુલન બેસાડવા વર્ષા ઋતુ આવે છે. ચારે બાજુ પાણી વરસે છે, પરંતુ તે જમા ત્યાં થાય છે જ્યાં નીચાણ છે, ખાડો છે. પત્થરો પર-પહાડોપર વરસવા છતાંય તે પાણી ત્યાં ભેગુ થતું નથી.

પરબ્રહ્મ સાથે જોડાવા અને એની ક્ષમતા-કૃપાઓ તથા વિભૂતિઓને પોતાની પાસે ખેંચવા માટે પોતાનુંજ ચુંબકત્વ જોઇએ. લોહચુંબક પોતાની આજુબાજુ પડેલા લોખંડના ટુકડાને પોતાની તરફ ખેંચી લે છે અથવા જાતે જ કોઈ મોટા ચુંબક તરફ ખેંચાઈ જાય છે. પરમાત્મા એક મોટા ચુંબક જેવા છે.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આપણે એમની બાજુ ખેંચાઈને, પોતાનામાં એ વિશેષતાઓને ધારણ કરી શકીએ છીએ કે જે એમનામાં છે.

જ્યાં ગાઢ જંગલ હોય છે ત્યાં ખૂબ વરસાદ પડે છે. વૃક્ષોનું આકર્ષણ વાદળોને નીચી તરફ ખેંચે છે. અને તેને વરસવા મજબૂર બનાવે છે. વરસાદનું પાણી જ્યાં ઉંડાણ હોય ત્યા ભેગું થાય છે. નદી-નાળાં, તળાવ એટલા માટે પાણીથી ભરેલાં હોય છે કે તેમાં ખાડા હોય છે. આપણે આપણી પાત્રતાનો વિકાસ કરવો જોઇએ જેથી એનેઅનુરૂપ પરમાત્માનો અનુગ્રહ અને જન-સમુદાયનો સહકાર-સમ્માન ખૂબજ પ્રમાણમાં હસ્તગત થઈ શકે.

માનવ શરીર જાદૂઇ પટારો છે. એના કણકણમાં અદ્‌ભુત ક્ષમતાઓના ભંડાર ભરેલા પડ્યા છે. નાના પરમાણુના અંતરાલમાં એ તમામ ગતિવિધિઓ ચાલે છે જે મોટા રૂપે સૌરમંડળના વિશાળ પરિવારમાં ચાલે છે. ફરક એટલો છે કે, તે પ્રસુપ્ત અને અદ્દશ્ય સ્થિતિમાં–બીજ રૂપે પોતાના વૈભવને છૂપાવી રહેલ છે. જો એને યોગ્ય રીતે જાગૃત કરેવામાં આવે તો પિંડ રૂપે દષ્ટિ-ગોચર થતો મનુષ્ય બ્રહ્માંડીય ચેતનાનો પ્રતિનિધિ બની શકે છે. મસ્તકના ૭ ટકા ભાગનોજ ઉપયોગ જાણી શકાયો છે પણ તેના ૯૩ ટકા ભાગથી અજાણ છીએ, જે અચેતન–સુપરચેતન વગેરે નામથી ઓળખાય છે. આ રીતે શરીરની નસ–નાડીઓમાં જે વિદ્યુત–પ્રવાહ વહે છે એનો એક બહુ નાનો–અલ્પ અંશ શરીર સંચાલનમાં કામ આવે છે. કેટલીક વિજળી વિચારવા–સમજમાંવા જ વપરાઈ જાય છે એનો ઉચ્ચસ્તરીય ભાગ, જે પ્રાણની પ્રચંડ શક્તિના રૂપમાં આપણી અંદર રહેલો છે એનો ઉપયોગ નહીં જેવોજ થાય છે. કદાચ કયારેક એ પ્રાણ-પ્રખરતાને જાગૃત, સશક્ત અને ક્રિયાશીલ બનવવામાં આવે તો એટલાથી જ મનુષ્ય સાધારણ

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હોવા છતાં પણ અસાધારણ બની જાય છે. અને મહામાનવો, ઋષિઓ. દેવતાત્માઓના વર્ગમાં બેસવાની પાત્રતા પ્રાપ્ત કરી શકે છે. આ સફળતા અને ઉપલબ્ધિ હસ્તગત કરવી એ પૂરેપૂરી એના હાથની વાત છે.

મનુષ્યની ક્ષમતાઓ તેના દોષ-દુર્ગુણો, કુકર્મો અને ખરાબ ચિંતનને કારણે દબાઈ જાય છે. અધ્યાત્મનું પહેલું પગલું જ એ છે કે આ બધી મલીનતા સામે ઝઝૂમવું અને એને દૂર કરીને જ જંપવું. આ પ્રક્રિયાને જ 'તપ' કહે છે. તપનો અર્થ છે–પોતાને તપાવવા. તપાવવાનું તાત્પર્ય એ છે કે, પોતાની બહારની તેમજ અંદરની આયોગ્યતાઓને તીક્ષ્ણ બુદ્ધિથી શોધીને બહાર કાઢવી અને તેની સાથે જોડાએલા-બંધાએલા સ્વભાવ તેમજ મનને કડકાઈ-પૂર્વક ઠીક કરવું. બહારના દુશ્મનો સાથે લડવું સહેલું છે. કારણકે તે બહાર હોવાથી આંખો વડે જોઇ શકાય છે. એમની ઉપર કેટલાંય સાધનો વડે પ્રહાર કે બચાવ કરી શકાય છે. પણ પોતાની સાથે કેવી રીતે ઝઝૂમી શકાય? દુષ્પ્રવૃતિઓ સ્વભાવનું અંગ બનીને અભ્યાસમાં ઉતરી જાય છે, અને ટેવ બનીને એવી રીતે આ શરીરમાં છૂપાઇ જાય છે કે તેને જોવી કે સમજવી પણ મુશ્કેલ પડે છે. આવી સ્થિતિમાં કોઈક સૂક્ષ્મદર્શી જ એને શોધી શકે છે, અને એને મિત્ર ન સમજતાં શત્રુ સમજી પોતાની માન્યતા બદલી શકે છે. એને પડકારવાની રણનીતિ ત્યાર-પછી જ બને છે?

ગીતામાં ભગવાને અર્જુનને આનાકાની કરતો હોવાથી, તેને જે યુદ્ધ માટે પ્રવૃત્ત કર્યો હતો, તેની આધ્યાત્મિક વ્યાખ્યા, પોતાની સાથીદાર–કુટુંબી જેવી જોડાએલી અવાંછનીયતાની વિરૂદ્ધ પ્રબળ પરાક્રમ સાથે લડી લેવાના રૂપેજ હોઇ શકે છે. આ અનિવાર્ય યુદ્ધ જ તપ છે. માત્ર શરીરકષ્ટનો અતિરેક સ્વીકારવાને

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જ તપ કહેવાય નહીં. એને માટે તો પોતાને ધોબીની જેમ કપડાં ધોવાનાં, જેવાં કે, ભઠ્ઠીમાં મુકવાં, સાબુ લગાવવો, છબછબાવવા કે પછાડવા જેવાં કામ કરવાં પડે છે આ બધાંનો મેળ બેસાડવો પડે છે. તપસ્વિઓનો આજ રીતિ-નીતિ અપનાવવી પડે છે.

તપના મુખ્ય ચાર આધાર છે. (૧) ઇન્દ્રિય સંયમ (૨) સમય સંયમ (૩) અર્થ સંયમ (૪) વિચાર સંયમ. આ ચારેમાં જીવન વહેંચાએલું અને વિખરાએલું પડયું છે. એને કાર્યાન્વિત કરવામાં ઘણું કરીને જીવનનો દરેક પક્ષ લપેટમાં આવે છે. એટલા માટે આ પરિશોધનમાં એક પ્રકારે આખા જીવનનુંજ શોધન કરવું પડે છે. સંકલ્પ અને સાહસના આધારે અભ્યાસ કે આદતો સાથે ઝઝૂમવું પડે છે. કહેવાનુંજ નહીં. પરંતુ દૂરદર્શી વિવેકશીલતાનો મૂર્ધન્ય ગણીને તેના આદેશોનું પાલન અનિવાર્ય બને એને માટે જેના વ્યક્તિત્વનો પ્રશિક્ષિત કરવું પડે છે.

આત્મશોધન અને પાત્રતા સંવર્ધન માટે જે બીજું પગલું ઉઠાવવું પડે છે તે છે–"યોગ." યોગનો અર્થ 'જોડવું' એવો થાય છે. જોડાવું, કોની સાથે? પરમાત્માથી, પરબ્રહ્મથી. એનો એક જ ઉપાય છે કે માનવી ગરિમાની સાથે જોડાએલી મહાનતાને પોતાના જીવનક્રમમાં ભેળવવી, સતપ્રવૃત્તિઓનો સમુચ્ચયજ મનુષ્યનો પરમેશ્વર છે. એના સમગ્ર સ્વરૂપને તો અચિન્ત્ય કહેવામાં આવે છે મનુષ્યનો પરમેશ્વર શું હોઇ શકે છે? એને પરમેશ્વર ન કહેતાં વિરાટબ્રહ્મ અથવા વિશ્વબ્રહ્મજ કહેવા જોઈએ વળી જીવનબ્રહ્મ પણ કહી શકાય.

જીવનનો યોગ આ પરમેશ્વર સાથે હોઇ શકે છે. ટુંકમાં સત્પ્રવૃત્તિ સંવર્ધન પણ કહી શકાય છે. આ બાબતમાં વેદાંત દર્શનનાં સૂત્ર સ્થિતિને પૂરેપૂરી રીતે સ્પષ્ટ કરે છે. સોઽહમ્,

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શિવોડહમ્. સચ્ચિદાનંદોહડમ, તત્સમસિ, અયમાત્મા બ્રહ્મ વગેરે શબ્દોમાં જે રહસ્ય છુપાએલું છે, એનું એટલુંજ તાત્પર્ય છેકે, મનુષ્યનું અંતરાલ અને બહિરંગ દેવોપમ્ હોવું જોઇએ.

નરને નારાયણ, પુરૂષને પુરૂષોત્તમ, અણુને વિભુ બનાવવા માટે જે સાધન. કરવી પડે છે એના બે પક્ષ છે—પ્રથમ 'તપ' બીજો 'યોગ' તપનો અર્થ છે–દુષ્પ્રવૃત્તિઓને હાંકી કાઢવી અને યોગનો અર્થ છે–સત પ્રવૃત્તિઓને વધારવી-સંવર્ધન કરવું. ચિંતનમાં ઉત્કૃષ્ટતા, ચરિત્રમાં આદર્શવાદિતા, અને વ્યવહારમાં શાલીનતાનો સમાવેશ જે જેટલી માત્રામાં કરી શકયો, સમજવું જોઈએ કે તે એટલા સ્તરની પ્રગતિ આત્માના ઉત્કર્ષમાં કરી શકયો.

કપડાં રંગતાં પહેલાં એને ધોવાં પરે છે. બીજને ખેતરમાં નાખતાં પહેલાં ખેતર ખેડવું પડે છે. દિવાલ બનાવતા પહેલાં પાયો ખોદવો પડે છે. દેવતાની સ્થાપના તથા પૂજા કરતાં પહેલાં સ્થાન અને સાધનોને શુદ્ધ બનાવવાં પડે છે. તપ પરિમાર્જન માટે અને યોગ પરિષ્કારને માટે હોય છે. જે આ બંન્ને પ્રસંગોમાં પોતાને સાચો સાબિત કરી લે છે. સમજવું જોઇએ કે તેણે એટલો જ માર્ગ પ્રશસ્ત કરી લીધો. પરમલક્ષ્ય સુધી પહોચવાની તેની તૈયારી એટલી માત્રામાં પૂરી થઇ ગઇ.

માતા પ્રાણથીય વધારે પ્યાર પોતાના બાળકને કરે છે. તેની સેવામાં લાગી રહે છે. પરંતુ જ્યારે તે કપડાંની અંદર સંડાસ જાય છે અને એનાથી પોતાની જાતને ખરડી લે છે તો તે આગ્રહ કરે કે ઉછળકૂદ કરે છતાંય માતા ન તો તેને ખોળામાં લે છે કે ન તો દૂધ પીવડાવે છે એનો પહેલો પ્રયત્ન કે કાર્ય છે બાળકને ધોવાનું, સ્નાન કરાવવાનું, કપડાં બદલાવવાનું.; આટલાં ક્રમોથી જ્યારે શુદ્ધતા પૂરી થઇ જાય છે. ત્યારેજ તે તેને ખોળામાં

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લેછે અને દૂધ પિવડાવે છે અને ખવડાવે છે. ઇશ્વરની રીત-નીતિ પણ આજ છે. એ ત્યાંસૂધી મનુષ્યથી દૂરદૂર અને અસંબંધીત રહે છે કે જ્યાંસુધી આત્મસુધારનું પ્રયોજન પુરૂં થઇ જતું નથી. આના અનુસંધાનમાં કરેલી ઉપેક્ષાજ એ સ્થિતિ છે, જેને કારણે તેને ઇશ્વરનાં વિશિષ્ટ અનુદાન પ્રાપ્ત કરવામાં મુશ્કેલીઓ પડે છે. આત્મસુધારજ તે કાર્ય એને સૌથી પહેલાં કરવું પડે છે. અને તેના પછી આત્મિક પ્રગતિના પરિષ્કારનો ક્રમ ઝડપથી ચાલે છે.

પરીક્ષા-હરિફાઇ ની કસોટીમાં જે સાચા નીવડે છે, તેમને ઉત્તીર્ણ જાહેર કરવામાં આવે છે. ઉચ્ચ શ્રેણી પ્રાપ્ત કરેલાને ઈનામ આપવામાં આવે છે. ક્યાંક કોઇ ઉંચા પદ પર નિમણુક થવાની હોય તો આવેદન કર્તાઓને પરીક્ષામાં બેસાડવામાં આવે છે. જે ઉપયોગી જણાય છે. તેને નિમણુક પણ આપવામાં આવે છે. એની ઉપરાંત પણ કાર્ય કુશળતાની સમીક્ષા થતી રહે છે અને બઢતી નો સુયોગ બનતો રહે છે. આ કાર્ય કોઇપણ જાતના પક્ષપાત રહિત ચાલવાનો નિયમ છે. લોકાચારમાં તેનો કદાચ વ્યતિક્રમ થઇ શકે છે, પરતું ઈશ્વરના દરબારમાં આ અકાટય નિયમ છે. એટલા માટે ઇશ્વરની સ્તુતિ કરવા કરતાં એજ વધારે સુંદર અને ઉત્તમ છે કે પોતાની પાત્રતા, ઉત્કૃષ્ટતા વધારવાનો પ્રાણ પ્રાણથી પ્રયત્ન કરીએ. અગ્નિ ઉપર તપાવવાથી અને કસોટી પર કસવા છતાં પણ વારંવાર શુધ્ધ સોનાની જેમ પોતાની પ્રમાણિકતા સિધ્ધ કરતા રહો. આ આધારે સંસારમાં તથા પરમાત્માના દરબારમાં કોઇકનું મૂલ્યાંકન થાય છે. આ આધાર પર જ કોઇને દેવીકૃપાનું અનુદાન મળે છે. વિભૂતિઓ. રિદ્ધિઓ, સિધ્ધિઓ હસ્તગત થવાનો આ એક રાજમાર્ગ છે. પગદંડીમાં ભટકવાવાળાઓમાંના

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નકામા ભટકાવમાં પડેછે. અને પેતાની જાતને તૂટેલી જાળ કે જંજાળમાં ફસાવી લે છે. એમને થાક. ખીજ અને નિરાશા જ હાથ લાગે છે.

જગતમાં ખૂબ જ અંધવિશ્વાસ ફેલાયેલો છે છોકરા છોકરીની વચ્ચે ભેદભાવ કરવાની પાછળ કોઇજ તર્ક નથી. જાતિ પ્રમાણે ઉંચ-નીચની માન્યતાને પણ સાબિત કરી શકતી નથી. નશા-બાજીથી કોઇનુંય ક્યાં ભલુ થયું છે! શુકન મુહૂર્ત વગેરેની માન્યતા કેટલીય શંકા-કુશંકાઓ પેદા કરે છે, તોય પણ લોંકો એને માનીને ચાલ્યા જ કરે છે. બૌધ્ધિક ભ્રાન્તિનો ફેલાવો પણ કંઇ ઓછો નથી, એણે તો અડધી દુનિયાના ચિંતનને ભ્રમિત કરી દીધું છે. આવીજ જાતનો એક એ ભ્રમ છે કે, ઇશ્વરને નામરટણ અને પૂજા-પાઠ વડે વશ કરી શકાય છે. આ ઇશ્વરની શાનમાં ખૂબ મોટો આક્ષેપ કરવા જેવું છે. ઇશ્વરની વિવેકબુદ્ધિને ન્યાયશીલતાને કલંકિત કરવા સમાન છે. ચારણને મોંએથી વખાણ સાંભળીને જે રીતે મધ્યયુગમાં સામંતો ફૂલાઇને ખુશ થઇ જતા હતા અને, કરેલા યશગાનના બદલામાં એમને કિંમતી ભેટો આપ્યા કરતા હતા, એવી કક્ષાના કે સ્તરના ભગવાનને માનીને, અને તેમને ચાંપલાવેડા. ચમચાગીરી, ચાપલુસીના આધારે ફોસલાવવાનો પ્રયત્ન કરીએ તો, સમજવું જોઇએ કે ઇંશ્વરની મહાનતાને સમજવામાં આપણે સમર્થ થયા નથી. ભોગ-પ્રસાદની, વસ્ત્ર કે છત્ર ચઢાવવાની લાંચ આપીને જો આપણે તેના પ્રિયપાત્ર બનવા ઇચ્છતા હોય અને મરજી મુજબ ઉચિત-અનુચિત કામ કરાવવા ઇચ્છતા હોય તો તેને ધૃષ્ટતાજ કહેવામાં આવશે. આવી હલકટતાથી આપણે કોઇ બેંક મેનેજર પાસેથી મનમાં ધારેલી રકમ મેળવી શકતા નથી, પરીક્ષકો પાસે ભ્રષ્ટકામ કરાવી શકતા નથી, ન્યાયધીશને ફોસલાવી શકતા નથી અને યોગ્યતા વગર કોઇ ઊંચા હોદ્દા પર

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બેસવાનો દાવ ચલાવવામાં સફળ થવાતું નથી તો પછી ઇશ્વર પાસે આવી રીતનું ઓછાપણું-હલકટપણું અપનાવવાની અપેક્ષા કયા આધારે કરી શકાય ? એ એટલો બધો સૂઝ-બૂઝ વગરનો નથી કે જેને ભજનાનંદી લોકો માછલી કે ચકલીની જેમ પ્રલોભન-લાલચ આપીને ફસાવી શકે અને એની મહાનતાને તોડી શકે.

સાધના ઉપાસનાનો એકમાત્ર હેતુ આત્મશોધન અને આત્મ-પરિષ્કાર છે. એક શબ્દમાં પાત્રતાનું સંવર્ધન-વધારો-છે, કહેવાઇ ગયું છે કે, દુષ્પ્રવૃત્તિઓને દૂર કરવાનું 'તપ' અને સતપ્રવૃત્તિ-ઓનું અભિવર્ધન 'યોગ' છે. આ આધારોને જે જેટલી દૃઢતા અને તત્પરતા સાથે સ્વીકારે છે, તે પોતાની પાત્રતામાં વધારો કરતાં કરતાં પરમેશ્વરના પ્રાણપ્રિય બને છે. ચતુરાઇને ભકિતનું નામ આપી એના સહારે ન તો ઇશ્વરના પ્રિયપાત્ર બની શકાય છે કે ન તેની કૃપાથી મળવાવાળી વિભૂતિઓના અધિકારી....!

જપ, ધ્યાન, પૂજા, ઉપચાર, કીર્તન, કર્મકાંડ વગેરેનો હેતુ એવો છે કે, એ માધ્યમો દ્વારા આપણે આપણી શ્રેષ્ઠતા અને ઉદારતાને વધારેમાં વધારે વિસ્તૃત અને પરિપકવ કરીએ. આ ઉપચારોનું રહસ્ય, સંકેત વગેરે સમજીને કાર્ય કરીએ, જે નિયંતાને ગમે છે.

મનુષ્ય જન્મને 'દેવોને પણ દુર્લભ' એમ ગણ્યો છે. સૃષ્ટાની આ સર્વશ્રેષ્ઠ કલાકૃતિ છે. એને જીવના હાથમાં એવી આશા-અપેક્ષાએ થાપણના રૂપમાં સોંપેલી છે કે તે પોતાની અપૂર્ણતાને પૂર્ણતામાં વિકસિત કરે. અને સાથે સાથે જ આ વિશ્વઉદ્યાનને વધારેમાં વધારે સમુન્નત, સુવિકસિત બનાવવાની સેવા સાધનામાં રચ્યો પચ્યો રહે. આ દૂરદર્શી વિવેકશીલતાને વ્યવહારિક જીવનમાં ઉતારવાથીજ કોઇક સાચા અર્થોમાં ભકત કે સાધક બની શકે

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. સંયમ સાધનાથી પૂણ્ય સધાય છે, અને સેવા સાધનાથી પરમાર્થ મેળવી શકાય છે. આ બંને મળીને એ જરૂરિયાતને પૂરી કરે છે જેનાથી જીવનને સાર્થક બનાવવાવાળી ગૌરવ-ગરિમા પ્રાપ્ત થાય છે.

જો અધ્યાત્મ ક્ષેત્રમાં પ્રવેશેલી :ભ્રમજંજાળમાંથી નીકળીને તેના વાસ્તવિક સ્વરૂપ અને ક્રિયાકલાપને સમજવામાં આવે તો તેનું પ્રતિફળ નિશ્ચિતરૂપે એજ હોઈ શકે છે જે શાસ્ત્રકારોએ લખ્યું છે અને આપ્તજનોએ કહ્યું છે. વિજ્ઞાનનો પહેલો સિદ્ધાંત છે કે કોઇક વાતને સાચી ત્યારેજ માનવામાં આવે, જ્યારે પ્રતિપાદનને અનુરૂપ એનું પ્રતિફળ પણ ઉપલબ્ધ થઇ શકે. પ્રત્યક્ષને પ્રમાણ માનવાની વાત બધાને ગળે ઉતરે છે. એટલા માટે ભૌતિક વિજ્ઞાને માન્યતા પ્રાપ્ત કરી લીધી. અધ્યાત્મ વિજ્ઞાન આ દ્રષ્ટિએ પાછળ પડ્યું. પરિણામે અવજ્ઞા અને ઉપેક્ષાનું સાધન બની રહ્યું છે.

# પ્રત્યક્ષ વાદની કસોટી પર

અધ્યાત્મ ક્ષેત્રમાં પ્રવેશ અને પ્રયાસ કરવાવાળામાંથી અધિકાંશને એમ કહેતા સાંભળવા મળ્યા છે કે, આટલા દિવસ પૂજા પાઠ કરવા છતાંય કોઇ કહેવાલાયક એવી ઉપલબ્ધિ પ્રાપ્ત થઈ નથી. સમય બરબાદ થયો અને નિરાશાજ મળી.

મોટી આશાઓ બાંધી અને એને માટે જરૂરી સાધનો એકઠાં કર્યા પછી પ્રયાસ કાણા કુલડાની જેમ અધુરા રહે અને તેનું પ્રતિફળ એવું નથી હોતું કે જેવું હોવું જોઇએ. ક્રિયા પદ્ધતિમાં અથવા યોજના બનાવવાની વિધિ વ્યવસ્થામાં ખોટ રહે તો ઇચ્છિત પ્રતિફળ પ્રાપ્તિથી વંચિત રહેવું પડે છે. ખૂબ ઉંચે ચઢીને પડવાથી ઘેરી ચોટ લાગે છે. મહાત્માઓને સાંભળીને મોટી

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આશાઓ બાંધી અને એ સંદર્ભમા કંઇજ હાથ ન લાગે તો આવી હાલત થાય છે.

લોકો ઇશ્વરદર્શનની આશા રાખે છે. અને મોટી મોટી મહત્વકાંક્ષાઓ દેવી કૃપાથી જલદી જલદી પૂરી થઈ જવાની આશા કરે છે. એના માટે કંઈક પૂજા-પાઠ પણ કરે છે. પણ જ્યારે ઇચ્છિત ફળ મળતું નથી તો તે સમયે પોતાની ભૂલ શોધવાનું તો કોઈનેય મન થતું નથી. અરે....સિદ્ધાંતોના ક્રિયા-કલાપોની ત્રુટિ શોધવાનીય ઇચ્છા નથી થતી. પરંતુ એવું બને છે કે મૂળ સિદ્ધાંતને જ ખોટો કે ઢોંગ માનવાનું મન ઇચ્છે છે. પ્રતિપક્ષમાં કોઇ જવાબ આપવાવાળું ન હોય તો પછી ગમે તેની પર ગમે તેવો આક્ષેપ કે દોષારોપણ કરવાની છૂટ રહે છે. બિચારૂં અધ્યાત્મજ પોતાની ઉપર બધાય દોષો વહોરી લેવા જેવી અસહાય સ્થિતિમાં હોય છે.

પરિણામ એવું આવતું ગયું કે બુદ્ધિજીવીઓ સિદ્ધાંતનેજ ખોટા ઠરાવવા લાગ્યા. ભૌતિક વિજ્ઞાને પોતાના બાળપણ અને અલ્લડપણાના શરૂઆતના દિવસોમાં જોરશોરથી એવું કહ્યું હતું કે ઇશ્વિર નામની કોઇ વસ્તુ જ નથી પ્રકૃતિનું સ્વસંચાલિત ચક્ર જ પોતાનો આખો ક્રમ ચલાવી રહ્યું છે. એજ પ્રમાણે આત્માના અસ્તિત્વનેને પણ જૂઠું ઠરાવ્યુ. કહેવામાં આવ્યું કે મનુષ્ય હરતુ ફરતું ઝાડ માત્ર છે. સમય આવતાં સૂકાઈ જાય છે અને પૂરૂં થઇ જાય છે. પરલોક નામની કોઇ વસ્તુ નથી. સમર્થ અસમર્થોનું શોષણ કરતા રહે છે જેથી દુનિયામાં અસમર્થતાનું એડોળપણું વધવા પામે નહીં ! જ્યારે ચેતનાની કોઈ સ્વતંત્ર સત્તા નહીં, માત્ર મસ્તકની હલચલોથી જ શરીરનાં અંગ અવયવોની જેમ કામ કરે છે. આવી દશામાં ચેતના વિજ્ઞાનનું, અધ્યાત્મ તત્વજ્ઞાનનું કોઇ અસ્તિત્વજ નથી રહેતું. પછી એનાથી કોઇક

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રકારનાં અવિજ્ઞાત પ્રતિફળોની આશા રાખવી જ નકામી છે.

ભૌતિકવાદે પોતાના બાળપણમાં તોતડીવાણી વડે જે કંઇ કહ્યું હતું એને અપરિપકવ લોકોએ વગર અભ્યાસે અને વગર શોધખોળે યથાવધ રીતે સાચું માની લીધું અને વાસ્તવિક થઇ ગયું.

નવા મુલ્લા જોર જોરથી અવાજ લગાવે છે એ રીતે કહેવાતા બુદ્ધિવાદિઓએ નાસ્તિકતાનો એ પક્ષ વધારે જોરશોરથી આલાપવાનું શરૂ કરી દીધું.

બીજો પક્ષ તત્વજ્ઞાની દાર્શનિકોનો હતો. એમણે તર્ક, તથ્ય, પ્રમાણ અને ઉદાહરણની જરૂરિયાત સમજી નહીં. શાસ્ત્ર વચનનેજ સર્વ કંઇ માનતા રહ્યા. 'બાબા વાક્યં પ્રમાણ' સિવાય એમને કશુંજ સુઝયું નહીં. એને લીધે તે પોતાની વાતો શાસ્ત્રો અથવા દંતકથાઓના આધારે પ્રસ્તુત કરતા રહ્યા. એમનાથીય એ ન બની શકયું કે બદલાતા યુગમાં બુદ્ધિવાદને–પ્રત્યક્ષવાદને આશ્રય મળેલો છે. આપણે એને અનુરૂપ નાસ્તિકવાદની વિરૂદ્ધ રણનીતિ બનાવવી જોઇએ. તર્કથી તર્કને, તથ્યથી તથ્યને, પ્રમાણથી પ્રમાણને અને ઉદાહરણથી ઉદાહરણને કાપવું જોઇએ. આધ્યાત્મવાદિઓને ભૌતિકવાદના સિધ્ધાંતોની કંઇજ જાણકારી નહોતી, સાયન્સ એ ભણ્યા ન હોતા. એટલા માટે એક બોબડો અને બીજો બહેરો એવી સ્થિતિ બની ગઇ. વિજ્ઞાને અધ્યાત્મની ઊંડાઇ સુધી પહોંચવાનો પ્રયત્ન ન કર્યો, અને અધ્યાત્મને વિજ્ઞાનનું દર્શન સમજવાની જરૂરિયાત ન જણાઈ–ફૂરસદ મળી નહીં. પરિણામ એ આવ્યું કે અધ્યાત્મને વિજ્ઞાનની સામેજ નહીં, દર્શનની સંમુખ પણ હારવું પડયું. નીત્સે, માર્કસ, રસેલ જેવા નાસ્તિકવાદી દાર્શનિકોના કથનને યોગ્ય ખ્યાતી મળી. અને અધ્યાત્મની પ્રખરતાને ધૂંધળી બનાવવાવાળો બીજો આધાર ઉભો થઈ ગયો.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ત્રીજા પક્ષની બાબતમાં પહેલેથીજ કહેવાઇ ગયું છે કે, એ ઇશ્વરને ફોસલાવવા-પટાવવા અને એનાથી પોતાનો સ્વાર્થ સાધી લેવાની વાત વિચારતા હતા. જે બનતી નહોતી. પ્રત્યક્ષ દર્શન કરીને તેની લંગોટી ઉતારવાનું ઇચ્છતા હતા, પણ સર્વ-વ્યાપી શક્તિ તો નિરાકારજ રહી શકે છે એ સાકાર બને કેવી રીતે ? મનુષ્યોની જેમ કોઇ સાથે વાર્તાલાપ કે વ્યવહાર કરે કેવી રીતે ? પરંતુ દંતકથાઓ એમનું સાહસ વધારતી રહી અને આશા માંડીને બેઠા કે ઇશ્વરનાં દર્શન થશે કે એમને પકડી બેસી જઇશું અને પોતાનું કામ કરાવી લેવું ખૂબ સરલ થઇ જશે. પણ એવી વાત બની નહીં, મનોકામના પૂરી થઇ નહીં. ચમત્કારી રિદ્ધિ-સિધ્ધિ પ્રાપ્ત કરીને, લોકોને આશ્ચર્યમાં નાખી તેમની શ્રધ્ધાનું દોહન કરવાનું કામ એટલું જટિલ હતું કે જેને જાદુગર સ્તરના લોકોજ પોતાની ચતુરાઈના બળે પ્રદર્શિત કરતા હતા. આ દિવસોમાં માત્ર એવા બાજીગરજ કહેવાતા સિધ્ધ-પુરૂષોના નામથી પ્રખ્યાત છે. પોલ ખૂલતાં પહેલાંજ પોતાની દુકાન એક જગ્યાએથી ઉઠાવી બીજી જગ્યાએ જમાવી દે છે.

ઉપર જણાવેલા ત્રણે આધાર અધ્યાત્મ પ્રત્યે જનતા જના-ર્દનની એમાંય મૂળયત્વે બુધ્ધિજીવીઓની શ્રધ્ધાને ડગમગાવે છે. એમને આ વાતોથી બચવા બચાવવાને માટે ઉત્તેજીત કરે છે. હવે ફકત પરંપરાવાદિઓ, અંધવિશ્વાસુઓ અને ધર્મભીરૂઓનો એક વર્ગજ એવો બચ્યો છે, જેને આધારે આ ક્ષેત્રનું માળખું મુશ્કેલ ભરી રીતે કોઇક રીતે ઊભું રહ્યું છે. અને જ્યાં ત્યાં ધર્મ સંપ્રદાયના નામ ઉપર અધ્યાત્મની ઉંધી સીધી ગતિવિધિઓ ચાલી રહી છે.

સ્થિતિનું નિરિક્ષણ કરવાથી લાગે છે કે, અધ્યાત્મનો પક્ષ દિન-બ-દિન નબળો પડતો જાય છે. સમજદારી એનો સાથ

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છોડતી જાય છે. અંધવિશ્વાસના આધારે કોઈ પણ આધાર લાંબો સમય ઉભો રહી શકતો નથી. એ આજે નહીં તો કાલે કે પરમ દિવસે થઈજ જશે. રેતીની દિવાલ કયાં સુધી ટકી રહેશે ? જાદુગર લોકો કયાં સુધી પોતાનો ધંધો ચલાવવા માટે ધર્મભીરૂ લોકોનું દોહન કરતા રહેશે ? આખી પરિસ્થિતિને એક દષ્ટિએ નિરખતાં ભવિષ્ય અંધકારમય નજર આવે છે—દેખાય છે.

એક આશાનું કિરણ ક્ષિતિજથાં નવા રૂપે ચમકયું છે. એણે આશ્વાસન આપ્યું છે કે સત્યમાં હજાર હાથનું બળ હોય છે. તે મરતું નથી આખો સંસાર વિરૂધ્ધ પડી જાય તોય તે પોતાના પગ ઉપર એકલું ઊભું રહી શકે છે. ચેતના મિથ્યા ન હોઇ શકે ! જ્યારે જડ પદાર્થોની ઉલટ પલટથી સામર્થ્યના ભંડાર અને સુવિધાના ઢગલા ઉભા કરી શકાય છે તો ચેતનાનું અવલંબન સર્વથા નકામું સિધ્ધ થાય એવું બની શકે નહીં. આત્માનું સમાર્થ્ય એટલું તુચ્છ નથી કે જેને કેટલાક અપરિપકવો અથવા ઉતાવળાઓની ધમાલમાં ભૂલી જવામાં કે તિરસ્કૃત કરવામાં આવે.

અધ્યાત્મના શાશ્વત સિધ્ધાંતોના આધારે પ્રાચીન કાળમાં સાબિત કરાતા હતા. ત્યારે તે તમામ વ્યવસ્થા પોતાની રીતે ક્રમબધ્ધ રૂપે ચાલી રહી હતી. પરંતુ સમયમાં પલટો આવ્યો તો બુધ્ધિવાદ, પ્રત્યક્ષવાદ અને પદાર્થવિજ્ઞાનને વિચારશીલ વર્ગે માન્યતા આપી. આવી સ્થિતિમાં એ જરૂરી હતું કે, શ્રધ્ધાના આધારને પ્રત્યક્ષની કસોટી પર પણ સાચુ સાબિત કરવામાં આવે. સમયની માગણી હતી કે અધ્યાત્મને જો જીવીત અને સમ્માનિત બની રહેવું હોય તો તેણે પ્રત્યક્ષવાદની અગ્નિ પરીક્ષામાં એવી રીતે પસાર થતુ પડશે કે જે રીતે લંકાથી પાછા ફર્યાબાદ સીતાએ પોતાની પવિત્રતા સાબિત કરવા માટે અગ્નિમાં પ્રવેશ કર્યો હતો.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આ દિશામાં છૂટા છવાયાં કથન અને પ્રયાસ તો કેટલાય મંચો પરથી થતા રહયા છે. પણ કોઈ કાર્યક્રમ ન બન્યો કે જેને સર્વાંગપૂર્ણ કહી શકાય. સંત વિનોબાએ અનેક વાર કહ્યું કે અધ્યાત્મ અને વિજ્ઞાનનું એકત્રીકરણ થવું જોઈએ. પણ એ કેમ થાય? કોણ કરે? એની બારીકાઇમાં એ પણ ન જઇ શકયા. જગતના બીજા કેટલાય મનીષી આ જરૂરિયાતની પૂર્તિ માટે કહેતા અને લખતા રહયા છે. પણ એમનું ચિંતન એક ડગલું આગળ વધી એ ને સમજી શકયું કે આ કાર્યની રૂપરેખા શું શું હોઇ શકે છે.

સૃષ્ટાની સંતુલન શકિતએ, સમયની માંગને પૂરી કરવા માટે એક કઠપૂતળી ઉભી કરી છે. અને એનું સૂત્ર સંચાલન કરવાવાળા તાર પોતાના હાથમાં રાખ્યા છે. બ્રહ્મવર્ચસ શોધ સંસ્થાન યુગની આ અગત્યની જરૂરિયાતને પૂરી કરવા માટે જે તત્પરતાથી જોડાઇને એક એક કરીને અનેક ડગલાં સફળતાની દિશામાં તેજીથી ઉઠાવી રહયું છે. એનો સંકલ્પ છે–માન્યતા મેળવેલ પદાર્થ વિજ્ઞાનના સિધ્ધાંતો સાથે તાલમેળ બેસાડીને, અધ્યાત્મના શાશ્વત સિધ્ધાંતોને સાચા સાબિત કરવા સમજાતું હતું કે બન્ને દિશાએ‌ા એકબીજાથી જૂદી છે. એક પ્રત્યક્ષને જ બધુ સમજે છે જયારે બીજું પરોક્ષને. એકને ઇન્દ્રિયો અથવા સાધનો ના આધારે પ્રગટરૂપે પ્રસ્તુત કરી શકાય છે. પરંતુ ચેતના તો સૂક્ષ્મ છે અને એનો પ્રભાવ અનુભૂતિઓ સાથે સંબધીત છે આવી દશામાં પ્રતિકૂળને અનુકૂળ કેવી રીતે બનાવી શકાય? પરંતુ શંકાઓ નિર્મૂળ સાબીત થઈ અને એવી વ્યવસ્થા બની ગઈ. એ રસ્તો મળી ગયો જેને સહારે ભવિષ્યમાં નાસ્તિકોનેજ સર્વ પ્રથમ કટ્ટર આસ્તિક બનાવી શકાશે ભૌતિક વજ્ઞાન તથ્ય પર આધારિત છે જ્યાર

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તથ્ય અધ્યાત્મનો પક્ષ પ્રસ્તુત કરશે તો ઈમાનદારીના સંબંધે એને એ પણ સ્વીકાર કરવું પડશે જેનું એણે પાછલા દિવસોમાં ખંડન કર્યું હતુ. વિજ્ઞાન દુરાગ્રહી નથી. ન્યુટને જે વિચાર્યું અને કહેયું હતું એમાં આજની માન્યતાઓ તેની વિરૂધ્ધની છે છતાં પણ હઠવાદિતાએ કોઈ અડચણ નાખી નહીં. સંપ્રદાયવાદની જેમ એ મંચ પરથી એવું નથી કહેવામાં આવ્યું કે 'હમ સહી' ઔર સબ ગલત' અમારૂં છે, સાચુ છે એ ન કહેતાં બુદ્ધિમત્તા હંમેશાં એમ કહેતી રહી છે કે જે સાચું તે અમારૂં. એ આધારે તે ક્ષેત્રમાં ભૂલ સુધારનો ક્રમ ચાલી રહયો છે અને યથાર્થતાને વધુ આગળ સુધી શોધવાનો પ્રયાસ થતો રહેશે.

બ્રહ્મવર્ચસ શોધસંસ્થાને અધ્યાત્મને વિજ્ઞાનની કસોટી પર સાચું સાબિત કરવા માટે પ્રયોગશાળમાં શોધક અનુસંધાનના માધ્યથી અનેક અવલોકન કર્યાં છે. એને વિતેલા દિવસોમાં "અંખડ-જયોતિ ના માધ્યમથી પ્રગટ કરવામાં આવી રહયાં છે. ગ્રંથમાળા પણ ચાલી રહી છે. શરૂઆતનું કાર્ય થઇ ગયા પછી આગલા દિવસોમાં એથીય વધારે નકકર અને વ્યાપક કાર્ય થવાની આશા વધારે બળવાન બની ગઈ છે.

એ સિવાય એક જરૂરિયાત એ પણ હતી કે સાબિત થયેલ પ્રયોગો વ્યક્તિઓ પર પ્રયુકત કરીને બતાવવામાં આવે. ઓષધિઓની શોધખોળ થાય છે. તો તેમાં નાખેલ રસાયણોની પ્રસંશા કરવા માત્રથી જ માન્યતા મળી જતી નથી પરંતુ પહેલાં નાના જીવો પર, પછી મનુષ્યો પર એના પ્રયોગનો પ્રભાવ સાબિત કરવો પડે છે. ત્યારેજ તે શોધખોળ માન્યતા પ્રાપ્ત કરે છે. સમાધાન થયા પછી જ કોઇક વાતને હૃદયંગમ કરવાની પ્રવૃત્તિ આ દિવસોમાં ચાલી રહી છે. એની ઉપેક્ષા પણ કેવી રીતે કરી કરી શકાય ?

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વ્યક્તિ પર પ્રયોગ કરવાથી એક મોટી મુશ્કેલી એ છે કે આધ્યાત્મના મૂળ અને શરૂઆતના સિધ્ધાંત, જીવનની કાયાકલ્પ સ્તરની શોધખોળ સ્વીકારવા માટે આ ક્ષેત્રના લોકો તૈયાર નથી. માત્ર વિધિ-ઉપચાર જ કરવા ઇચ્છે છે. આત્મપરિષ્કારનો મોર્ચો મુશ્કેલ ભર્યો છે, પછી ઉપલબ્ધિઓનો પ્રયોગ સંકુચિત સ્વાર્થ નિમિત્તે ન કરતાં વિશ્વમાનવન માટે, પરમાર્થને માટે કરવાની શરત એથીય વધારે કઠણ છે. લોકો સરળતા ઇચ્છે છે. લોટરીમાં એક રૂપિયો ખર્ચીને લાખ રૂપિયાનું ઇનામ લેવાની ઇચ્છા રાખે છે.

આ વાતાવરણમાં ઓછા પૈસામાં કિંમતી ચીજ ખરીદવાની લાલચ કેવી રીતે પૂરી થાય? લાકડાની બનેલી તલવારથી વિજય મેળવી કેવી રીતે પાછા અવાય? માત્ર તંત્ર-મંત્ર, પૂજા-પાઠની બાલ રમત જેવી સરળ પ્રક્રિયા કેવી રીતે ફાયદાકારક બને? આ મુશ્કેલીનો પણ માર્ગ કાઢવામાં આવ્યો છે. અને કરોડો-કરોડો જન સમુદાયે અધ્યાત્મની પ્રત્યક્ષવાદિતા સિદ્ધ કરવાની પણ જવાબદારી ઓઢી અને નિભાવે છે. જે કાર્ય હાથમાં લેવામાં આવે તે સમગ્ર અને સાથે પ્રમાણિક હોવાથીજ તેની પ્રતિષ્ઠા અને પ્રસંસા છે.

## અધ્યાત્મથી પુરેપુરા જીવનને ઓતપ્રોત કરો

ઇશ્વરનો સ્વભાવ, સ્વરુપ, અને વિધાનની બાબતમાં લોકોમાં જેટલી ભ્રાન્તીઓ છે, તેનાથીય વધારે સાધકના સ્તર, અને સાધના વિધાન, સમય અને માર્ગદર્શક જેવા સંબંધિત પ્રસંગોમાં પણ છે.

ઉપનિષદોએ નિરાકાર બ્રહ્મનું સ્થાન હૃદય ગુફા અને સ્વરૂપ અંગુઠા જેટલા જ્યોતિવાળા આકારનું લખ્યું છે. આ ધ્યાન અને ભાવનાનો વિષય છે. અંતર્મુખી બનીને ધ્યાનમગ્ન સ્થિતિમાં આ પ્રકારની ભાવના પરિપક્વ કરવામાં આવે તો આત્મસાક્ષાત્કારની

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વિધા શરૂ થાય છે. અંતરંગમાંજ ઇશ્વરનો વાસ છે અને એના ઘરને–શરીરને દેવાલય જેવું પવિત્ર બનાવી રખાય, આત્મ–નિર્ભર રહેવામાં આવે, આત્મપરિષ્કારમાં જોડાઈ જવાય. આ ઇશ્વર દર્શનનો નિરાકાર માર્ગ છે.

સાકાર દર્શન માટેનો આગ્રહ અર્જુન, યશોદા, કૌશલ્યા, અને કાકભુસુન્ડિ વગેરેને હતો. એ દરેકને ભગવાને પોતાનું પ્રત્યક્ષ શરીર વિરાટ વિશ્વના રૂપમાં અનુભવ કરાવ્યું. અને એની સાધના માટે લોકમંગલનાં પરમાર્થ કાર્યોમાં, સત્પ્રવૃત્તિ સંવર્ધનની સેવા સાધનામાં રચ્યા પચ્યા રહેવાના રૂપમાં સમજાવ્યું.

સાધનાત્મક કર્મકાંડોનો ઉદ્દેશ પણ એજ છે કે એ માધ્યમોને અપનાવીને ચેતનાને શ્રેષ્ઠ સમુન્નત બનાવવામાં આવે. ઇશ્વર સ્મરણ નિમિત્તે કરવામાં આવેલા જપ, ધ્યાન વગેરેનો ઉદ્દેશ છે કે, જીવન ધનીને, તેની આકાંક્ષાને, થાપણને ધ્યાનમાં રાખીને જીવન-ચર્યાની ઉદાત્ત યોજના બનાવવામાં આવે. ચંદનના માધ્યમથી વાતાવરણ સુવિકસિત કરવાનું, ચોખાના માધ્યમથી અંશદાનનું, દીપના માધ્યમથી સદ્જ્ઞાનનો આલોક હૃદયંગમ કરાવવાનો અને સુવિકસિત જેવાં કાર્યોની પ્રેરણા ધારણ કરવાનું નિર્ધારણ છે. આ બધી શાલીનતાજ ઇશ્વરની પ્રસન્નતાનું કેન્દ્ર બિંદુ છે.

સાધનામાં શ્રદ્ધા મુખ્ય છે. શ્રદ્ધા અને વિશ્વાસને ભવાની શંકર બતાવતાં રામાયણમાં કહેવામાં આવ્યું છે કે, આ બંન્નેનો પ્રથમ સહારો લેવો પડે છે. એ પછીજ પરમ સિદ્ધિનો આધાર બને છે. મીરાંના ગિરધર ગોપાલ, રામકૃષ્ણ પરમહંસની કાલી એકલવ્યના માટીના બનાવેલ દ્રોણાચાર્ય એની સાબિતિ છે કે, શ્રદ્ધા રાખીને કોઈ પણ માધ્યમ સિદ્ધિ પ્રદાન કરવાનું માધ્યમ છે. પત્થરના રમકડાને એ શ્રદ્ધાના આધારે દેવના રૂપમાં પ્રતિષ્ઠિત

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરવામાં આવે છે. શ્રદ્ધાના અભાવમાં તો તે માત્ર રમકડું જ બનીને રહી જાય છે. આજ વાત મંત્રની બાબતમાં પણ—જો વિશ્વાસ હોય તો મંત્ર. નહીં તો પછી અક્ષરોનું રટણ. દેવતામાં, મંત્રમાં જે સામર્થ્ય પ્રગટ થાય છે તે ઘણું કરીને સાધકની શ્રદ્ધા જ મહાન બનીને પ્રગટ થાય છે. ઇશ્વર આપણી જ પ્રતિચ્છાયા અને પ્રતિધ્વનિ છે. એ ઠીક છે કે ઇશ્વરે મનુષ્યને બનાવ્યો અથવા એ પણ ખોટું નથી કે તેને મનુષ્યની શ્રદ્ધાએજ પોતાના સાંચામાં ઢાળ્યો છે. અન્ય જીવજંતુઓમાં તો કોઈ નેય ઇશ્વરનું ભાન કે અનુભવ થતો નથી.

ધનુષની પણછ કડક અને બરાબર હોવાથીજ તીરનું અંતર અને માર પ્રભાવશાળી બની રહે છે. નહીં તો બિચારા તીરને ખોસવાથીતો માત્ર એક નાનો ખાડોજ થઇ શકે છે. સાધકનું વ્યક્તિત્વજ સાધનાને મજબૂત બનાવે છે. તે હલકું અને છીછરૂ હોય તો શબ્દોના રટણમાત્રથી શું થઇ શકવાનું છે? વાલ્મિકી ઉલટું નામ જપ્યા તોય સિદ્ધ પુરૂષ બની ગયા હતા. અને રામના ઘરમાં વસતી કૈકેયી, મંથરા વગેરેને અપયશ જ મળ્યો હતો. રામથી પણ મોટું રામનું નામ એ ઉક્તિ યથાર્થ જ છે. રાજકુમાર રામ તો પોતાના સંપર્કવાળાએ.નેજ પ્રભાવિત કરતા હતા, પરંતુ રામનામ તો હજુ પણ લોકોને તારે છે. ગાંધીજી જેવાનું ઇષ્ટ બને છે, કારણ કે તેની સાથે શ્રદ્ધા જોડાઇ છે, જે માટીના ઢેફાને પણ પૂજા પ્રયોજનોમાં દેવાધિદેવ ગણેશ બનાવી દે છે.

ગુરૂકૃપા કે, ગુરૂના માર્ગદર્શનની વાતને બધેજ ખૂબ મહત્ત્વ આપવામાં આવે છે. ક્યારેક ક્યારેક તો તેને ગોવિંદ કરતાંય શ્રેષ્ઠ બતાવવામાં આવે છે. એની શોધખોળમાં બહુ લોકો રહે છે અને એવો લાગ જોઇ રહે છે કે કોઈ સિદ્ધ પુરૂષ મળે તો અમને

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પાર ઉતારે. પરંતું તેઓ એ ભૂલી જાય છે કે નદીની સપાટી ઉપર લાકડાનીજ નાવ ચાલે છે. પત્થરના ટુકડા તો તેમાં મૂકતાંજ ડૂબી જાય છે. યાદ રહેવું જોઇએ કે, આ દુનિયામાં સુયોગ્ય, દાતાઓની અછત નથી, તે તરસ્યા બનીને ફરે છે, કે કોઈક સત્પાત્ર મળે અને તેઓ કોને પોતાની પરંપરા સોંપીને દેવઋણથી મુક્ત બને. પરંતુ સત્પાત્ર ન મળવાને કારણે કોણ દુરૂપયોગને માટે પોતાની મહેનતની કમાણી કુપાત્રના હાથમાં સાંપે ? એવી કૃપાથી તો તેનામાં અહંકાર અને વિનાશનું કાર્યજ વધશે. રાવણ, કુંભકર્ણ, મારીચ, હિરણ્યકશિપુ, વૃત્તાસુર, ભસ્માસુર, મહિસાસુર વગેરે રાક્ષસો કઠણ તપશ્ચર્યા કરીને મોટાં વરદાન પ્રાપ્ત કરવાને સફળ થઈ ગયા. પરંતુ એ ઉપલબ્ધિથી એમનું કશુંજ બન્યું નહીં, નુકસાનજ થયું છે.

કન્યાના પિતા પોતાની સુયોગ્ય લાડકી બેટી ઉંમરલાયક થઇ જાય ત્યારે તેને સુયોગ્ય છોકરો શોધવા દૂર દૂર સુધી જાય છે. એવું પાત્ર મળે ત્યારે તે પોતાના ભાગ્યને વખાણે છે. પરંતુ જો કોઈ કુપાત્ર છોકરીના પિતાને પ્રાર્થના કરે કે એ છોકરીને મને આપી દો તો તે તેનો તિરસ્કાર કરશેજ. સિદ્ધ પુરૂષ એટલા બધા મૂર્ખ હોતા નથી કે, કોઇ સ્વાર્થી અને છીછરા આદમીની વસ્તુ. સ્થિતિ પારખી ન શકે. અને એમજ પોતાની મહેનતની કમાણી એવી તપ–સાધનાને માત્ર ચમચાવેડાના બદલામાંજ લૂંટાવી દે !

આત્માની પ્રગતિ ક્રમિક ગતિથી થાય છે. એમાં સમય લાગે છે અને ધીરજ રાખવી પડે છે. ચોર્યાસી લાખ યોનિયોના કુસંસ્કારોનું પરિશોધન કરવા માટે કેટલાક જન્મો થાય તો તેમાં ઉતાવળા થવું જોઈએ નહીં. પાણીના પરપોટાની જેમ ફૂલવું અને ઝાકળની જેમ બેસી જવું જેવી કહેવત ચરિતાર્થ ન કરવી

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જોઈએ. શિવજીએ હજાર વર્ષની સમાધિ લીધી હોવા છતાંય પાર્વતીએ પોતાનો નિશ્ચય બદલ્યો નહોતો. પરીક્ષા લેનાર સાતે ઋષિઓને એકજ ઉત્તર આપ્યો હતો—"કોટિ જનમ લગી રગર હમારી ! વરઉં શંભુ ન ત, રહઉં કુમારી" ધૈર્ય, સંકલ્પ અને અને સાહસજ સાધકની સંપત્તિ છે. જેની પાસે એ છે એને માટે વહેલા કે મોડા પણ લક્ષ્ય પ્રાપ્ત થવાનું સુનિશ્ચિત છે. ઉતાવળાજ અધિરા હોય છે, નિરાશા વ્યક્ત કરે છે અને સ્વીકારેલો માર્ગ છોડી દે છે. આ બધાં તથ્યોને હૃદયંગમ કરી લેવાં દરેક સાચા સાધક માટે જરૂરી છે.

દેવીશક્તિઓ અને સિદ્ધિઓ મળે તો છે, પણ એમની સાથે એક શરત જોડાએલી હોય છે કે એનો ઉપયોગ લોભ, મોહ અથવા અહંકારની પૂર્તિને માટે કરવામાં ન આવે પરંતુ એનો પુરેપુરો ઉપયોગ માત્ર પરમાર્થને માટે, સતપ્રવૃત્તિ સંવર્ધન માટે જ કરવામાં આવે. તૃષ્ણા, લિપ્સાની પૂર્તિ માટે જો કંઈક જરૂર છે તો તે પોતાની મહેનત, બુદ્ધિબળ અથવા કૌશલ્ય વડે કમાઈ લેવું જોઈએ. સંતોનું તપ અથવા દેવતાઓની કૃપા એને માટે સુરક્ષિત રાખવી જોઈએ કે જેઓ વિશ્વ બગીચાને સીંચીને સમુન્નત કરવામાં સંલગ્ન હોય. એમનો હક્ક એવા લોકો કેમ ઝૂંટવે કે જે પોતાનીજ સગવડ, સંપન્નતાને માટે ભક્ત કે શિષ્યનો ઢોંગ બનાવીને હાથ કરી લેવા માગે છે. સાધકનું સ્વરૂપ છે જીવનની સર્વતોમુખી ઉત્કૃષ્ટતા, એનાજ સ્વરૂપમાં પોતાના વ્યક્તિત્વને અનુકરણીય, અભિનંદનીય અને પ્રેરણાપ્રદ બનાવવું અને વિશ્વવાટિકાને સમુન્નત બનાવવામાં પોતાની મહેનત, સમય તથા સાધનોને ઉદારતાપૂર્વક સમર્પણ કરવાં. જે આ રાજમાર્ગ પર ચાલે છે, તેમને હાથો હાથ તેનો બદલો મળે છે—આત્મસંતોષ,

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

લોક સન્માન અને સહયોગની સાથેજ દૈવી અનુગ્રહની અદૃશ્ય લોકથી અનુદાન વર્ષા. આટલું મેળવીને કોઈ પણ વ્યક્તિ ધન્ય બની શકે છે. સંગ્રહખોર, વિલાસી અને અહંકારી તો એક પ્રકારના ઉન્માદી–ગાંડા–લોકો હોય છે. એમની ખૂમારી વધારવા અને દુર્ગતિ કરાવવા માટે ઉચ્ચસ્તરીય શકિતઓ પોતાનાં અનુદાનોને વરદાનના રૂપમાં આપતી નથી. પડતાના ગળામાં પત્થર બાંધવાની કૃપા કોઈ શા માટે કરે ? કે જેનાથી એનું પતન વધારે સુનિશ્ચિત બની જાય.

આ છે તે મુખ્ય સિદ્ધાંત, જેને અધ્યાત્મસાધના ક્ષેત્રમાં પ્રવેશતી દરેક વ્યકિતએ કંઈક નિર્ણય કરતાં પહેલાં જ સમજી લેવા જોઈએ.

અધ્યાત્મ પ્રવૃત્તિઓ અપનાવવાથી સંસારને ભવબંધન, માયા, મિથ્યા બતાવવા જેવાં દોષા–રોપણની જરૂરિયાત નથી કે નથી ભિક્ષા માટે જ્યાં ત્યાં ભટકવાની જરૂર. આપણા યુગના આદર્શ સંતોમાં ગાંધીજી, વિનોબાની નીતિ સર્વોપરી છે. સામાન્ય પહેરવેશમાં રહીને સાદુ જીવન ઉચ્ચવિચારની નીતિ પાળવામાં આવે એટલું જ પૂરતુ છે. મનને લોભ, મોહ, અહંકારની કુત્સાઓમાં ભટકવા દેવામાં ન આવે તો નાના કુટુંબની જવાબદારીઓનો નિભાવ કંઈ જ મુશ્કેલ પડતો નથી. પરિજનોને સ્વાવલંબી, સુસંસ્કારી બનાવવામાં આવે તો એમના માટે વારસામાં વિપુલ સંપત્તિ છોડીને મરવાની કંઈજ જરૂરી નથી. મેળ એવો બેસાડવો જોઈએ કે અડધું આયુષ્ય કૌટુંબિક આજીવિકા સંબંધી કાર્યોમાં લગાડવામાં આવે અને બાકીની અડધી જીંદગી–આયુષ્ય વાનપ્રસ્થ સ્તરનાં પરમાર્થ કાર્યોમાં લગાડવા સુરક્ષિત રાખવામાં આવે. આજની પરિસ્થિતીઓમાં અને સર્વોપરી મહત્વ તથા પ્રાથમિકતા

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આપવા યોગ્ય એક જ પરમાર્થ છે—જનમાનસનો સુધાર, એને માટે જનસંપર્ક સાધવામાં આવે અને ઘેર ઘેર અલખ જગાવવામાં આવે.

દરેક અધ્યાત્મપ્રેમીએ પોતાના જીવનનું સ્વરૂપ બ્રાહ્મણ, સાધુ જેવું બનાવવું જોઈએ. આવી જ પરંપરાઓ જીવીત રહેવાને કારણે વ્યકિતત્વવાન લોકસેવિઓનો મોટો સમુદાય ઉત્પન્ન થતો રહેતો હતો. અને—એના દ્વારા દેશની જ નહીં, આખા સંસારની ભાવનાત્મક સંરચાના બનતી હતી. આવી સેવા સાધનાઓના ફળ સ્વરૂપ ભારત જગતગુરૂ બન્યું હતું, અને એનાં અજસ્ત્ર અનુદાનોને વિશ્વના દરેક ક્ષેત્રમાં ભારોભાર વખાણવામાં આવ્યાં હતાં. દેવ માનવોની ઉત્પત્તિ સાધુ—બ્રાહ્મણ પરંપરા દ્વારા જ સંભવ બની હતી. આ ખાણુમાંથી કિંમતી નરરત્નો નિકળતાં રહ્યાં હતાં. આજે બ્રાહ્મણવંશ અને સાધુવેશ જ જીવતા રહી ગયા છે. એની એ વિશિષ્ઠતાઓ અને વરિષ્ઠતાઓ એક પ્રકારે નષ્ટ થઈ જ ગઇ છે. એને કારણે ફકત દેશ જ નહીં પરંતુ આખું વિશ્વ ચિંતન અને ચરિત્રની દૃષ્ટિએ નકામું બની ગયું છે. વાતાવરણમાં દુષ્પ્રવૃત્તિઓ ભળી તો અનેકાનેક મુશ્કેલીઓ ઉત્પન્ન થઈ અને વિપત્તિઓ તૂટી પડી. એને સંભાળવા માટે ફરીથી સતયુગ આવવાની આવશ્યકતા છે. આ કાર્ય સાધુ-બ્રાહ્મણોની નવી પેઢી નવેસરથી તૈયાર કરવાથી—સિદ્ધ થશે. એની પૂર્તિ યુગ અધ્યાત્મને જ કરવાની છે, એનો શુભારંભ દરેક ભાવનાશીલ—અધ્યાત્મવાદીએ પોતાનાથી જ કરવો પડશે.

જીવનને અધ્યાત્મમય બનાવવા માટે પૂર્વાઈ જીવન બ્રાહ્મણના રૂપમાં અને ઉત્તરાર્ધ સાધુના રૂપમાં વ્યતીત કરવું જોઈએ. ઘરના સંજોગો સ્થિતિ સારી ન હોવાને કારણે રોજ કુવો ખોદીને

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રોજ પાણી પીવા જેવી સ્થિતિ બની શકે છે.

તો સાત કલાક સુવા માટે, પાંચ કલાક નિત્યકર્મ જેવાં કે બજારમાંથી ખરીદી વગેરે કામો માટે, અને આઠ કલાક કમાવા માટે જો યોજનાબદ્ધ રૂપથી ગોઠવી દેવામાં આવે તો વીશ કલાકમાં સ્વાર્થ પ્રયોજન પૂરાં થઇ શકે છે, અને ચાર કલાક પરમાર્થ હેતુ માટે બચી શકે છે. એમાંથીય એક કલાક દરરોજ પ્રજ્ઞાયોગની સાધના માટે અને બચેલા ત્રણ કલાક લોકસંપર્ક મારફતે લોકમાનસના સુધાર નિમિત્તે વાપરી શકાય છે. આ રીતે જીવનનો પૂર્વાર્ધ પણ બ્રાહ્મણ સ્તરનો બની શકે છે. ઉત્તરાર્ધનો સાધુ–પરંપરાને અનુરૂપ, પૂરેપૂરો સમય લોકમંગલને માટે કાઢવો જોઈએ. આનેજ વાનપ્રસ્થ ધારણ કહેવાય છે. કંઈક બચત હોય તો એને બેંકમાં જમા કરીને તેના વ્યાજમાંથી પોતાનું ગુજરાન ચલાવી લેવામાં આવે અથવા પ્રજ્ઞા મિશનના માધ્યમથી પોતાના નિર્વાહનો પ્રબંધ કરવામાં આવે. ઘેર ઘેર જઈને ભિક્ષા માગવાની રીત કયારેક યોગ્ય ગણાતી હશે, પણ આજે તો તેમાં અપમાન અને કુધાન્ય એમ બન્ને સંભાવનાઓ જોડાઈ ગઈ છે. એટલે નિર્વાહની દૃષ્ટિએ નિશ્ચિંત બનીને અધ્યાત્મ જીવન વ્યતીત કરવાની યોજના બનાવવી જોઈએ. આ કાર્ય ફકત છૂટી છવાઇ પૂજા વગેરેથી સંપન્ન થઇ શકતું નથી.

અધ્યાત્મ તત્વજ્ઞાન અને વિધિ–વિધાનની કાયમી રૂપરેખાનું સ્વરૂપ સ્પષ્ટ થઈ ગયા પછી, પેલી ભ્રાન્તીઓનું નિરાકરણ થઈ જવું જોઈએ કે જે આજે આ ક્ષેત્રને અંધકારમય બનાવી રહી છે. એનું કોઈ સારૂ પરિણામ આવી રહ્યું નથી. માત્ર વિડંબના-ઓજ ચાલી રહી છે. આંધળું અનુકરણ થઇ રહ્યું છે. ધૂણી ધખાવવી એ વનવાસી અધ્યાત્મ પ્રયોજનોને માટે એટલા માટે

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જરૂરી હતું કે એ ઠંડા એવા હિમાલય ક્ષેત્રમાં રહેતા હતા. જ્યાં વસ્રોનું, ભોજનનું અને હિંસક પશુઓને ભગાડવાનું પ્રયોજન પૂરું થતું હતું. જંગલોમાં ઢગલાબંધ સૂકાં લાકડાં નકામાં પડયાં રહેતાં હતાં. એને ઉપયોગમાં લેવાથી વન-પ્રદેશની સફાઇ થતી રહેતી હતી. પણ આજે તો સ્થિતિ જ વિપરીત છે. લાકડાં કેટલાં મોંઘાં છે. વૃક્ષો કપાવાથી ઉભી થયેલી મુશ્કેલીઓથી બધા જ પરિચિત છે. જે સાધુ સામાન્ય તાપમાન ધરાવતાં ક્ષેત્રોમાં રહે છે, વસ્ત્રો પણ પહેરે છે, હિંસક પશુઓનો પણ ભય નથી, પછી ધૂણી કેમ ધખાવવામાં આવે અને એને માટે આટલી બધી મોટી રકમ શા માટે ગુમાવવામાં આવે ?

વૈજ્ઞાનિક શોધખોળ કરનારાઓ માટે એકાંતમાં રહેવું જરૂરી હોય છે જેથી વિક્ષેપ પડે નહીં. પ્રાચીન કાળમાં જે અધ્યાત્મ ક્ષેત્રના મૂર્ધન્ય શોધખોળની અંદર સંલગ્ન રહેતા હતા, એમને પોતાની શરીર રૂપીપ્રયોગ શાળામાં અનેક પ્રકારનાં પ્રયોગ, શોધખોળ વગેરે કરવાનાં હતા, આ કાર્યને માટે હિમાલય જેવાં ક્ષેત્રોમાં મકાન બનાવવા કરતાં પ્રકૃત્તિથી ઉત્પન્ન થયેલી ગુફાઓ ઉપયોગી થઈ પડતી હતી. એમાં જ રહીને તેઓ પોતાનું કાર્ય સુવિધાપૂર્વક ચલાવી લેતા હતા. ઉપલાબ્ધીઓનો લાભ જનસાધારણ સુધી પહોંચાડવાની ઈચ્છા થતી ત્યારે પ્રવાસ પર, તીર્થયાત્રા પર નીકળી પડતા હતા. આ રીતે એમની કાર્ય પ્રધ્ધતિનું નિશ્ચિત રૂપ ચાલતું રહેતું. પણ આજ તો એની આંધળી નકલ જ થાય છે. લોકો શહેરોની વચ્ચે મકાનો બાંધીને ગુફાનું નામ આપે છે અને એમાં પડયા પડયા દિવસો પસાર કરે છે.

શરીર પર ભસ્મ લગાડવાનો રિવાજ એટલા માટે હતો કે એ લગાડવાથી એક પ્રકારનું પડ શરીર પર બંધાય છે અને તેથી

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ઠંડી કે ગરમીનો પ્રકોપ શરીરને ત્રાસ આપતો નથી. પરંતુ જેની પાસે ઢગલો કપડાં હાજર છે એ શા માટે એવી જાતનો ઢોંગ રચે ? વાળ કપાવવાની સગવડ ન હોવાને કારણે લાંબા વાળ રાખવામાં આવતા હતા પરંતુ એની નકલ કરવા માટે નકલી વાળ જટાઓ ખરીદી તેને પીનને આધારે મસ્તકના વાળ ઉપર શા માટે ગોઠવીને ફરવામાં આવે ? શા માટે લોકને વાસ્તવિકતા રહીત ભ્રમમાં નાખવામાં આવે છે ?

વનવાસીઓ માટે દૂધીનાં અથવા નારિયેળના કમંડળ હાથથી બનાવીને તેનાથી વાસણ તરીકેનું કામ ચલાવવામાં આવતું હતું. પણ આજે જ્યારે ધાતુઓનાં વાસણો બનવા માંડયાં છે તો સ્વચ્છતા અને સુવિધાની દષ્ટિએ એનો જ ઉપયોગ કરવો જોઈએ. ચપિયો, ત્રિશુળ, ફરસી એ દિવસોની એ ક્ષેત્રોની જરૂરિયાતની મુજબનાં સાધનો રહ્યાં હશે. એનાથી દૈનક જરૂરિયાતોની પૂર્તિ થઇ જતી હશે પણ આજે તો એનો કોઈ હેતુ રહયો નથી, પછી નાટકોનો વેષ બદલીને શું ના શું થઇ જવાની નટોની કાર્યપ્રધ્ધતિ શા માંટે અપનાવવાનાં આવે ?

તીર્થયાત્રાનું પ્રયોજય ધર્મ પ્રચારની પદયાત્રા સાથે હતું. પરંતુ કાર્ય પ્રણાલીનો ત્યાગ કરી દેવામાં આવ્યો તો વગર ટિકિટે યાત્રાની ચોરી કરતાં કરતાં ગમે તે પ્રકારે પુણ્ય પ્રાપ્ત કરવા માટે દેવાલય જળાશય જોતા રહેવામાં શા માટે સમયનો બગાડ કરવામાં આવે?

અધ્યાત્મકનો વેષ-પરિધાન અથવા ઢોંગ ધારણ કરવાની નકલ બનાવવાની જરૂર નથી પ્રાચીન કાળના આદર્શો અને ક્રિયા કલાપોને જ જ્યારે ભૂલવામાં અને ઉપેક્ષિત કરવામાં

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આવ્યા છે તો એવા પ્રકારની વેષ પરિધાનની લીલા રચવાથી શું લાભ? દુકાનમાં જે માલ જ નથી તેના વેચાણ માટેનું સાઇન બોર્ડ શા માટે લગાડવું જોઈએ? આપણે અધ્યાત્મ તત્વ-વિજ્ઞાનનો હાસ્યાસ્પદ આડંભર નથી બનાવવો, પરંતુ એ મહાન પરંપરાને નવી રીતથી ફરી પૂનર્જીવિત કરવી છે.

સ્વર્ગમુક્તિ, સિધ્ધિ પ્રતિષ્ઠા મેળવવાનુ લક્ષ્ય લઈને જે ચાલે છે, એણે પોતાના અંગત સ્વાર્થની પૂર્તિને માટે સ્વપુરુષાર્થથી પોતાની રોજી રોટી ચલાવવી જોઇએ. સાર્વજનિક ધન પર આજીવિકા ચલાવવાનો અધિકાર એને જ છે કે જેણે લોક મંગલને માટે પોતાનું જીવન સમર્પિત કરેલું હોય જેને લૌકિક અથવા પરલૌકિક સ્વાર્થ સાધન કરવાં છે, તેને માટે ભિક્ષા નિર્વાહનો કે સાર્વજનિક ધનના ઉપયોગની કોઇ વાત બંધ બેસતી નથી.

# વર્તમાન અને ભવિષ્યનો ક્રિયા કલાપ

સિધ્ધાંતો અને પ્રયોગોનું સ્વરૂપ અગર બરાબર હોય તો ચોક્કસ એનાં પરિણામ પણ ઉત્સાહવર્ધક હોવાં જોઇએ. શાસ્ત્ર-કારોએ માત્ર અતિશયોક્તિ ભરેલું નથી લખ્યું. આપ્ત પુરૂષોએ પોતાના અનુભવનો સાર જે રૂપે પ્રસ્તુત કર્યો છે, એમાં છેતરપીંડી કે બહેકાવ ન હોઇ શકે. શરત એકજ છે કે તથ્યોને સમજવામાં આવે અને પ્રયોગોને તે પ્રમાણે સંપન્ન કરવામાં આવે. આ કેન્દ્રબિંદુની ઊપેક્ષા કરવાથી એનું પરિણામ તે પ્રમાણે ન મળે તો દોષ નિર્ધારણોનો નહીં પણ આપણી ભ્રાન્તિઓ અને ત્રુટિ-ઓને આપવો જોઇએ.

માત્ર સિધ્ધાંતોને સમજી લેવાથીજ સમાધાન થઇ જતું

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નથી. લોકો પ્રત્યક્ષ પ્રયોગ અને એનું પરિણામ જોયા વિના સંતોષ પામતા નથી, અને એ રસ્તાને અપનાવવાનું સાહસ કરતા નથી. અહીં એક ઉદાહરણ પ્રસ્તુત કરવાની જરૂર પડી, એના વિના કામ ચાલી શકે તેમ નથી. એમાં પણ એક વાત એવી જોડાય છે કે જેવાં ઉદાહરણ સામે હોય, જેના સંબંધમાં કહેવાએલી વાતોની તપાસ થઇ શકે, નહીંતો, દંતકથાઓ અને અતિશયોક્તિએ તો અનેક સ્વર્ગવાસી લોકોના જીવનક્રમમાં એમના નોકરોએ જોડી રાખી છે. એને સાંભળવાથી પણ વાત બનતી નથી, કેમકે એ જાણવું મુશ્કેલ છે કે, અમુક સંતની સિધ્ધિઓ સાથે જેટલી ચમત્કારિક વાતો જોડાએલીં છે, તેમાંથી કેટલો અંશ વાસ્તવિકતાનો છે, અને કેટલો ભેળસેળનો ? આ મુઝવણને દૂર કરવા માટે એક જીવિત વ્યક્તિનું એવું ઉદાહરણ રજું કરવું પડે છે કે, જેની સાથે જોડાએલી અસાધારણ ઘટનાઓની કોઇ પણ વ્યકિત તપાસ કરીને પોતાનું સમાધાન મેળવી શકે છે, અને એ પરિણામે નિષ્કર્ષ પર પહોંચી શકે અધ્યાત્મ વિશુધ્ધ વિજ્ઞાન છે, અને તેના પરિણામો ભૌતિક વિજ્ઞાનના ફાયદા કરતાં કોઈ પ્રકારે ઓછા નથી.

આ સંદર્ભમાં પ્રજ્ઞાઅભિયાનના સૂત્ર સંચાલક શ્રી રામ શર્મા આચાર્યજીને ઉદાહરણના રૂપમાં રજુ કરવા વધુ યોગ્ય જણાશે. એમના ૭૫ વર્ષના જીવનક્રમને એક રીતે ૭૫ પાનાંના એક એવા પુસ્તકના રૂપે વાંચી અને સમજી શકાય છે કે જેના પ્રત્યેક પાન ઉપર અધ્યાત્મ વિજ્ઞાન અને તેના પ્રતિફળનું સ્વરૂપ દૃશ્યમાન છે. એમનો અપનાવેલો રાજમાર્ગ બીજાઓને માટે પણ અનુકરણીય થઈ શકે છે. જેના ઉપર ચાલતાં પ્રત્યક્ષ અને પરોક્ષની ઉપલબ્ધિઓને હસ્તગત કરી શકે અને લક્ષ્ય સુધી પહોંચી શકે.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રસંગોમાંથી એટલો જ ઉલ્લેખ પર્યાપ્ત હોવો જોઈએ, જેનાથી તથ્ય, સિદ્ધાંત અને પ્રયોગ પર જરૂરી પ્રકાશ પડી શકે.

ઘટના—પ્રસંગક્રમ ગુરૂદેવની ૧૫ વર્ષની ઉંમરથી શરૂ થાય છે. જે દિવસે તેમને એક દિવ્ય આત્માનો ઘેર બેઠાં જ સૂક્ષ્મ શરીરથી સાક્ષાત્કાર થયો. એમણે પ્રકાશપુંજની મધ્યમાં પોતાના શરીરનું દર્શન આપ્યું આ રીતની અદ્ભૂત ઝાંખીથી એક બાળક ડરી જાય એ સ્વાભાવિક હતું. વાર્તાલાપ શરૂ થયો સૂક્ષ્મ શરીરથી પ્રગટ થયેલા દિવ્ય પુરૂષે કહ્યું,—"હું તારા આ જન્મને યોગ્ય માર્ગ પર ચલાવવાનું માર્ગદર્શન આપવા માટે આવ્યો છું. અનેક જન્મોમાં પણ તારી સાથે રહ્યો છું. આ લાંબા સમયમાં પાત્રતા એટલી બધી પરિપક્વ થઇ ગઇ છે, કે તારે પ્રકાશ શોધવા ક્યાંય જવું ન પડ્યું, પરંતુ પ્રકાશ જાતે જ ચાલીને માર્ગદર્શન માટે આવી ગયો."

માત્ર એકલા કથન પર વિશ્વાસ કરવાની પરંપરા હાલ રહી નથી, સાંભળનાર ભ્રમગ્રસ્ત બની શકે છે. પરંતુ સાંભળનારાઓમાં પણ એવાની અછત નથી જે ભુલાવામાં નાખીને છેતરપીંડી આદરે છે. આ રૂપમાં કોઇ ભૂત-પ્રેત કે પોતાનો બુદ્ધિભ્રમ પણ હોઇ શકે છે. આવી શંકા અને મુઝવણ મનમાં ઉભી પણ થઇ રહી હતી.

દિવ્ય પુરુષે બાળકના મનને જાણી લીધું અને એવું કર્યું કે જેનાથી અનુભૂતિ અંદરને અંદર જ પેદા થાય. આંખો બંધ કરવા માટે કહેવામાં આવ્યું. અને પાછલા જન્મોની સ્થિતિનો દર્શનક્રમ શરૂ થઇ ગયો. ઘણું કરીને પાછલા ૭૦૦ વર્ષની ઘટનાઓનો ક્રમ દેખાડતા ગયા. બધા જ જન્મ અધ્યાત્મ સિદ્ધાંતોને કાર્યાન્વિત કરતાં કરતાં પોતાની પાત્રતા અગ્રસર કરવાની દિશામાં

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એક એક ડગલું આગળ વધતા હતા. આ સમયમાં ખાસ કરીને દશ જીવનોની હારમાળા હતી. જેમાંથી ત્રણ વિશેષ મહત્વપૂર્ણ છે. કબીર, સમર્થ રામદાસ, અને રામકૃષ્ણ પરમહંસ. બધા જન્મોની ઘટનાઓ એકજ માર્ગ પર ચાલવાની હતી. સમયની જરૂરિયાતને અનુરૂપ કાર્યક્રમો તો બદલાતા રહ્યા, પણ દિશા એક રહી અને પ્રકાશભર્યા માર્ગદર્શનનું કેન્દ્રબિંદુ પણ એનો પ્રત્યક્ષ અને યથાર્થ હોવો જેવા પ્રભાવ ઉત્પન્ન થયો. આત્મબોધ પેદા થયો અને આ જન્મનો ઉપયોગ કેવા પ્રકારે કરવો ? એ જિજ્ઞાસા ઉત્પન્ન થઇ. મનની વૃત્તી જાણવા-વાળાને કંઈ કહેવું ન પડયું. એમણે પોતાની જાતેજ એ કહેવાનું શરૂ કરી દીધું. જન્મથી માંડી મરણ સુધીની તમામ યોજના બતાવી દીધી. અને જરૂરી ક્ષમતા પ્રાપ્ત કરવા ૨૪ વર્ષોમાં ૨૪ લાખનાં ૨૪ ગાયત્રી પુરશ્ચરણ પૂરાં કરી લેવા માટે કહ્યું. જ્યારે પણ કરવામાં આવે ત્યારે જવની રોટલી અને માત્ર છાશનો જ આહાર ગ્રહણ કરવાનો નિર્દેશ થયો. પરિશોધન અને સંકલ્પની પ્રખરતાને માટે એ જરૂરી બતાવવામાં આવ્યું. વધુમાં એ દિવસોમાં ચાલી રહેલ સ્વતંત્રતા સંગ્રામમાં ભાગ લેવાની સાથે વચમાં વચમાં આ ક્રમને ચલાવવાનો ઉદ્દેશ પણ પૂરો કરતા રહેવાનો સમન્વિત કાર્યક્રમ નક્કી થયો.

આ તપશ્ચર્યાનો પરોક્ષ પક્ષ થયો. એના સિવાય જીવનની પ્રત્યક્ષ રૂપરેખાની બાબતમાં સમજાવવામાં આવ્યું કે તે ઉપાસના સાધના અને આરાધનાની સાથે ગુંથાએલું હોવું જોઈએ. આજીવિકાની જરૂરિયાત પૂર્વજન્મોની એકઠી થયેલી સંપત્તિથી આ જન્મમાં પૂરી થઈ ગઇ. ભૂતકાળમાં કરેલું દાન-ધર્મ આ જન્મમાં પૈતૃક-સંપત્તિ રૂપમાં પ્રાપ્ત થઈ ગયું. એટલાં માટે ધન પ્રાપ્ત

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરવામાં કોઇ પણ પ્રયાસ કરવો પડ્યો નહીં. જીવનચર્યાનેએ જ આધાર પર નક્કી કરી દીધી, જેમાં ઉપાસના, સાધના અને આરાધનાનાં ત્રણેય પ્રયોજનો સાથે સાથે નિભાતાં રહે.

ઉપાસના અર્થાત ઇશ્વરની નજીક બેસવું એના નિમિત્તે પોતાના પૂરેપૂરા સમર્પણની મનોભૂમિ બનાવવી. ગાયત્રીને મહાપ્રજ્ઞાને પરમેશ્વરનું પ્રતિક માનીને તેની સાથે પોતાને એકાકાર કરવાનો ભાવનાત્મક પ્રયત્ન ચાલ્યો. નદીનાળાની જેમ, આગ અને ઇંધણની જેમ, સમુદ્રનાં જળ-બિંદુની જેમ, પતિ-પત્નીની જેમ આ આત્મ-સમર્પણ, એકીકરણ, અદ્વૈત ચાલતું રહ્યું. કીડા અને ભમરાની ગતિ બની ગઇ. સ્થિતિ એકાકાર જેવી થઇ ગઇ.

બીજો પ્રયાસ હતો-સાધના "સાધના" કોની ? પોતાની જાતની. અણુગઢને સંસ્કારી બનાવવાની માળીની કાપકૂપ, ધોબીની ધોલાઇ, મદારીની પશુઓને કલાકાર બનાવવાની આવડત યાદ આવતી રહી. પોતાની જાત સાથે કડકાઇ અને બીજાની સાથે નમ્રતા રાખવાની નીતિ સ્વીકારવામાં આવી. લોભ, મોહ અને અહંકારના મહિષાસુર વૃત્તાસુર સાથે ઝઝુમવાની રણનીતિ એ રીતે બનાવવામાં આવી કે એમાંથી કોઇ હાવી ન બની જાય. સાથે સાથે જ્ઞાન સંપત્તિ વધારવાનો પ્રયાસ પણ જોડાયો. ઢાલ અને તલવાર બંનેનો અભિવર્ધન અને નિષ્કાસનમાં પ્રયોગ થતો રહ્યો. આજીવન સાધના આજ રીતે સધાતી રહી.

વ્યાવહારિક અધ્યાત્મનું ત્રીજું ચરણ—"આરાધના". આરાધના અર્થાત ઉદારતા, સેવા, સંલગ્નતા, પરમાર્થ પરાયણતા, લોકમંગલ પોતાની મહેનત, સમય, પ્રભાવ, કૌશલ્ય અને સાધના આજ નિમિત્તે ઉપયોગમાં લેવાતાં રહ્યાં.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પરમાર્થનાં બે સ્વરૂપ છે—એક પડેલાને બેઠો કરવો, પછાતો ને આગળ લાવવા, દુઃખિયાંની પીડા પર મલમ લગાડવો. તાત્કાલીક મદદના રૂપમાં જે કંઈ બની શકે એમાં નિષ્ઠુરતાનો પ્રવેશ થવા દેવો નહી. કરૂણા અને ઉદારતાને ચરિતાર્થ કરવાનો કોઈ પણ પ્રસંગ ચૂકી ન જવો. આરાધનાનો બીજો પક્ષ છે—સત્પ્રવૃત્તિ સંવર્ધન અને દુષ્પ્રવૃત્તિ ઉન્મૂલન. એકને માટે રચનાત્મક ક્રિયા-કલાપ અપનાવવા પડે છે અને બીજાને માટે સંઘર્ષરત રહેવું પડે છે. સુધાર અને ઉત્કર્ષ બંનેનો સમન્વય છે. આ સમન્વયનું નામ યુગનિર્માણ અને પ્રજ્ઞા અભિયાન આપવામાં આવ્યું. આત્મશોધનની જેમ જ આ પ્રયોજનો ને કાર્યાન્વિત કરવાની ઉભય પક્ષીય સક્રિયતા અધિકને અધિક પ્રબળ અને પ્રખર થતી રહી.

અધ્યાત્મિક જીવન આજ સાંચામાં ઢળતાં રહ્યાં છે. આમાં આત્મશોધનનું તપ અને સદ્ઉદ્દેશ્યોનો સાથ જોડાવાના યોગનો સમન્વય થઈ જાય છે. સિદ્ધાંતની દૃષ્ટિએ ગુરૂદેવની જીવનચર્યાનો શરૂથી આજ સુધીનો પ્રવાહ આજ દિશાધારામાં વહેતો રહ્યો છે. એમણે સ્વાધ્યાય, સત્સંગ, ચિંતન અને મનનનો હંમેશાં પ્રયોગ કર્યો. પરિણામે એવી સમજ ઉત્પન્ન થતી રહી, જેના આધારે સામયિક ક્રિયાકલાપોનો શુભારંભ કરવાથી માંડી, સાધન ભેગાં કરવાં, સહયોગ પ્રાપ્ત કરવાથી લઈને પ્રયત્નને પૂર્ણતા સુધી પહોંચાડવા માટે જે સંભવિત હતું, કરતા રહેવામાં આવ્યું. યોગ્ય અને પૂરતી સતર્કતા, જાગરૂકતા અને સુવ્યવસ્થાને રાખવાથી, ભાગ્યે જ કોઇ કાર્યોની અંદર અસફળતા મળે છે. એમને મળી પણ નથી. જે કામમાં હાથ નાંખ્યો, તે પ્રગતિની ચરમ સીમાએ પહોંચી ગયું, વચ્ચે વિઘ્નો ન આવ્યાં હોય એવું નથી. ધર્મને વધતો જોઈ અધર્મ તડપે છે, અને આક્રમણ કરવા, ચોટ પહોંચાડવાનું પણ

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ચૂકતો નથી પૂતના અને તાડકા, સુરસા, ત્રિજટા જેવી મુશ્કેલીઓ વિભિષિકા અવરોધ બનીને અનર્થ કરી શકે છે. કરે છે, પણ જ્યાં આધાર મજબૂત છે ત્યાં એને અથડાઇને પોતાનું જ માથુ ભગાવવું પડે છે. ગુરૂદેવની સાથે પણ અનેક વખત આવા અગ્નિ પરીક્ષાના પ્રસંગો આવતા રહ્યા છે પરંતુ તેઓ ખરા સોનાની જેમ એમાંથી પસાર થતા રહ્યા છે.

લાંબા સમય સુધી પોતાની ધોલાઈ અને રંગાઈ પછી પ્રગટ થયેલ પાત્રતા અને સંકલ્પ, સાહસ, સંયમ, અને અનુશાસનની અગ્નિપરીક્ષામાં જ્યારે પ્રામાણિકતા સાબિત થઈ ગઈ તો દેવીકૃપા અંતરિક્ષમાંથી અનાયાસે વરસવા લાગી અને એ અમૃતવર્ષાએ સાધકને ધન્ય બનાવી દીધો. જેવી રીતે શરૂઆતમાં માર્ગદર્શનને માટે પેલા સૂક્ષ્મ શરીરધારી દેવપુરૂષે જાતે પધારવા માટેનો અનુગ્રહ કર્યો હતો. એવી રીતે ૨૫ વર્ષની ભાવના અને ક્રિયાનું પર્યવેક્ષણ કરવા ઉપરાંત, બીજીવાર ખબર લીધી અને પોતાના સામર્થના ભંડારનો એક મોટો અંશ અનુદાનના રૂપમાં આપવાનો નિશ્ચય કર્યો. એના માટે હિમાલય આવવાનું અને ત્યાં રહેઠાણ પર હાજર રહેવા માટેનું નિમંત્રણ આપ્યું.

ગુરૂદેવની ત્રણ વાર હિમાલયની યાત્રા થઈ. એમાં સુમેરૂ પર્વત ક્ષેત્ર કિનંદન ઘાટી ઉત્તરખંડ પરિધીમાં જાણીતું પ્રતિષ્ઠિત અપ્રખ્યાત કૈલાશ માનસરોવર વગેરે ક્ષેત્રોની યાત્રા કરાવવામાં આવી. જે ઋષિ, તપસ્વી સૂક્ષ્મ શરીરથી એ પ્રદેશની ગુફાઓમાં તપ કરે છે એમની સાથે પરિચય અને સંપર્ક કરાવવામાં આવ્યો. ઘોર અભાવગ્રસ્ત એવા એ વાતાવરણતાં પોતાનું સંરક્ષણ આપીને રાખવામાં આવ્યો. એ ઉપરાંત બતાવવામાં આવ્યું કે યુગધર્મ નિભાવવામાં ક્યાં ક્યાં પગલાં કેવી રીતે ઉઠાવવાં અને એની

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સફળતા માટે દિવ્ય સહકાર કેવી રીતે અને કેટલી માત્રામાં મળશે. વળી જાતે કેટલી મહેનત અને ઉચ્ચ આત્માઓ શોધી કાઢવાનુ કાર્ય કેવી રીતે સંપન્ન કરવું પડશે. સાથે સાથે એ વચન પણ આપવામાં આવ્યું કે, મુશ્કેલીના દરેક પ્રસંગે એમની મદદ કયા માધ્યમ વડે મળતી રહેશે.

જુદા જુદા વખતે થયેલા આ હિમાલયના પ્રવાસોમાં ઉત્તરખંડની રહસ્યમયી ભૂમિકાઓ બાબતે જે જાણવા જેવું હતું તે જણાવવામાં આવ્યું અને જોવા જેવું હતું ને બતાવામાં આવ્યું.

ભવિષ્ય નિર્ધારણમાં જે કામો સોંપવામાં આવ્યાં તે આ હતાં. (૧) યુગપરિવર્તનની ભૂમિકા ભજવવાવાળાં મુખ્ય બે કેન્દ્રો યમુના અને ગંગાના કિનારા પર સ્થાપતિ કરવાં (૨) સુસંસ્કારી આત્માઓ શોધી કાઢી તેમનામાં પ્રાણ ફૂંકીને સર્જનાત્મક પ્રયત્નોમાં જોડવા માટે તેમને કટિબધ્ધ કરવા (૩) યુગાંતરીય ચેતનાને વ્યાપક બનાવવા એક સંગઠન ઊભું કરવું (૪) દરેક સ્થળે યુગધર્મને જીવંત બનાવવા માટે ધર્મ સંસ્થાનો ઊભાં કરવાં (૫) શોધેલા સંસ્કારવાન આત્માઓનું એક વિશાળ એવું સંમેલન બોલાવી તે દરેકને એકબીજાથી પરિચિત કરાવવા, અને કાર્યશૈલી નક્કી કરવી. (૬) આર્ષ સાહિત્યને સર્વસુલભ બનાવવું (૭) યુગસાહિત્યનું સુવિસ્તૃત સર્જન અને તેનો વિવિધ ભાષાઓમાં અનુવાદ કરી વિસ્તાર વધારવો. (૮) યુગસૃ જેતાઓ માટે નાનીમોટી પ્રશિક્ષણ માટેની વ્યવસ્થાનો ક્રમ ચલાવવો. (૯) અધ્યાત્મ અને વિજ્ઞાનનો પરસ્પર મેળ બેસાડી પ્રત્યક્ષવાદી બુધ્ધિજીવીઓનું સમાધાન કરવું (૧૦) ગાયત્રી મહામંત્ર અને યજ્ઞવિજ્ઞાન જે ભુલાએલ છે તેને શોધીને બહાર કાઢી સતયુગી ગૌરવ અને ગરિમા પાછી આપવી. (૧૧) સાધુ-બ્રાહ્મણની પહેલાંની વાનપ્રસ્થ પરંપરાને પુનર્જીવીત કરવી.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

(૧૨) ચરક, સુશ્રુતની આયુર્વેદિ રીતિનીતિને પશ્ચિમી ચિકિત્સા વિજ્ઞાનના જેવી જ સમતુલ્ય પ્રતિષ્ઠા પ્રાપ્ત કરાવવી. (૧૩) પરદેશોમાં, વિશ્વમાં યુગચેતનાનો ફેલાવો કરવો (૧૪) વાયુમંડળ અને વાતાવરણ ના શોધન માટે પ્રજ્ઞાપુરશ્ચરણની સુનિયોજિત વ્યવસ્થા કરવી.

સમુદ્રમંથન કરવાથી ૧૪ રત્ન નીકળયાં હતાં એમાં દેવ-દાનવોની તો માત્ર મહેનત જ હતી. મુખ્ય ભૂમિકા તો કચ્છપ ભગવાન અને શેષનાગની હતી. આ ઉદાહરણ મૂકીને કહેવામાં આવ્યું કે, આપણે બંન્નેએ મળીને આ ૧૪ સૂત્રી યોજના સંપન્ન કરવી જોઈએ એને માટે સાધન અને સહયોગ મેળવવામાં સામર્થ જેટલો જ પ્રયત્ન કરવો જોઈએ.

આમ તો સમયના પ્રભાવથી લોકમાનસમાં નિકૃષ્ટતા ઘર કરી ગઈ છે, અને લોભ, મોહ તેમજ અહંકારે તો દરેક વ્યક્તિને ઉન્માદી બનાવી દીધેલ છે, છતાંય પણ મહાનતાનું બીજ નષ્ટ થતું નથી. દેવમાન તો કોઈને કોઈ રૂપમાં કયાંક તો હાજર હોય છે જ. એ મણિ-મુક્તકોની શોધમાં નીકળવામાં આવે. ઊંડા દરિયામાં ડૂબકી મારીને મોતી શોધનારા મરજીવા જેવું સાહસ એકઠું કરવામાં આવે તો મુશ્કેલ જણાતું કાર્યું પણ સહેલું બની જાય છે. મુશ્કેલને સરળ કરી દેખાડવું જ આપણા બંન્નેના સહયોગથી સંભવ બનીને રહેવું જોઇએ.

આખી યોજનાને ત્રણ ચરણોમાં વિભાજિત કરવામાં આવી જેમાં ૨૪ ગાયત્રીનાં મહાપુરશ્ચરણ, કરવાં અને ઉપાસના, સાધના તથા આરાધનાના અભ્યાસ વડે વ્યકિતત્વને અષ્ટ ધાતુની તોપની જેમ પાકું કરવાનું હતું.

બીજા ચરણમાં ઉપરની ૧૪ સૂત્રી યોજનાને કાર્યાન્વિત

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરીને, યુગ પરિવર્તનને અનુરૂપ વાતાવરણ સર્જી એના માટે જરૂરી સાધનો અને સહયોગ મેળવીને શક્તિશાળી માળખું ઊભું કરવું.

ત્રીજા ચરણમાં એવી ક્રિયાઓ છે. જેમાં પ્રત્યક્ષ નહીં પણ પરોક્ષ ભૂમિકા સંપન્ન કરવાની છે અદૃશ્ય જગતની પ્રતિકૂળતાને અનુકૂળતામાં બદલવાની છે. સર્વનાશના કિનારા પર ઊભેલી આ ધરતી અને માનવી સભ્યતાને સર્વનાશની બિભીષિકાથી બચાવવાની છે. એ સિવાય જીવંત આત્માઓની અનેકાનેક યોજનાઓને કાર્યાન્વિત કરવા માટે એમની અંતઃચેતનાને પ્રભાવિત અને ઉત્તેજિત કરવાની છે.

પ્રથમ બે ચરણો કેવી રીતે સંપન્ન થયાં, એની કમી કેવી ઝડપથી પુરાઇ રહી છે. આ બધું પ્રસ્તુત પ્રગતિશીલ પ્રયાસોથી જ આ દિવસોમાં સંપન્ન થઈ રહ્યું છે. આશા રાખવી જોઈએ કે પ્રત્યક્ષમાંતો એક વ્યક્તિના માધ્યમથી ચાલતી આ ક્રિયાઓ અસંખ્યોના ભાવભર્યા પુરૂષાર્થ અને અનુભવોથી સંપન્ન થઇ રહી હતી.

ત્રીજા ચરણના સંદર્ભમાં કામકાજ શરૂ જ થઈ ગયું છે. પૂ. ગુરૂદેવની એકાંત સૂક્ષ્મીકરણ સાધના ચાલુ થઇ ગઇ છે. અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય એ પાંચ કોષોને પાંચ સ્વતંત્ર વીરભદ્રોના રૂપમાં વિકસિત કરી રહ્યા છે. જે શક્તિશાળી, સમર્થ થતાં જ અદૃશ્ય જગતમાં એવી હલચલો પેદા કરશે કે જેથી દૃશ્ય જગતમાં એની પ્રતિક્રિયા એવી દૃષ્ટિગોચર થવા માંડશે કે જાણે વિશ્વ વ્યવસ્થાનો કાયાકલ્પ જ થવા માંડયો છે.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# ૬. નવસર્જનની વિશાળ કાર્યપદ્ધતિ

ચોવીસ વર્ષમાં ચોવીસ લાખ જપનાં ચોવીસ મહાપુરશ્ચરણ પૂરાં થયેથી એ જપની આહુતિઓનો સનાતન ક્રમ પણ પૂરો કરવાનો જ હતો. એના સિવાય તો એ અસાધારણ તપ અધુરૂં જ રહી જાત. એને માટે ચોવીસ લાખ આહુતિઓનો મહાયજ્ઞ જરૂરી હતો, એને ઘણાં વર્ષો સુધી લાંબું ખેંચવા કરતાં એ જ યોગ્ય ગણવામાં આવ્યું કે હજાર કુંડવાળા ગાયત્રી મહાયજ્ઞનું-આયોજન કરવામા આવે અને એમાં એક લાખ યાજ્ઞિકો વડે પાંચ દિવસ સુધી યજ્ઞ ચાલુ રાખવામાં આવે. જે સને ૧૯૫૮ના કાર્તક સુદ ૧૯થી પુનમ સુધી ચાલ્યો.

મુશ્કેલી એ હતી કે આટલા યાજ્ઞિક લાવવા ક્યાંથી ? આટલા મોટા યજ્ઞમાં હવન-સામગ્રી, ઘી, સમિધા યજ્ઞમંડપ, પ્રવચન ખંડ આંગંતુકો માટે રહેઠાણ, ભોજન, પાણી, સફાઇ, વીજળીપ્રકાશ વગેરેનો પ્રબંધ કેમ કરવો ? આટલા બધા લોકોને માટે એક સાથે તંબુ બાંધવાની જમીન ક્યાંથી મળશે ? ભોજન બનાવવાની, પીરસવાની વગેરે નાની નાની ક્રિયાઓ એવી હતી જેને માટે ખૂબ પ્રમાણમાં ધનની વ્યવસ્થા કરવી પડે આટલા બધા ગાયત્રી સાધકોને આમંત્રણ કેવી રીતે પહોંચે ? મોટરો, રેલ્વેનો આટલો મોટો પ્રબંધ અને એક જ દિવસમાં લાખોની ભીડનું આવવું—એક જ દિવસમાં જવું – કેવી રીતે શક્ય બનશે ?

ગુરૂદેવના ખિસ્સામાં માત્ર પાંચ હજાર રૂપિયા હતા. અને ખર્ચ હતું પચાસ લાખનું. સામાન્ય બુદ્ધિ કામ નહોતી કરી શકતી કે આ અસંભવ જેવું જણાતું કામ સંભવ કેવી રીતે થશે ? અને ખાસ કરીને ત્યારે કે જ્યારે સાર્વજનિક ફાળો ઉઘરાવવાની નીતિ શરૂથી તે અંત સુધી નહી કાર્યકર્તાએ એક ડઝનથી વધારે

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નહોતા. વિચારવામાં જ ઘણો સમય પસાર થઇ ગયો. પરંતુ કંઈ જ કરી શકાયું નહીં

સમય આવી પહોંચ્યો અને દૈવી ચમત્કારની માફક એક એક કરતાં બધી સમસ્યાઓ ઉકેલાતી ગઈ, દેશના ખૂણે ખૂણે ગાયત્રી ઉપાસકોને આમંત્રણ પત્ર પહોંચ્યા. એ લોકો સમયસર આવી પહોંચ્યા. એક લાખ યાજ્ઞક, ત્રણ લાખ દર્શનાર્થી અને તીર્થયાત્રી કે જે સાથે આવ્યા હતા. ચાર લાખને રહેવા જમવાની સગવડ કરવી પડી, બધાં જ કામો એવી સુંદરતા અને સુવ્યવસ્થા સાથે સંપન્ન થયાં કે, સાત માઇલના વિસ્તારમાં ઋષિઓનાં નામ ઉપર જાણે સાત નગર વસી ગયાં. તંબુઓની લાઇને કુંભના મેળાનેય ફિક્કો બનાવી દીધો. સાત વિશાળ એવાં મફત ભોજન-માટેનાં રસોડાં રાત-દિવસ સતત ચાલતાં રહયાં. સ્વચ્છતા અને પ્રકાશ અંગેની કોઈ અછત ન રહી. કોઇ ભૂખ્યું કે ઓઢવા–પાથરવા વગરનું ન રહ્યું. તમામ ક્રમબધ્ધ રીતે ભવ્ય યજ્ઞ મંડપમાં આહુતિઓ આપતા રહયા. નતો એક પૈસાની ચોરી થઈ કે નતો કોઈને ઠોકર લાગવા જેવી દુર્ઘટના બની. અન્ન ભંડાર જાણે અક્ષય બની ગયો. આસપાસના દર્શનાર્થીઓ આયા જાણે મેળો ભરાઇ ગયો. આ આખો સદમુાય દશ લાખની સંખ્યા સુધી પહોંચી ગયો. ભવ્યતા અને અને શ્રધ્ધા ઉભરાતી હતી. લોકો દ્વારા એક જ વાત કહેવાતી સાંભળવામાં હતી કે, આટલું ભવ્ય વિશાળ અને સુવ્યવસ્થિત એવું આયોજન એમનામાંથી કોઈએ જોયું નહોતું. હજારો લાઉ-સ્પીકર, હજારો જનરેટર, પાણી, પ્રકાશ સૂચના વગેરે કામ કરી રહયાં હતાં સાતે સાત નગરમાં ટેલીફોનની સગવડ કરાએલી હતી. સ્વયં-સેવકો એટલા હતા કે તમામ કામ એમણે હાથો હાથ ઉઠાવી લીધું. અવ્યવસ્થા જેવી કોઇ વસ્તુ ક્યાંય જણાતી નહોતી આવતી જ્યાં

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ત્યાં સ્થળે સ્થળે દાનપેટીઓ રાખેલી હતી. એમાં પડેલા દાનથી બધો-જ ખર્ચ નીકળી ગયો. ન તો પૈસાની અછત વરતાઇ કે ન બચત થઇ.

આ પ્રસંગે ભાવનાશીલ યજમાનોને પ્રવચન મંડપમાં એકઠા કરીને ' ગાયત્રી પરિવાર 'નું જોડાણ કર્યું. સભ્ય ફી રાખી નિત્ય એક માળા ગાયત્રી જપ, સંગઠન અને પ્રચાર કાર્ય માટે દરરોજનું એક કલાકનું સમયદાન. રાતોરાત મિશન બનીને ઊભું થઈ ગયું અને ઉપાસના, સાધના, આરાધનાનો કાર્યક્રમ સ્થાનિક સંજોગો પ્રમાણેની મનસ્થિતિ મુજબ શરૂ થઈ ગયો. યજ્ઞ આયોજન જેટલું જ ચમત્કારિક હતું આ પણ કે જે એક જ રાતમાં એક લાખ સભ્યોવાળું સંગઠન બની જાય અને વિદાય પછી નક્કી કાર્યક્રમોને પૂરા કરવામાં તન-મનથી લાગી જાય. આ પ્રક્રિયાને અધ્યાત્મનો પ્રથમ ચમત્કાર કહી શકાય છે. આગંતુકો, સ્વયંસેવકો, વ્યવસ્થાપકો, સહાયકોની પાસે કોઇ દિવ્ય વ્યક્તિ પહોંચી અને એણે બધાને આ આયોજનમાં ભૂમિકા ભજવવાને માટે સફળતાનું શ્રેય કોઈ વ્યકિતને નહીં પણ એ દિવ્ય સત્તાને જ મળવું જોઇએ જેના હાથોમાં ગુરૂદેવે પોતાને વેચીને એમને ખરીદી લીધા હતા.

બીજો ચમત્કાર હતો આટલા ઊંચા સ્તરના ભાવનાશીલ અને કર્મઠ કાર્યકર્તાઓનું અનન્ય સહયોગીના રૂપમાં, કોઇપણ જાતના પગાર સિવાય મળી જવું આના પ્રથમ શ્રીગણેશ માતાજીથી થયા ગુરૂદેવનાં ધર્મપત્ની માતા ભગવતીદેવીને દરેક જણ માતાજી કહે છે એ જે દિવસથી જોડાયાં તેજ દિવસથી તેમની કાયા છાયા બની ગયાં. ઘર-ગૃહસ્થીનું કામ તો રાઇ-રતી જેટલું જ હતું પરંતુ પૂરેપૂરું કાર્ય-જવાબદારી મિશનની હતી એના કાર્ય-

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કર્તાઓનો પ્રબંધ કર્યો. તે અન્નપૂર્ણા બનીને રહયાં અને સાથે સાથે સ્નેહ વાત્સલ્યનું અમૃત પણ સંપર્કમાં આવનારને પિવડાવતાં રહયાં. પૂ. ગુરૂદેવની પ્રજ્ઞા અને પૂ. માતાજીની શ્રદ્ધાનો સમન્વય એક જાદુ બની ગયો એના સહારે લાખોનાં હૃદયો જીતી લેવામાં આવ્યાં જેની પણ આત્મીયતા સઘન બની એને નવસર્જનમાં જોડવાની પ્રેરણા મળી માતાજીની શ્રમશીલતા, સાદાઇ, શાલીનતા, મમતા, અને વ્યવસ્થા બુદ્ધિએ એટલું મહાન કામ કર્યું કે જે કોઈ એમના સંપર્કમાં આવ્યું તે જન્મભર પોતાને તેમનાં જ બાળકો માનતા રહયા. આ ભાવનાનું ગૌરવ એમની આ ઘડપણની અવસ્થામાં ઘટયું નથી પરંતુ ઉંમરની સાથે વધારો થતો રહયો છે. પૂ. ગુરૂદેવ ક્યારેક ક્યારેક સુવિધા અનુસાર તેની ચર્ચા કરે છે તો તેમને સ્ત્રી-શરીરમાં દિવ્યલોકમાંથી અવતરિત થયેલ પવિત્રતાની મૂર્તિગંગા સમાન કહે છે. પતિપત્ની વચ્ચે અગાધ આત્મીયતા છે, પરંતુ તેમાં વિશુધ્ધ શ્રધ્ધા સિવાય બીજા કોઇ કારણનો આધાર નથી. ગુરૂદેવનાં કાર્યોમાં અડધાથીય વધારે સફળતાનું શ્રેય માતાજીને જ છે. એમની મમતા અમૃતોપમ છે. તે થાકેલામાં નવજીવન અને હારેલામાં પ્રચંડ પ્રાણ પૂરે છે. કોઇ ઇચ્છેતો સ્વર્ણીય સુયોગને પણ આ વાત્મનો એક ચત્મકાર કહી શકે છે.

પ્રકાશ રેખાયે તો તેમણે અગણિત એવા ભાવનાશીલોને પ્રભાવિતજ નહીં તરંગિત પણ કર્યા-કાર્યરત્ત બાવ્યા. ગાયત્રી તપોભૂમિ, યુગ નિર્માણ યોજના શાંતિકુંજ અને બ્રહ્મવચસમાં જે કાર્યકર્તાઓ કામ કરે છે તેમાંથી મોટાભાગના ગ્રેજ્યુએટ કક્ષા સુધી ભણેલા અને ઓછામાં ઓછા મહિને બે હજાર રૂપિયા કમાવાવાળા હતા. હરિદ્વાર અને મથુરાના આશ્રમોમાં તેમની

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સંખ્યા પાંચસોથીય વધારે છે. કાર્યક્ષેત્રમાં ફેલાયેલા તો ઘણું કરીને દશ હજાર જેટલા છે. એ પોતાનો સમય ઘરકુટુંબને માટે તો નામ માત્રનોજ આપે છે. સુતાં મીશનને માટે જ વિચારતા રહે છે. આ સમુદાયમાં અડધાથીય વધારે સંખ્યા એવી છે, જે પોતાની પહેલાંથી સંચિત કમાણીના આધારે જ ખર્ચ કાઢી જીંદગી ગુજારે છે. જેની સ્થિતિ એટલી સારી નથી–સંપન્ન નથી, તે લોકો મિશનમાંથી માત્ર ભોજન અને વસ્ત્રની જરુરિયાત જેટલી રકમ લે છે. ભવિષ્યને માટે—આપત્તિકાળને માટે કોઈ કંઈ બચાવતું નથી. એવા પ્રસંગ આવે છે તો તેની જરુરીયાત મિશનજ પૂરી કરી દે છે. એને સાધુ બ્રાહ્મણ પરંપરાનું આધુનિક અને ઉપદેશપૂર્ણ સંસ્કરણ કહી શકાય છે. આવી જાતના કર્મઠ અને આદર્શવાદી સહયોગી બીજા કોઈને ભાગ્યેજ આવા દિવસોમાં મળી શક્યા હોય. ગતીવીધીયોમાં અગ્રગામી રહેવાનું એમનું ઘણું મોટું શ્રેય છે. પ્રે બધાંનાં નામો યોગ્યતાઓ, મહેનત ત્યાગનો ઉલ્લેખ કરવો અહીં સંભવ નથી, પણ એમાંના દરેક એવા છે જેમની ગુણગાથાઓનું પણ એક એક પુસ્તક લખી શકાય એમ છે. આ યુગમાં આવી પ્રતિભાઓનું એકજ છત્રછાયા હેઠળ ભેગા થવું એ કોંગ્રેસના સ્વતંત્રતા આંદોલન અને બુદ્ધના ભિક્ષુ સમુદાયોની યાદ અપાવે છે, અને એક ચમત્કાર જેવું જણાય છે.

પ્રજ્ઞામિશનની પોતાની જ પાંચ ઈમારતો છે (૧) ગુરૂદેવની જન્મભુમિ—આંબલખેડા (૨) મથુરાની ગાયત્રી તપો ભુમિ અને (૩) યુગનિર્માણ યોજના; (૪) હરિદ્વારનું શાંતિકુંજ—ગાયત્રી નગર અને (૫) બ્રહ્મવર્ચસ શોધ સંસ્થાન. આ બધી ઈમારતો વીસ વર્ષની અંદર જ બની છે. આ બધાને એક જ જગ્યાએ એકત્રિત કરવામાં આવે તો કોઈ મોટા વિશ્વવિદ્યાલયથી ઓછી નહીં, પરંતુ

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મોટી જ ગણાશે. એની શરૂઆત ગુરૂદેવે પોતાની જ મિલ્કત, જમીન. અને વિશાળ જમીનદારીને કાઢીને મેળવેલી રકમમાંથી કરી હતી. એ રકમ એક લાખથી વધારે નહોતી. પરિવારને વારસામાં મળેલી મિલકત ન આપી પરંતુ એમને સ્વાવલંબનના આધારે નિર્વાહ કરવાની સલાહ આપી. ભવ્ય ઇમારતોને જોતાં એ રકમ નજીવી જ ગણી શકાય ફાળો એકત્રિત કરવાનો રિવાજ પહેલેથી જ સ્વીકારવામાં આવ્યો નથી. શેઠ શાહુકાર પાસેથી કે સરકાર પાસેથી પણ કોઇ આર્થિક મદદ મળી નથી. પરિજનો એક મુઠ્ઠી અનાજ અને દશ પૈસાની રકમ કાઢતા રહ્યા એનો એક અંશ સંસ્થા માટે આપતો રહ્યો. સ્વેચ્છાએ કેટલીય વ્યક્તિઓએ આ કાર્યના મહત્ત્વને જોતા સહયોગ પણ આપ્યો. આ પ્રક્રિયાથી જે સહયોગ પ્રાપ્ત થતો રહ્યો એણે જ આ ભવ્ય ઇમારતો બનાવી દીધી.

આંબલખેડા (આગ્રાથી ૧૭ માઇલ દૂર સડકના કિનારા પર) માં એક હાઈસ્કૂલ, એક કન્યા વિદ્યાલય. હોસ્પિટલ, પોસ્ટ ઓફિસ સહકારી સમિતિ, નર્સ કાર્યાલય, સહકારી બેંક વગેરે ચાલે છે. એમાં ચાલતી ગતિવિધિઓથી. સેંકડો વિદ્યાર્થીઓ સેંકડો વિદ્યાર્થીનીઓ, સેંકડો દરદીઓ, સ્રીઓ તથા ગૃહઉદ્યોગોને (કુટીર ઉદ્યોગો) પ્રોત્સાહન મળે છે. નજીક રહેલા ગાયત્રી મંદિરમાં પણ કથા કીર્તનનો ક્રમ ચાલતો રહે છે.

ગાયત્રી તપોભુમિ મથુરામાં ભવ્ય દેવાલય, તીર્થોનું જળ અને રજ, ૨૪૦ કરોડ ગાયત્રી મંત્રલેખન, નિત્ય યજ્ઞ, સ્વાવલંબન વિદ્યાલય, નિયમિત જપ અને ધ્યાન જેવા કાર્યક્રમો ચાલે છે. વિદ્યાર્થીઓ માટે મફત શિક્ષણ તથા છાત્રાલયની સગવડ છે.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

યુગ નિર્માણ યોજનાનું મુખ્ય કામ યુગ સાહિત્યનું પ્રકાશન છે. પોતાનો જ વિશાળ પ્રેસ છે. જેમાં કેટલીક ભાષાઓમાં પત્રિકાઓ પ્રકાશિત થાય છે તેમજ યુગ – સાહિત્ય છપાય છે. સાહિત્ય સ્ટોરનો વિસ્તાર તો જોતાં જ ખબર પડે. શુદ્ધ હવન સામગ્રી પડતર કિંમતે આપવાનો પ્રબંધ કરવામાં આવેલ છે. પ્રજ્ઞા પુસ્તકાલય, સ્વાધ્યાય મંડળોનું સૂત્ર સંચાલન પણ અત્રેથી જ કરવામાં આવે છે.

એના કાર્ય વિસ્તારને જોતાં સરકારે આજ ઈમારતમાં ગાયત્રી તપોભૂમિ પોસ્ટ ઓફિસ પણ ખોલી આપી છે. જે કામગીરીમાં અને કર્મચારીઓની દૃષ્ટિએ મથુરા હેડ ઓફિસ પછી બીજા નંબરની મોટી પોસ્ટ ઓફિસ છે. બેંક પણ આજ ભવ્ય ઈમારતમાં છે. એનાથી સાહિત્ય, પાર્સલો, તથા પત્રિકાઓને દેશ–દેશાંતરોમાં મોકલી આપવાની વ્યવસ્થા સરળ બની જાય છે. મિશનની બધીજ પત્રિકાઓની ગ્રાહક સંખ્યા લગભગ ત્રણ લાખ જેટલી છે. એકલી અખંડ જ્યોતિ જ દોઢ લાખની સંખ્યામાં છપાય છે. એની ઓફિસ પણ આ ઈમારતોની સાથેજ જોડાએલી છે.

મથુરા આવતા તીર્થયાત્રીઓની મોટી સંખ્યા આ ભવ્ય આશ્રમના દર્શને આવે છે અને એને જોઈને અંદાજ બાંધે છે કે ખ્રિસ્તી મિશનની જેમજ આ યોજના પણ પોતાની રીતે ભારતમાં અજાયબી ભરી છે.

હરિદ્વારના શાંતિકુંજમાં જ ગુરૂદેવ અને માતાજી રહે છે. યોગ્ય સ્થળ અને યોગ્ય માર્ગદર્શન હેઠળ સાધના કરવાવાળા પરિજનો અત્રે આવીને રહે છે. પાંચ પાંચ દિવસનાં પ્રજ્ઞા પરિજન સત્ર અને એક એક મહિનાની મુદતનાં યુગશિલ્પી સત્રોનો ક્રમ અહીં હંમેશાં ચાલતો રહે છે. યુગશિલ્પીઓ ખાસ કરીને

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સંગીત, પ્રવચન અને પુરોહિતનું કર્મકાંડનું કાર્ય શીખે છે. આ માધ્યમ વડે અત્યારસુધીમાં હજારો પ્રચારકો પ્રશિક્ષિત થઈ ચૂક્યા છે કે જે, પોત-પોતાના વિસ્તારમાં જન જાગરણ અને પ્રજ્ઞા મિશન નું રચનાત્મક કાર્ય ખૂબજ તત્પરતા અને સફળતાની સાથે સંપન્ન કરી રહયા છે.

શાંતિકુંજમાં દેવાત્મા હિમાલયનું અનોખુ એવું ભવ્ય મંદિર છે. તીર્થ પરંપરાને અહીંની ગતિવિધિયોમાં પૂરેપૂરી સમાવવામાં આવી છે. પ્રાચીન કાળનાં તીર્થોમાં વિદ્યાર્થીઓનું ગુરૂકુલ, વાનપ્રસ્થોનું આરણ્યક, અને સર્વ સાધારણ માટે જીવનકાળનું પ્રશિક્ષણ એવી પુણ્ય પરંપરાને શાંતિકુંજની કાર્યપ્રધ્ધતિમાં સમગ્ર રીતે સમાવેશ કરેલ છે. ભારતનાં મુખ્ય મુખ્ય તીર્થોનાં વિશાળ ચિત્રોને મંદિર સમાન ખંડમાં સજાવવામાં આવ્યાં છે. ગાયત્રી માતાનું મંદિર અને ઋષિઓની ભવ્ય પ્રતિમાઓની પણ આજ ક્ષેત્રમાં સ્થાપના કરાએલી છે. નવ કુંડી યજ્ઞશાળામાં દરરોજ બે કલાક ગાયત્રી યજ્ઞ થાય છે અને અખંડ રૂદ્રાભિષેકની પ્રક્રિયા પણ ચાલે છે. જે અખંડ ઘીના દીવા પર ગુરૂદેવે પોતાનાં મહાપુરશ્ચરણો પૂરાં કર્યાં હતાં, તે છેલ્લા સાઈઠ વર્ષોથી અવિરતપણે સળગી રહયો છે. એ દીપદર્શન પણ એના નિશ્ચિત સમયે થાય છે.

તીર્થ પરંપરાના અનેક પક્ષ એવા છે, જેને આ પૂણ્યભૂમિમાં મૂર્તિમાન અને ગતિશીલ બનતા જોઇ શકાય છે. દાખલા તરીકે ચરક પરંપરાનું પુનર્જીવન લઇ શકાય છે. ગાયત્રી નગરમાં ખૂબ જ વિશાળ એવો જડીબૂટીનો બગીચો છે. એમાં દેશના ખૂણે ખૂણેથી દુર્લભ જડીબૂટીઓ લાવીને બગીચો બનાવેલ છે. એના નવા ગુણધર્મોનું પણ વૈજ્ઞાનિક પરીક્ષણ કરવા માટે આધુનિક યંત્ર

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સાધન સામગ્રીવાળી પ્રયોગશાળા પણ બનાવેલી છે. જેમાં એ સાબિત કરવામાં આવે છે કે કયા રોગના નિવારણાર્થે કઈ જાતની વનૌષધિ વડે, કઈ રીતથી ઉપચાર કરવો સંભવિત છે. એલોપેથી ફાર્મોકોપિયાની જેમજ વનૌષધિ વિજ્ઞાનને પણ એવું સ્વરૂપ આપવામાં આવી રહ્યું છે કે જેને સંસારભરના ચિકિત્સકો માન્યતા આપી શકે.

સાધના કરવા માટે જે લોકો અત્રે આવે છે તેમની શારીરિક અને માનસિક તપાસ કરવાનાં સાધનો પણ પ્રયોગશાળામાં છે- સાધના બતાવતાં પહેલાં એ જોવામાં આવે છે કે કોની કેવી સ્થિતિ છે અને એને કેવા પ્રકારની સાધના કરવી જોઈએ. જતી વેળાએ પણ જોવામાં આવે છે કે તેની સ્થિતિમાં શું ફેરફાર થયો તથા ભવિષ્યમાં એણે શું કરતા રહેવાનું વ્યક્તિની સ્થિતિને અનુરુપજ સાધનાઓ બતાવવાની પ્રક્રિયા માત્ર આ એકજ સ્થળે ચાલે છે. બીજે સ્થળે તો બધાંય ઘોડાં ગધેડાંને એકજ ડંડે હાંકવામાં આવે છે. પરિણામે કરવામાં આવેલી સાધનાઓ અસ્તવ્યસ્ત બની જાય છે. પાંચ દિવસ કે એક મહિનાવાળાં સત્રોમાં શિક્ષાર્થીઓની શારીરીક તેમજ માનસિક જરૂરિયાતો માટે જે વનસ્પતિઓની જરૂર છે તે અંગે સલાહ સૂચન સાથે, માર્ગદર્શન પણ આપવામાં આવે છે અને શક્ય હોય ત્યાં સુધી એને મેળવી આપવામાં પણ આવે છે. આ વ્યવસ્થા હવે એ સ્તર પર પહોંચી ગઇ છે કે, યુગશિલ્પી સત્રમાં જોડાએલાઓને પ્રાથમિક સારવાર હોમનર્સિંગ વગેરે અભ્યાસક્રમ પણ પૂરા કરાવવામાં શિખવાડવામાં આવેછે. વનોષધિઓને પોતપોતાને સ્થળે ઉગાડીને તેનો ઉપયોગ કૌટુંબિક આરોગ્ય રક્ષા માટે કરવાનું શિખવાડવામાં આવે છે.

પ્રશિક્ષણનો ક્રમ આશ્રમની સંપૂર્ણ વ્યવસ્થામાં ઓતપ્રોત

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

છે. આશ્રમવાસી ગૃહસ્થોનાં બાળકો માટે ગુરૂકુલની પણ વ્યવસ્થા છે. આ ગુરૂકુ ને સરકારી માન્યતા પણ મળેલી છે. મહિલાઓ માટેના શિક્ષણ વર્ગો પોતાની રીતે અનોખા છે. એમને એવા વિષય ભણાવવામાં આવે છે જે પરિવાર નિર્માણની બાબતમાં ખૂબજ આવશ્યક છે.

મિશનનું કાર્યક્ષેત્ર હજુ હિંદી ભાષી લોકો સુધીજ સીમિત છે. અનાયાસેજ એનો વિસ્તાર દેશભરમાં થઇ રહયો છે અને એની લપેટમાં-આવરણમાં બધીજ ભાષાઓનાં ક્ષેત્રો આવી રહયાં છે. બધાજ ધર્મસંપ્રદાયોમાં પણ વિચાર ક્રાંતિનાં સૂત્રો ભેળવવાનાં છે, માત્ર હિંદુ ધર્મ અથવા હિદી ભાષી લોકો સુધી તેને સીમાબધ્ધ કરી શકાય નહીં. આ સંભાવનાને જોતાં એક નવાજ પ્રશિક્ષણનો ક્રમ આ વર્ષથી શરૂ થયેલો છે. જેમાં દેશની અધિકાંશ પ્રમુખ ભાષાઓનું જ્ઞાન આપવામાં આવે અને જાણીતા ધર્મ-સંપ્રદાયોનું સ્વરૂપ સમજાવતાં એને એકતા અને સમતાના કેન્દ્ર પર લાવવામાં આવે,

આશ્રમમાં શિક્ષાર્થીઓ તથા આગંતુકોની ભારે ભીડ રહે છે. એ બધાંનું સાર્વજનિક શિક્ષણ સાયંકાળે પ્રજ્ઞા પુરાણ કથા, સંગીત કીર્તન ના માધ્યમ વડે આપવામાં આવે છે.

આશ્રમનો એક વિશિષ્ટ વિભાગ વિડિયો ફિલ્મોનો છે. મિશનની વિચારધારાને વ્યાપક બનાવવા માટે બધાંજ કેન્દ્રોમાં આ વિડિયો ફિલ્મોને ભવિષ્યમાં અનવરત રૂપે મોકલવામાં આવશે. વિતેલા દિવસોમાં તો માત્ર ગુરૂદેવ અને માતાજી વગેરેનાં જીવનોત્કર્ષ અને અધ્યાત્મ વિજ્ઞાનનું સ્વરૂપ સમજાવતાં પ્રવચનોજ આ માધ્યમ વડે સંભળાવવામાં આવી રહયાં છે. હવે પછીના આવતા દિવસોમાં આ વિષયનું એટલું વધારે વિશાળ અને

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સમથ સ્વરૂપ તૈયાર કરવામાં આવી રહ્યું છે, જેમાં આજની સ્થિતિએ અનુરૂપ લોકશિક્ષણનું સ્વરૂપ લોકપ્રિય માધ્યમ દ્વારા કરી શકાય. ફિલ્મદર્શક સમાચાર સાંભળનાર વાંચનારથી કયાંય વધારે છે. એટલા માટે બધાં લોકપ્રિય માધ્યમને અછૂત ગણીને છોડી શકાય નહી. તેથી શાંતિ કુંજનો નવો નિશ્ચય —સંકલ્પ છે કે પ્રેસ પ્રકાશન ની જેમ જ વીડિઓ ફિલ્મોની એક સુવિસ્તૃત યોજનાને એવી રીતે વિકસિત કરવામાં આવે કે જનાથી બધી ભાષાઓ અને બધાજ સંપ્રદાયોના લોકો સમાન રૂપે લાભ ઉઠાવી શકે.

મિશનનો વિસ્તાર ૨૪ લાખ લોકો સુધી થઇ જવાને કારણે તેના સભ્યો તીર્થયાત્રા નિમત્તે હરદ્વાર આવતા રહે છે, જેને રહેવાથી માંડી ભોજન સુધીનો પ્રબંધ કરવામાં આવેલ છે. અવિરત પણે આ ભંડારો ચાલતો રહ્યો છે.

પ્રજ્ઞા પરિજનોની પોતાની અંગત આધ્યાત્મિક અને સંસારિક મુશ્કેલીઓ પણ હોય છે. એને ઉકેલવા માટેનું માધ્યમ માત્ર પત્ર-વ્યવહાર જ છે. રચનાત્મક કાર્યોમાં સંલગ્ન થવા, ઉતાર ચઢાવનો સામનો કરવાને માટે પણ અટલા બધા લોકો સાથેનો સંપર્ક આજ માધ્યમ દ્વારા રાખી શકાય છે. એટલા માટે "પત્રાચાર વિધાલય" વિભાગના રૂપમાં એક વધારાની કાર્ય પધ્ધતિ અહીં ચાલે છે. આશરે એક હજાર પત્રોનું આવવું અને અને તેનો પ્રયુત્તર પણ યોગ્ય સમયે પહોંચાડી દેવો એ પણ કાર્ય પોતાની રીતે જ જાણે અદભૂત છે. સરકારશ્રી એ પણ કાર્ય વિસ્તારને જોતાં શાંતિકુંજ નામની એક પોસ્ટ ઓફીસની પણ વ્યવસ્થા કરી દીધી છે, જેની સાથે તાર ઘર પણ જોડાએલું છે.

સાહિત્ય સર્જનનું કામ શાંતિકુંજમાંજ થાય છે. શરૂઆતના

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દિવસોમાં ભારતીય સંસ્કૃતિનું સ્વરૂપ પ્રગતિ પરાયણ સિદ્ધ કરવા માટે આવા સાહિત્યનો અનુવાદ અને પ્રકાશન વગેરે કાર્ય હાથમાં લેવામાં આવ્યું હતું. એના અંતર્ગત ચાર વેદ, ૧૦૮ ઉપનિષદો, છ દર્શન, ૨૮ સ્મૃતિઓ, આરણ્યક–બ્રાહ્મણ, યોગવશિષ્ઠ વગેરે પુરાણ ગ્રંથો ને ઓછી કિંમતે જન જન સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો, જે પૂરેપૂરી રીતે સફળ રહ્યો. આ પ્રમાણે ભારતીય સંસ્કૃતિના ચાહકો અને પ્રેમીઓને એક નવોજ પ્રકાશ આપ્યો. એઓ પ્રગતિશીલતા તરફ વળ્યા.

આ ઉપરાંત આ લેખન કાર્ય વ્યક્તિ નિર્માણ, પરિવાર નિર્માણ સમાજ નિર્માણની દિશામાં વળ્યું. જેમાં નૈતક ક્રાન્તિને મુખ્ય રાખવામાં આવી–પ્રાધાન્ય આપ્યું. એવા લગભગ ૫૦૦ પુસ્તીકાઓ આજ સુધીમાં પ્રકાશિત થઈ ચૂકી છે, જેમા અધ્યાત્મ અને વિજ્ઞાનના સમન્વયની એક સીરીઝ પણ સંકળાએલી છે.

દેશમાં કથાકીર્તન એ ધર્મ પ્રચાર માટેનું ખૂબ ઉપયોગી માધ્યમ સાબિત થયેલું છે. એ આધારને સ્વીકારી યુગ સંગીતની ટેપ કેસેટ બને છે અને પ્રસારિત થતી રહે છે. એને સારા એવા પ્રમાણમાં ખ્યાતી મળી છે. આજ રીતે 'પ્રજ્ઞા પુરાણ' નામના એક ગ્રંથનું નવીન રીતે સૃજન થયેલું છે. એના પાંચ વિશાળ ખંડો અત્યાર સુધીમાં છપાઇ ગયા છે. એ બધા પ્રાચીન પુરાણો જેવા જ બનાવવામાં આવ્યા છે. સંસ્કૃતમાં શ્લોક અને ટીકા. એ એ સિવાય શ્લોકોની સાથે પુરાણી જુની કથાઓએવી રીતે ગૂથી દેવામાં આવી છે કે તેના માધ્યમથી આધુનિક ગૂંચવણો–સમસ્યાઓનું પ્રગતિશીલ સમાધાન પુરાતન ઇતિહાસ પુરાણોમાં શોધી શકાય છે. પ્રજ્ઞાપુરાણના ચાર ખંડોની કિંમત લગભગ ૧૦૦ રૂપિયા થવા છતાંય પણ જાણકાર સમાજમાં એની ભારે માંગ રહી છે.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અનેક સંસ્કરણ છપાયાં છે. અને અન્ય ભાષાઓમાં પણ અનુવાદ થઇ રહ્યો છે. મુદ્રણ પ્રકાશનનું કાર્ય મથુરા યુગ નિર્માણ પ્રેસમાં જ થાય છે. એક નાનો સરખો પ્રેસ શાંતિ કુંજ, હરિદ્વારમાં પણ 'યુગાન્તર ચેતના પ્રેસ'ના નામથી છે. જેમાં તત્કાલીક જરૂરિયાતની સામગ્રી છાપી લેવામાં આવે છે.

મિશનની કેટલીય પત્રિકાઓ પ્રકાશિત થાય છે જેનું લેખન, સંપાદન, વગેરે એકજ કલમ વડે થાય છે. 'અખંડ જ્યોતિ' અને 'યુગ નિર્માણ' એ હિંદી પત્રિકાઓ છે. ગુજરાતી, ઉડિયામાં પણ 'યુગશક્તિ ગાયત્રી' નામથી બે માસિક પત્રિકાઓ છપાય છે. આ પહેલાં એને મરાઠી, બંગાલી, પંજાબીમાં પણ છાપવામાં આવતી હતી. હમણાં હમણાં કાગળની ખૂબજ મોંઘવારીને કારણે ત્રણેય બંધ છે, પરંતુ થોડીક અનુકૂળતા થતાંજ ફક્ત બંધ કરાએલી પત્રિકાઓનેજ ફરીથી શરૂ કરવામાં નહીં પરંતુ અંગ્રેજી તથા દક્ષિણ ભારતની ભાષાઓમાં પણ તેને પ્રકાશિત કરવાની યોજના છે. આ સમયગાળાની વચ્ચે અન્ય ભાષાભાષિઓ તથા પરદેશને માટે અંગ્રેજીમાં 'ફોલ્ડર પ્રકાશન' ની યોજના ચાલી રહેલ છે. અત્યારસુધીમાં મહત્વપૂર્ણ વિષયો પર ૫૦ ફોલ્ડર પ્રકાશિત થઇ ચૂક્યાં છે. આગળ એથીય વધારે છપાતાં રહેશે. હિંદીમાં તો આવી ઓછા મૂલ્યવાળી પુસ્તિકાઓ ૬૦૦ની સંખ્યામાં છે કે જેનું પ્રકાશન ઈલાયદા થઈ ચૂક્યું છે. ગુરૂદેવે પોતાની ઉપાસનાને પ્રાધાન્ય આપ્યા છતાંય લેખનકાર્યને માટે પણ સમય નક્કી કરેલ છે. અને તેઓ પોતાનો એ નિયમ વિતેલાં ૪૫ વર્ષોથી અવિરતપણે ચલાવી રહ્યા છે. એકજ વ્યક્તિનું લખેલ આટલું સાહિત્ય કે જે લેખકના શરીરના વજન જેટલું ભારે થાય એવી મહેનત ભાગ્યેજ ક્યાંક થઈ હોય ! એને

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પણ લેખનની એક કીર્તિજ કહીએ છીએ.

હીરક જયંતી વર્ષથી એક હજારની સંખ્યામાં એવાં પ્રશિક્ષણ કેન્દ્ર ખોલવામાં આવી રહયાં છે, જેને એક વર્ષના પાઠયક્રમના અનુબંધથી હંમેશાં ચલાવવામાં આવશે. વિદ્યાર્થીઓ માટે અઠવાડિક અભ્યાસક્રમ ટપાલથી મોકલવામાં આવતો રહેશે. એના આધાર પર શિક્ષણકાર્ય સ્થાનિક અધ્યાપક ઠીક સમયે નિયમિત રૂપે ચલાવતા રહેશે. આશા રાખવામાં આવે છે કે, આ માધ્યમથી ઘણું કરીને ૨૦ હજાર વિદ્યાર્થી નિયમિત રૂપે આત્મનિર્માણ અને સમાજ નિર્માણનાં તથ્ય અને વ્યવહાર સમજવામાં તથા સ્વીકારવામાં સમર્થ બની શકશે. વાર્ષિક પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો પણ આપતા રહેવામાં આવશે. શરૂઆત હિંદીમાં થઇ છે પણ એનું કાર્યક્ષેત્ર ભારતની બીજી ભાષાઓમાં પણ જલદી ચાલુ થઈ જશે. એ રીતે આવતા આગલા દીવસોમાં એનું સ્વરૂપ પત્રાચાર માધ્યમ વડે ચલાવાતાં ખૂલ્લાં વિશ્વિવિધાલય જેવું બની જશે.

ઉપરોકત પ્રશિક્ષણ સિવાય એક બીજું પણ કાર્ય હાથમાં લેવામાં આવ્યું છે. જે છે આર્ષ જયોતિ–વિજ્ઞાનનું શંશોધન અને પરિષ્કાર. ખગોળ વિદ્યામાં ભારત અગ્રણી રહયું છે. જ્યોતિષની વ્યાપક અને સાચી શોધનો ઇતિહાસ ભારતમાંથીજ શરૂ થાય છે. પણ કમનસીબી ગણવી જોઈએ કે એને ભ્રમજંજાળની રીતે વિકસિત કરવામાં આવ્યું અને જ્યેતિષિઓએ એને ભવિષ્ય કથન કરવાનું માધ્યમ બનાવીને પોતાનો સ્વાર્થ સાધવાની શરૂઆત કરી દીધી.

જ્યોતિવિજ્ઞાનનું સમયે સમયે ગ્રહ ગણિત દશ્ય અવલોકનના આધાર પર સંશોધન થતું રહયું છે. કારણ કે કલાક મિનિટના હિસાબે ગ્રહોની ચાલ એવી નથી કે, જેનાથી ગણિતના નિયમોમાં

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

મુશ્કેલી આવી શકે. એમાં સમયે સમયે અંતર પડતું રહે છે. એને દશ્યના આધાર પરજ સંશોધનની જરૂરિયાત રહે છે. આ કાર્યને માટે વેધશાળાઓ બનતી રહે છે. હજુ પણ દિલ્હી, જયપૂર, ઉજ્જેન, બનારસ, બેંગલોર વગેરે સ્થળે જૂની વેધશાળાઓ જે તે સ્થિતિમાં હયાત છે. નવીજ રીતે એનું હાલના સમય પ્રમાણે એને સાર સંક્ષેપ જેવું સ્વરૂપ શાંતિકુંજમાં સમગ્ર વેધશાળા ઉભી કરવાના રૂપે, બનાવવામાં આવ્યું છે. એમાં પ્રાચીન યંત્રો, સાધનો સિવાય આધુનિક દુરબીનોનો પણ ઉપયોગ અંતરિક્ષ શોધખોળો કરવા માટે કરવામાં આવે છે. આ વેધશાળાની કસોટી પર કસ્યા પછીજ દર વર્ષે પંચાંગ પ્રકાશિત થાય છે. જેનું નામ 'બ્રહ્મવર્ચસ દશ્ય ગણિત પંચાગ" રાખવામાં આવ્યું છે. કિંમત પણ અન્ય પંચાંગો કરતાં ઓછી રાખેલ છે.

સાથે સાથે આ પ્રકારનું જ્યોતિષ પ્રશિક્ષણ પણ ચાલે છે. કે દરેક સ્થળે પોતાની પતિભાના આધારે પંચાંગ બનાવવું દરેક ગણિતજ્ઞ માટે સંભવિત બની શકે. અંતઃગ્રહી પ્રભાવને ક્ષેત્ર-વિશેષ પર પડવાવાળા પ્રભાવને જાણવા માટે સ્થાનિક પંચાંગજ સાર્થક માનવામાં આવે છે—સાર્થક હોય છે. સ્થાનિક પંચાંગ બનાવવાની વિધી બતાવવાવાળું દેશભરનું માત્ર આજ એક વિધાલય છે.

એમાં સૂર્યમંદીર, ગ્રહવિધાનું પ્રદર્શન તથા સૂર્યશકતિથી ઉર્જા ઉત્પન્ન કરવાનું વિશાળ કિંમતી યંત્ર પણ જોવા જેવું છે. શાંતિકુંજની આ પ્રક્રિયા દર્શકોને આશ્ચર્યચક્તિ કરી દે છે.

શાંતિકુંજના નિર્માણમાં અદશ્ય પ્રેરણાઓએ કામ કર્યું, પરંતુ તેની શુભ શરૂઆતમાં માતાજીનો ઉત્સાહ જ અગ્રણી

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રહ્યો. એમણે આ આશ્રમની રૂપરેખા બનાવી. પ્રવેશ કરતાં જ ૭ વર્ષમાં પૂર્ણ થઇ જાય તેવું અખંડ ગાયત્રી મહાપુરશ્ચરણ કુમારિકાઓ દ્વારા સંપન્ન કરાવ્યું. જે કન્યાઓ એમાં ભાગ લેવા આવી એને ઉચ્ચ શિક્ષણ આપવામાં આવ્યું અને સંગીતનું પણ જ્ઞાન અપાવ્યું. અનુષ્ઠાન તેમ જ શિક્ષણ સાથે સાથે ચાલ્યું.

મહિલા જાગૃતિ ની બાબતમાં અત્યંત ઉત્સાહ હોવાને કારણે માતાજીએ 'મહિલા જાગૃતિ, નામની પત્રિકા પણ બહાર પાડી એ પત્રિકા એમના જ તત્વાવધાન માં છ વર્ષ સુધી પ્રકાશિત થતી રહી. એની ગ્રાહક સંખ્યા પણ લગભગ વીસ હજાર સુધી પહોંચી ગઈ હતી પરંતુ મિશનનું એટલું બધું વધારે કામ એમના શિરે આવી પડયું કે સંપાદન અને પ્રકાશનનું બેવડું કામ એ ન ચલાવી શક્યાં અને તેને નવી વ્યવસ્થા બને ત્યાં સુધીના સમય માટે સ્થગિત કરવું પડયું

એજ દિવસોમાં માતાજીએ એક કન્યા વિદ્યાલય પણ ચલાવ્યું. શાંતિકુંજમાં જ માતાજીના સંરક્ષણ હેઠળ શિક્ષણ પ્રાપ્ત કરતી કન્યાઓએ જે આશાજનક પ્રગતિ કરી તે જોતાં મિશનના કાર્યકર્તા વર્ગે પોતાની કન્યા ઓને પણ ત્યાં મોકલવાનું શરૂ કરી દીધું. એને માટે સ્વતંત્ર જ પ્રશિક્ષણ વ્યવસ્થા ઉભી કરવી પડી, સંગીત પ્રવચનનું કૌશલ્ય પણ એમાં ભળેલું હતું. જ્યારે એ પ્રવિણ થવા લાગી તો એક પ્રયોગ કરવામાં આવ્યો કે પાંચ પાંચ સુયોગ્ય કન્યાઓના સમૂહને આશ્રમની મોટરોમાં બેસાડીને શાખા કેન્દ્રોમાં મહિલા જાગરણ બાબતે અનેકાનેક સમસ્યાઓ પર પ્રકાશ ફેંકતાં ફેંકતાં મહિલા સંમેલન અને સંગઠન કરવા મોકલવામાં આવ્યો. એમના કામનું પ્રતિફળ ખરેખર આશાતીત અને ઉત્સાહવર્ધક રહ્યું એમનું ભાવભર્યું સંગીત અને

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પ્રવચન સાંભળવા માટે દરેક જગ્યાએ હજારોની સંખ્યામાં ઉચ્ચ-વર્ગવાળો માનવ સમુદાય એકઠો થતો રહ્યો. જેણે પણ એ ઉદ્બોધન સાંભળ્યું એ આશ્ચર્યચકિત બની ગયા કે આટલી નાની ઉંમરની કિશોરીઓ મોટા મોટા અભ્યાસી વક્તાઓ કરતાંય વધી જઈને કેવી રીતે આટલું ઉચ્ચ કોટીનું પ્રવચન કરી શકે છે? એમના શિક્ષણ અને સંરક્ષણની દરેક જગ્યાએ ભારોભાર પ્રસંસા થઈ

આ પ્રવાસ દરમિયાન જ ઘણા બધા પત્રો આવતા રહ્યા કે આ દેવિઓમાંથી એક અમારા ઘરની લક્ષ્મી બનવા દેવા માટે કૃપા કરવામાં આવે. કન્યા વિદ્યાલયની બધી જ કન્યાઓ સુયોગ્ય ઘરોમાં ગઈ અને ત્યાં તેમણે પોતાના પરિવારને સ્વર્ગથીય ચઢિયાતો બનાવી દેખાડયો. હમણાં એ વ્યવસ્થા એટલા માટે બંધ છે કે શાંતિકુંજમા સ્રી પુરુષોની ઘણીજ ભીડ રહે છે. જ્યારે કન્યા શિક્ષણને માટે એવી વ્યવસ્થા હોવી જોઈએ જેમાં પુરુષોનું આવાગમન ન હોય. કયાંક બીજે એવી વ્યવસ્થા બનશે તો એનો પ્રબંધ નવેસરથી કરવામાં આવશે. નારીશિક્ષા અને નારી જાગરણની જરૂરિયાતનું મહત્વ કેટલું વધારે છે એ સમજતાં હોવાથી એ નિમિત્તે બીજી યોગ્ય વ્યવસ્થા પણ માતાજી દ્વારા વિચારવામાં અને બનાવવામાં આવી રહી છે.

શાંતિકુંજના તત્વાવધાનમાં એક બીજો આશ્રમ બ્રહ્મવર્ચસ્ શોધસંસ્થાનના નામથી ચલાવવામાં આવે છે. જે શાંતિકુંજથી ત્રણ ફર્લાંગ દુર બરાબર ગંગાજીના કિનારા પર અને સપ્ત-સરોવરની નજીક છે. આ આશ્રમ ત્રણ માળવાળો છે. નીચેના માળે આદ્યશક્તિ ગાયત્રીના ૨૪ અક્ષરોની ચોવીસ ઓરડાઓમાં ચોવીસ મૂર્તિઓ છે. એની સાથેજ એ ઉલ્લેખ પણ છે કે ૨૪ અવતાર,

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

૨૪ દેવતા, ૨૪ ઋષિ, ૨૪ યંત્ર કઈ રીતે આ અક્ષરોની મહાશકિત સાથે જોડાએલ છે. આ માળનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ–અવલોકન કરવાથી દર્શનાર્થીઓની સમજમાં ગાયત્રી મહાશકિતની ગરિમાનું સ્વરૂપ સહેજે સમજાઇ જાય છે.

આશ્રમના બીજા માળ ઉપર અધ્યાત્મ અને વિજ્ઞાનના સમન્વયને નક્કી કરવાવાળી પ્રયોગશાળા છે. એમાં ખૂબજ કિંમતી એવાં યંત્રો લગાડેલાં છે. જે આપણા પ્રયોજનની જરૂરિયાતોને સારી રીતે પૂર્ણ કરી શકે.

ત્રીજા માળ પર એવું પુસ્તકાલય છે જેમાં શોધખોળની અંદર સહાયક સિદ્ધિ થઇ શકે તેવા ગ્રંથો દેશ–વિદેશમાંથી મંગાવીને ૨૪ ઓરડાઓમાં વ્યવસ્થિત રીતે રાખેલા છે.

નવી પેઢી પ્રત્યક્ષવાદ અને બુદ્ધિવાદને માન્યતા આપે છે. પ્રાચીન કાળમાંતો શાસ્ત્ર પ્રમાણ અને આપ્ત વચનોજ જનસાધારણનું સમાધાન કરી દેતાં હતાં. એ શ્રદ્ધા વિશ્વાસનો સમય હવે નથી રહ્યો. આ દરેક સિદ્ધાંતની બાબતમાં તર્ક, તથ્ય અને પ્રમાણ માગવામાં આવે છે. એનાથી ઓછામાં વિચારશીલ વર્ગનું સમાધાન થતું નથી. સમયની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આ શોધખોળ માટે જરૂરી સંદર્ભ સાહિત્યનો સંગ્રહ ઉભો કરવામાં આવ્યો છે. એમાં ગાયત્રીની શબ્દશક્તિ અને યજ્ઞની આરોગ્યવર્ધક, વર્ષા વરસાવવાની ક્ષમતાની શોધખોળ કરવામાં આવે છે. અગ્નિહોત્ર પરની શોધખોળને માટે આશ્રમની વચ્ચેના આંગણમાં એક યજ્ઞશાળા પ્રયોગ પરીક્ષણ માટે બનાવવામાં આવી છે, એમાં લગાડવામાં આવેલાં યંત્ર–ઉપકરણોને જોઇને આના સંદર્ભમાં સંસ્થાપકોની સૂઝ–બૂઝ અને વિવિધ વ્યવસ્થા પર

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

વિજ્ઞાનમાં રસ લેનારા, મુક્ત કંઠે વખાણ કર્યા વિના રહી શકતા નથી.

બ્રહ્મવર્ચસના શોધકર્તાઓમાં એમ.ડી. એમ.એસ; પી.એચ.ડી. વિજ્ઞાનના અનુસ્નાસ્તક તેમજ ડબલ એમ. એ. કક્ષાના લોકો છે. એમણે પોતાની હજારો રૂપિયાની માસિક આવકને ઠોકર મારીને આ મહાન ઉદ્દેશની પૂર્તિ માટે વિના વેતને સમય આપ્યો છે. ગ્રંથોની શોધખોળ માટે સંસ્કૃત, હિંદી, અંગ્રેજીના સ્નાતક-સ્તરના વિદ્વાનો કાર્યરત છે. એમના પ્રયત્નોથી એવાં તથ્ય કામમાં આવ્યાં છે કે જેના આધાર પર ગાયત્રી મહામંત્ર અને અગ્નિ-હોત્રની જીવન ઉપયોગી ક્ષમતાનું જ્ઞાન થાય છે અને દરેક દૃષ્ટિથી લાભાન્વિત થવાનો અવસર મળે છે.

અધ્યાત્મ સિધ્ધાંતોની સિધ્ધિ વિજ્ઞાનની સાક્ષીમાં સિધ્ધ કરવામાં આવે. બંનેને એક બીજાનાં પૂરક અને સહયોગી બનાવવામાં આવે. આ આવશ્યકતાની પૂર્તિ માટે વિશ્વના ખૂણે ખૂણેથી આસ્તિક અને દાર્શનિક સમુદાય માગણી કરી રહયો હતો પંરતું એ સમજમાં નહોતું આવતું કે આને કેવી રીતે સંભવિત બનાવી શકાય. આને દેવ સંસ્કૃતિનું સૌભાગ્ય કહેવું જોઇએ કે એના દ્વારા જ આ પ્રયોજનની પૂર્તિ થઇ રહી છે. આ પ્રયત્ન નૈતિકતા, આદર્શવાદિત અને પરોક્ષ જીવનની મહાન ક્ષમતાના બુદ્ધિ સંગત આધાર પર સિધ્ધ અને પ્રત્યક્ષ કરવા જઇ રહ્યા છે. બ્રહ્મવર્ચસ શોધ સંસ્થાનનું લક્ષ્ય અને પ્રયાસ એવો છે કે જેને પોતાના ઢંગનો જ અનોખો–અદ્ભુત કહી શકાય

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# ૭. વિશાળ ક્ષેત્રમાં પ્રચાર પ્રસાર

મથુરા, હરિદ્વાર, અને આંબલખેડા એ ત્રણ સ્થળોના બન્ને આશ્રમો અંતર્ગત જે ક્રિયાકલાપ ચાલી રહ્યો છે. એની ચર્ચા પાછળના પાન ઉપર થઈ ગઈ છે. જોવામાં આ એક વ્યક્તિની હિંમત સૂઝ-બૂઝ અને પુરૂષાર્થ પરાયણતાની અનુભૂતિ દેખાય છે. પરંતુ વસ્તુતઃ વાત એવી નથી. સામાન્ય કક્ષાની વ્યક્તિ આટલાં બધાં મોટાં કાર્યોની નતો યોજના ઊભી કરી શકે કે ન એને માટે વિપુલ પ્રમાણમાં સાધનોની પૂર્તિ. ભીખ ન લેવાનું વ્રત લઈને ચાલવાથી તો વાત એથી ય મુશ્કેલ બની જાય છે. આ નિર્ણય એટલા માટે કરવામાં આવ્યો કે વ્યક્તિની પ્રમાણિકતા અને પ્રખરતા અગર વિશ્વાસ પાત્રતા હોયતો તેની પાસે સ્વેચ્છાપૂર્વકનો સહયોગ દોડીને આગળ આવવો જોઈએ. જો તેની માગણી કરવી પડી અને તિરસ્કાર સહન કરવાની સ્થિતિ બની રહે તો સમજવું જોઈએ કે આપણા જ પૈસા ખોટા છે. પરખ કરવાવાળાનો શું દોષ? સમુદ્રમાં નદિઓનું, નદિઓમાં ખેતરો અને નાળાનું પાણી જો દોડીને આવે છે તો કોઈ એવું કારણ નથી કે આધ્યાત્મનું ચુંબકત્વ સાધન જ નહીં, સહયોગ પણ, સહયોગ જ નહીં શ્રધ્ધા અને વિશ્વાસને પણ પોતાના તરફ ખેંચી ન લાવે? વાત કહેવા કે સાંભળવામાં અસંભવ જેવી જણાય છે પણ હાથ કંકણને આરસીથી શું? જેનું મન હોય એ આ શોધખોળ કે તપાસ કરી શકે છે કે આ બધું કેવી રીતે થયું અને આટલા ઓછા સમયમાં ઘેર બેઠાં જ આટલી મોટી વિશાળ વ્યવસ્થા કેવી રીતે બની ગઈ! આ બીજું કશું જ નથી માત્ર અધ્યાત્મનો જ ચમત્કાર છે. ચમત્કાર એને નથી કહેવાતો જેમાં વાળમાંથી રેતી કાઢવામાં આવે છે. હવામાંથી લવીંગ અને ઈલાયચી મંગાવવામાં આવે છે. આ[illegible] [illegible] હલાવીને જેવાં તેવાં ગજબ જાદુ [illegible]. થાય છે અને.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને આવા લોકોની અછત નથી, એ બધા ગામડે ગામડે, નગરે નગરે ભર્યા પડ્યા છે અને ચિત્રવિચિત્ર ઢોંગ રચતા રહે છે.

વાસ્તવિક અધ્યાત્મ બુદ્ધ અને ગાંધીની જેમ વાતાવરણને બદલે છે. મને એવાં કામોની યોજના બનાવે છે કે જેની સાથે લોકમંગળ – લોકહિત જોડાએલું હોય આત્મ કલ્યાણનું પુણ્ય અને જનકલ્યાણનો પરમાર્થ સિદ્ધ થતો રહે. ગુરુદેવની અધ્યાત્મ સાધનની દિવ્ય ક્ષમતાની પરિણીતી આ પ્રયોજને નિમિત્તો થઇ છે.

ઉપરોક્ત ત્રણ સ્થળોએ ચાલી રહેલી ગતિવિધિયોની જ વાત પૂરી થઇ જતી નથી પરંતુ એ પ્રકાશનો વિસ્તાર ક્ષેત્રોમાં થયો છે. પ્રજ્ઞામિશનની ગરિમાને સમજવાવાળા અને એમાં જોડનારની સંખ્યા ૨૪ લાખ છે. એટલી જ સંખ્યામાં ગુરૂદેવનાં મહાપુરશ્ચરણ પણ સંપન્ન થયા છે.

આ એ સમુદાય છે જેણે પોતાના માર્ગદર્શકની જેમ જ પોતાના જીવનને સુધાર્યું છે તેમજ દોષ-દુર્ગુણોને એક એક કરીને છોડ્યા છે. પરમાર્થ હેતુ માટે લોકમાનસના સુધારમાં યથા સંભવ યોગદાન આપ્યું છે. એમનું સમયદાન અને અંશદાનજ પોતાના ક્ષેત્રમાં પ્રકાશ ફેલાવવામાં સમર્થ બનતું રહ્યું છે.

દેશના ખૂણેખૂણે ૨૪૦૦ પ્રજ્ઞાપીઠોના નામવાળા ભવ્ય મકાનો આ સમુદાયે જ બનાવ્યાં છે. સ્વાધ્યાય મંડળ પ્રજ્ઞા સંસ્થાનના નામથી એમનાં જ ઘણુ કરીને ૧૫૦૦૦ સંગઠન છે એના માધ્યમથી હાલમાં વાતાવરણ પરિશોધન પરિવર્તનને માટે દરરોજ ૨૪૦ કરોડ ગાયત્રી જપ અનો ચોવીસ લાખ ગાયત્રી ચાલીસાના પાઠનો પુરશ્ચરણ ક્રમ ચાલી રહયો છે. આટલી મોટી સંકલ્પિત સામુહિક સાધના ભાગ્યે જ આ પહેલાં કદાચ થઈ હોય ! ૨૦ વર્ષના લાંબા સમય સુધી નિયમિત રીતે ચાલતી રહેવાનું ક્યાંક નક્કી થયું

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હોય, અને એ પ્રયત્ન સંપૂર્ણ સફળતાની સાથે અગ્રેસર બની રહયો હોય એવું વર્ણન ઇતિહાસ કે પુરાણોમાં શોધયું ય જડે તેમ નથી.

ગાયત્રી યજ્ઞની સાથે જોડાએલાં, યુગનિર્માણ સંમેલન આજ સુધીમાં હજારોની સંખ્યામાં પૂરાં થઇ ગયાં છે, ગાયત્રીના માધ્યમથી સદ્‌જ્ઞાન અને યજ્ઞના માધ્યમથી સતકર્મની દાર્શનિકતા હૃદયંગમ કરાવવામાં આવતી રહી. યુગ નિર્માણ સંમેલન એ આત્મનિર્માણ પરિવાર – નિર્માણ અને સમાજ નિર્માણમાં વિવિધ દિશાધારાઓ સ્વીકારવા માટે કરોડો માનવીઓને પ્રેરણા આપી ઊભા કર્યા. સાથે સાથે નૈતિક, બૌદ્ધિક અને સામાજિક ક્રાંતિના નામ ઉપર અવાંછનીયતાઓ, અનૈકતિકતાઓ, મુઢ માન્યતાઓ, અને કુરિવાજોની વિરૂદ્ધ સંઘર્ષ કરવા માટે જન-જનને ઉત્સાહિત, તત્પર અને સાવધાન કર્યાં. આ સુનિયોજીત લોકશિક્ષણની પરિણીતી હાથોહાથ સામે આવતી રહી. અસંખ્ય લોકોએ યજ્ઞની સાક્ષીમાં પોતાની દુર્બળતાઓ, દુષ્પ્રવૃત્તિઓનો સંકલ્પપૂર્વક છોડી દીધી. અને એ સંકલ્પને નિભાવવાનો દઢ નિશ્ચય કર્યો એટલું જ નહીં એક એક, બે–બે કરીને એ સદ્‌ગુણોને પ્રતિજ્ઞાપૂર્વક સ્વીકાર્યા, કે જેની તેમનામાં ઉણપ હતી. એ વ્રત પણ દરેક સંકલ્પવાળાઓનું નભી શક્યું. ભાગ્યે જ કેટલાક લોકો સંદર્ભમાં ભૂલથી ભટક્યા હશે. જે ડગ્યા હતા એ પણ સમજી ગયા અને સાચા રસ્તે લાગ્યા.

આત્મનિર્માણ સિવાય બીજું આંદોલન પરિવાર નિર્માણનું ચાલતું રહયું. ઘરના વાતાવરણને એવું બનાવવાની શિખામણ આપવામાં આવી કે જેનાંથી પોતાનું ઘરઆંગણું જ સ્વર્ગ બની રહે. કુટુંબના દરેક સભ્યના સ્વભાવ અને વ્યવહારમાં શ્રમશીલતા, મિતવ્યયતા, સુવ્યવસ્થા, શિષ્ટતા, સહકારિતા જેવાં પરિવારિક

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પંચશીલોનો ઊંડાણપૂર્વક સમાવેશ થતો રહે. સુસંસ્કૃત પરિવાર જ નરરત્નોની ખાણ સિધ્ધ થતા રહયા છે. પરિવાર જ વ્યક્તિ અને સમાજ વચ્ચેની કડી સમાન છે. એને સમુન્નત અને સુસંસ્કૃત બનાવવા માટે કોઇ વ્યાપક અને વ્યવહારિક આંદોલન ચાલ્યું નહીં. આ યુગનિર્માણ યોજનાની જ સમજ રહી જેણે એક નવું ક્ષેત્ર સ્વીકાર્યું અને એમાં સુયોગ્ય નાગરિકોની નવી ફસલને ઉગાડી બતાવી છે.

સામાજિક સંગઠન અને સુધારાની વાતો ઘણા લોકો કરે. ભાષણો. પ્રસ્તાવો અને લેખોનું પણ ખૂબ જોર હતું છે. પરંતુ એવું કશું જ થઇ શક્યું નહીં, જેનાથી એનું પરિણામ જાદૂઇ કક્ષાનું જણાઇ આવે. ખચાળ લગ્નો આપણને ગરીબ અને બેઇમાન બનાવે છે, એવી બૂમો જોરશોરથી લગાવવામાં આવી અને દહેજ, ધૂમધામ અને જાનના લાંબા મોટા સ્વરૂપને બધી બાજુએથી દબાવીને સીમાબધ્ધ કરવામાં આવ્યું. આદર્શ, સાદાઇપૂર્વક, સામુહિક વિવાહ યોજનાઓ સંપન્ન કરવામાં આવી. આવાં લગ્નો માટે સ્થનિક દબાણોથી બચાવવા માટે શાંતિકુંજમાં આદર્શ લગ્નો કોઇપણ જાતનું ખર્ચ કર્યા વિના દર વર્ષે મોટી સંખ્યામાં થતાં રહ્યાં. હવે નવા કાયદાનુસાર દહેજ લેવાવાળાને કાયદાના સાણસામાં જકડવા અને ઓધન પર સાસરી પક્ષને સહમત કરવામાં આવી રહ્યા છે. આજ રીતે જાતીગત ઉંચ-નીચની ભાવના વિરુદ્ધ યોગ્ય નક્કર સંઘર્ષ પણ શરૂ કરવામાં આવ્યો છે. જનજાતિઓ સાથે ઘનિષ્ટતા સ્થાપિત કરીને તેમને સમાજની મુખ્ય ધારામાં – પ્રવાહમાં જોડવા માટે સહમત કરવામાં આવેલ છે

બારમાં, ભિક્ષાવૃત્તિનો ધંધો, બાળલગ્ન, કજોડાં, દાગીના-જણશો, ફેશન, નશાબાજી વગેરેની વિરુદ્ધ લોકમત ઊભો કર્યો

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

તેને રોકવામાં આવી રહ્યાં છે. બે બાળકોથી વધારે કોઇ પણ દંપતિ કુટુંબ ન વધારે તે માટે લાભ અને નુકસાન એવી રીતે દર્શાવવામાં આવ્યું છે કે જેથી એ પરામર્શને દરેક વિચારશીલ દ્વારા સ્વીકારી શકાય.

પ્રૌઢશિક્ષણ અને વ્યાયામશાળા સંસ્થાઓ માટે કેટલાય લોકસેવાવાળા પ્રશિક્ષકો તૈયાર કર્યા છે. વૃક્ષારોપણ, આંગણુ શાકવાટિકા, જડીબુટી ઉદ્યાન તૈયાર કરવા માટે લોકોને ઉત્સાહિત, સહમત અને મજબૂર કરવામાં આવ્યા છે. આ રીતે સમાજની નવરચના માટે કંઈ જ કરવાનું બાકી રાખેલ નથી.

અને ૧૯૮૬નું વર્ષ ગુરુદેવની હીરક જયંતીનું વર્ષ છે. એમાં બે નવાં કામોની શરૂઆત કરવામાં આવેલી છે. પ્રજ્ઞાપ્રશિક્ષણ એ ખુલ્લા વિશ્વવિદ્યાલયની યોજનાના સ્તરનું છે. એમાં એક વર્ષનો પાઠયક્રમ હશે. જીવનનિર્માણ, પરિવાર નિર્માણ અને સમાજ નિર્માણનો સુનિયોજિત અભ્યાસક્રમ રહેશે. સાથે જ સુગમ સંગીતનો અભ્યાસ અને ભાષણકલાનો અનુભવ કરાવવાનું શિક્ષણ પણ સંકળાયેલું હશે. આનો ઉદ્દેશ માત્ર એટલો જ છે કે સ્થાનીય કક્ષાએ ચરિત્રનિષ્ઠા અને સમાજ સેવકોની બહુમતી દર વર્ષે વધતી રહે.

બીજું કામ છે વીડિયો ફિલ્મોના માધ્યમ વડે રચનાત્મક અને સુધારાત્મક કાર્યક્રમોનું સ્વરૂપ અને સત્પરિણામ લોકોને બતાવવું. એને માટે આશ્રમની ત્રીસ જીપગાડીઓ હંમેશાં દેશ-ભરમાં ફરતી રહેશે. બધી જ જાતનાં ભાપાક્ષેત્રો માટે આ યોજના તૈયાર કરવામાં આવી છે, અને એનો પ્રકાશ આજ સુધી ખાસ કરીને અશિક્ષિત ગ્રામજનો સુધી પહોંચાડવાની તૈયારી છે. તે જીપોમાં મંડળીઓ તથા પ્રવચનકર્તાઓને જ મોકલવાની

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

યોજના ચાલતી રહી છે, જે ખૂબ જ લોકપ્રિય બની છે. આશા રાખવામાં આવે છે કે વિડિયો પ્રચાર યોજના આથીય વધુ આકર્ષક અને પ્રભાવશાળી સિદ્ધ થશે.

પ્રવાસી ભારતીયો દ્વારા આજ સુધી એવી કોઇ યોજના કાર્યાન્વિત થઈ નથી, જેવી કે યુરોપ, અમેરિકામાં ઇસાઇ મિશન પોતાની વિચારધારાને પછાત ક્ષેત્રોમાં પહોંચાડવાનો પ્રયત્ન કરે છે. ભારતના સાધુઓ, ધર્મપ્રચારકોમાંથી મોટાભાગના કોઇકને કોઇક બહાને ફાળો એકઠો કરવા અથવા 'યોગ'ના નામ ઉપર લોકોને બહેકાવી માત્ર લુંટતા રહે છે. આ પ્રવાહથી તદ્દન અલગ રહીને પ્રજ્ઞામિશને પ્રવાસી ભારતીયોમાં એવી પ્રેરણા ભરવાનો પ્રયત્ન કર્યો છે, જેના અંતર્ગત તેઓ પોતાની સાંસ્કૃતિક પરંપરાને તેમ જ દેવભાષાને ભૂલી ન જાય. ઘણું કરીને ૭૪ દેશોમાં આવાં પ્રચારકેન્દ્રોની સ્થાપના કરવામાં આવેલી છે અને એમને આ માટે સંગઠિત થવા તથા યોજનાબદ્ધ રીતે રચનાત્મક કામોની સ્થાપના માટે કહેવામાં આવે છે.

આ પ્રકારના પ્રવાસોને પ્રોત્સાહન આપવા માટે દેશ-વિદેશમાં મિશનના અનેક કાર્યકર્તાઓ કટિબદ્ધ છે. વાનપ્રસ્થનો રિવાજ એક રીતે ખોવાઇ જ ગયો હતો. ગૃહસ્થ, બ્રાહ્મણ પોતાના નજીકના વિસ્તારમાં અને વિરક્ત વાનપ્રસ્થિ વિશાળ ક્ષેત્રમાં જનજાગરણનું કામ કરતા હતા. એનાથી દરેક જગ્યાએ ચરિત્રનિષ્ઠા અને લોક-સેવાનું વાતાવરણ બનતું રહેતું હતું. હવે આ પ્રથા એક રીતે બંધ થઈ ગઈ છે. બ્રાહ્મણ, વંશ અને સાધુ વેશના ઓઠા નીચે લખો લોકો હજુ પણ ધન અને મિલ્કત ભેગી કરતા જોવામાં આવે છે, પરંતુ એમનું જે કર્તવ્ય અને જવાબદારી હતાં એને એક રીતે ભૂલી જવામાં આવ્યાં છે. એટલા માટે પ્રજ્ઞાઅભિયાને

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

નવી જ રીતના લોકસેવકો દરેક વર્ણ અને વિસ્તારમાંથી ભેગા થયેલાને પ્રશિક્ષિત કર્યા છે. વિચારશીલ, પ્રતિભાવાન, લોકોનો એક મોટો સમુદાય, લોકસેવકોના રૂપમાં કાર્યક્ષેત્રમાં ઉતર્યો છે એને જુના વખતની સાધુબ્રાહ્મણ પરંપરાનું પુનર્જીવન કહી શકાય તેમ છે.

# ૮. વાવો અને લણોનો સુનિશ્ચિત સિદ્ધાંત

અધ્યાત્મ વિજ્ઞાનનો એક સુનિશ્ચિત સિદ્ધાંત છે--

"વાવો અને લણો" આ બધા જ મહત્ત્વપૂર્ણ વિષયો પર સરખી રીતે લાગુ પડે છે. ખેડૂત કિંમતી બિયારણ વાવે છે, ખેડ, ખાતરતે પાણી કરે છે અને મૂલ્યવાન પાક મેળવે છે, વિદ્યાર્થી પણ પોતાનો સમય, મહેનત અને ધન લાંબી અવધી સુધી ભણવામાં વાપરે છે અને સમયાનુસાર વિદ્વાન કે પદાધિકારી બને છે. વેપારી પૂંજી વાપરે છે–રોકે છે, વેપારની આખી યોજના ઊભી કરે છે, અને વ્યવસ્થિત શરૂ થઇ જવાથી મળતા લાભ વડે સમૃદ્ધ બને છે. આજ પદ્ધતિ આધ્યાત્મિક પ્રગતિની બાબતમાં પણ લાગુ પડે છે. સાધનાથી સિદ્ધનો સિદ્ધાંત સત્ય છે, પરંતુ તેની સાથે આ તથ્ય પણ અદૃશ્ય રીતે જોડાયેલું છે, કે આત્મ-સંયમ અને પરમાર્થનાં પૂરેપૂરાં અનુદાન પણ આ હેતુ માટે માટે સમર્પિત કરવાં પડે છે. જીવનક્રમને આદર્શોથી ઓતપ્રોત કર્યા વિના, અંદર અને બહાર ઉત્કૃષ્ટતાનો સમાવેશ કર્યા વિના, કોઇ પણ વ્યક્તિ આવી સિદ્ધિ–સફળતા મેળવી શકતી નથી, જેને ચમત્કારી, પ્રેરણાદાયી અને અભિનંદદાયી કહી શકાય.

ગુરુદેવે આ તથ્યને શરૂઆતથી જ હૃદયંગમ કરી લીધું હતું. અને એને માટે યોજનાબદ્ધ રૂપે ક્રમે ક્રમે વિકાસ કરતા રહેવાની તૈયારી પણ! બીજા લોકો આ સંદર્ભમાં કોઇક

નક્કર પ્રયાસ કરવામાં ડરે છે અને સહેલી–સસ્તી વસ્તુઓને સહારે વૈતરણી પાર કરતાં કરતાં સ્વર્ગલોક જેવો આનંદ આજ જીવનમાં મેળવવા ઇચ્છે છે. આધાર વગરનાં દિવાસ્વપ્નો જોતા રહે છે. સુદૃઢ આધાર સ્વીકાર્યા વિના કોઈ પણ જાતની ઉચ્ચસ્તરીય સફળતા કયાંથી મળે ? મોટા ભાગના લોકો અસફળતાનાં રોદણાં રડતા રહે છે, નિરાશ થઇ જાય છે કે પછી અયોગ્ય સંપ્રદાયની જેમ ઢોંગ કરીને જુઠેજુઠી સિધ્ધીનો દેખાવ કરવાનું આજ કારણ છે.

ગુરૂદેવને અધ્યાત્મ વિજ્ઞાનની ઊંચાઇ સુધી પહોંચવું હતું, એટલા માટે તેમણે રાજયોગ, હઠયોગ, મંત્રયોગ, લયયોગ, કુંડલિની યોગ, જ્ઞાનયોગ, કર્મયોગ, ભક્તિયોગ વગેરે બધી જ ભારતીય અને વિદેશી સાધનાઓનું ગંભીર અધ્યયન, શોધખોળ વગેરે કર્યું અને મેળવ્યું કે આ બધાજ રસ્તા સાધકને પ્રથમ ચરણમાં આત્મ-પરિષ્કારના રૂપમાં ઉઠાવવાનું જ માર્ગદર્શન આપે છે. ઉપચાર વિધાન તો તે પછીજ થઈ શકે છે. જે લોકો પોતાનું ચિંતન, ચરિત્ર અને વ્યવહારનું સ્તર નીચુ રાખે છે પરંતુ આગળ વધીને કુંડલિની જાગરણ, ઇશ્વર દર્શન, શકિતપાત વગેરે લાલસાઓ ધરાવે છે, તેમની એ બાળચેષ્ટા એવી રીતે નિષ્ફળ બને છે કે જેમ કોઈ અબોધ બાળક બારાખડી શિખવાની અવગણના કરીને એમ. એ. નો અભ્યાસક્રમ જલદી–જલદી પૂરો કરી લેવાની હઠ કરે અને પોતાનીજ વાત ઉપર આંડી રહીને મસ્ત બની રહે. આટલાથીય એની ઇચ્છાનુસાર વાત બનતી નથી.

ગુરૂદેવે પોતાના માર્ગદર્શકનો આદેશ માથે ચઢાવતા એવો નિશ્ચય કર્યો કે પોતાનું તમામ સંઘરેલું સાધન બીજ રૂપે પરમાર્થ કાર્યો માટે વાવી દેવું, જેથી તે હજારઘણું થઇને પરત આવી

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શકે, મકાઈ, બાજરી જુવારનાં ખેતરોમાં આવું જ બને છે. એક બીજ પોતાના છોડ પર હજાર નવા દાણા પેદા કરે છે. આંબો, જાંબુડો વગેરે વૃક્ષોમાં પણ આજ પ્રક્રિયા ઉત્પન્ન થાય છે કે, એ એક બીજમાંથી વૃક્ષ બને છે પરંતુ દર વર્ષે તે પોતાનાં ફળોમાં હજારો નવાં બીજો ઉત્પન્ન કરતાં રહે છે. સુદામાના તાંદુલ, શબરીનાં એઠાં બોર, શરૂઆતમાં તો અનુદાનની રીતે ભેટ અપાયાં હતાં, પરંતું કાળક્રમે તે ભેટો અનેક ગણી પાછી ફરી. અને દાતાઓને ધન્ય બનાવતી રહી.

ગુરૂદેવે પણ આજ નીતિ અપનાવી. એમણે તપશ્ચર્યાઓ, યોગ સાધનાઓ પણ ઓછી નથી કરી. પરંતુ એમાં હાથ નાખવાની સાથે સાથે "વાવો અને લણો" વાળી નીતિને પકડી રાખી. બંન્નેને અલગ પાડીને, એક પૈડાની ગાડી ચલાવવાની, એક હાથે તાલી પાડવાની જેમ તેમણે હવાઈ ગપગોળાની મૂર્ખતા ન કરી.

દરેકની પાસે કંઈકતો પોતાનું કમાએલું હોય છે અને કંઈક ભગવાનનું આપેલું. ઇશ્વરનાં આપેલાં સાધનોની દ્રષ્ટિએ સર્વને સરખું મળેલું છે. પોતાની પેદા કરેલી મૂડીમાંજ વધારે ઓછું જણાઈ આવે છે. સમય, મહેનત, પ્રતિભા, વિવેક આ બધું ઇશ્વરદત્ત છે, અને ધન, સાધન પોતાની મહેતનનું ફળ. આ તમામ વૈભવને વિશ્વમાનવ માટે તેની સર્વશ્રેષ્ઠ સેવા, વિચાર પરિષ્કારને માટે નિયોજીત કર્યો. સાથે સાથે એય ધ્યાન રાખ્યું કે, પછાત વર્ગને ઉઠાવવામાં, આગળ વધતા લોકોને સહારો આપવામાં તથા દુ:ખીને પ્રત્યક્ષ મદદ આપી તેમનાં આંસુ લુછવામાં કંઈજ બાકી રાખવામાં ન આવે.

જપ-તપ તે ક્યારે અને કયા પ્રકારે કરે છે ? એનું પૂરૂં વિવરણ-વિસ્તાર એમને પોતાને ખબર છે. ઘણું કરીને એની

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ચર્ચા એ નથી કરતા, કારણ કે પહેલવાન જે સખત કસરત કરે છે તે સર્વસાધારણને માટે ઉપયોગી થઈ પડતી નથી, એટલા માટે બાળકોથી ન થઈ શકે તેની ચર્ચા કરી, લાભ બતાવી, લલચાવવાથી મતિભ્રમ ઉત્પન્ન થાય છે. પરંતુ ગુરૂદેવ જે સેવા સાધના છે, તે પ્રત્યક્ષ છે. સહાયતા મેળવેલાઓએ આપવીતીને અજાણ્યે જ એક જીભથી સો કાનોને પરિચિત કરી દીધા છે. અને એ વિવરણ પ્રકરણ હવે જે ઘણુ કરીને સર્વવિદિત બની ગયું છે. અગર આવી સેવા, સાધનાથી, ત્યાગ પરમાર્થથી વિરક્ત રહ્યા હોત અને માળા ફેરવીને સસ્તી કિંમતમાં સ્વર્ગમુક્તિ, સિદ્ધિ-શાંતિ, સમૃદ્ધિ મેળવવાનું પાખંડ રાખ્યું હોત તો એમને પણ કહેવાતા સાધકોની જેમજ તદ્દન ખાલી હાથે રહી અને હાસ્યાસ્પદ બનવું પડયું હોત. તપ સાધનાના પોતાના પ્રયાસો સિવાય પ્રાચીન સાધુ-બ્રાહ્મણની પરંપરા સ્વીકારી અને સાધના જેમજ લોકસેવામાં પણ તત્પરતાપૂર્વક સંલગ્ન રહ્યા. તેઓ રાત્રે જ પોતાની નિયત સાધના પૂરી કરી લેતા અને સૂર્યોદયથી શરૂ કરીને સૂર્યસ્ત સુધી સેવા સાધના માંજ લાગેલા રહેતા. આજ ક્રમ શરૂઆતથી લઈને અત્યાર સુધીનાં ૪૦ વર્ષોમાં ચાલ્યો છે.

કલમ અને વાણી દ્વારા લેખન અને કથન સિવાય પ્રત્યક્ષ અનુદાનની નીતિ પણ તેમણે સ્વીકારી અને તેનાં પ્રત્યક્ષ પરિણામે પણ 'નગદ ધર્મ'ની જેમ હાથો હાથ મળતાં જોયાં.

તેઓ જાતે તો કંઇજ કમાયા નથી. ૧૫ વર્ષની ઉંમરથીજ જ્યારે સાધનામય બની ગયા તો કમાય કયાંથી? પણ પૂર્વજોએ વારસામાં છોડેલી સંપત્તિ એટલી બધી હતી કે, એનું સમર્પણ પણ મહત્ત્વપૂર્ણ પ્રતિફલ ઉત્પન્ન કરી શક્યું.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પોતાની જમીન વેચીને આંબલા ખેડાનું વિદ્યાલય બન્યું. જમીનદારી કાઢી નાખવાથી મળેલી રકમને ગાયત્રી તપોભૂમિમાં રોકી બાળકોના ભણતર વગેરેમાં જે ખર્ચ થયો હતો તેને પાછો મેળવી માતાજીએ શાંતિકુંજ હરિદ્વારની જમીન ખરીદી. માતાજીનાં ઘરેણાં પણ આજ હેતુ માટે વેચાયાં અને રોકાણ થઇ ગયું. હવે આ દંપતિની પાસે પોતાની સંપત્તિના રૂપમાં એક કાણી કોડી પણ નથી. પેટ ભરવાની અને શરીર ઢાંકવાની સુવિધાજ માત્ર મિશન પાસેથી મેળવે છે. આ અપરિગ્રહે—સર્વમેધેજ એમને લોભ-લાલચથી છૂટકારો અપાવ્યો. મોહ પોતાના કુટુંબ પ્રત્યેથી ઓછો થયો, તોજ ગાયત્રી પરિવારનું વિશાળ ક્ષેત્ર વિસ્તૃત થઈ શક્યું, અને લાખો વ્યક્તિઓને સઘન એવા સ્નેહપાશમાં આ રીતે બાંધી શકાયાં, કે જેનું બંધન ઈચ્છા હોવા છતાંય તોડી શકાતુ નથી. એને સંકુચિતતાની વ્યાપકતામાં પરિણતી જ કહી શકાય! પૂર્વજો દ્વારા મળેલી સંપત્તિ પણ એમના પૂર્વજન્મોની કમાણીજ હતી. ગીતાની તે વાત પ્રત્યક્ષ સાબિત થઇ કે, જેમાં કહેવામાં આવ્યું છે કે, યોગ માર્ગની અપૂર્ણતામાં શરીર છોડી દેવાથી આગળનો જન્મ સાધન–સંપન્ન પરિવારમાં થાય છે. એ પ્રમાણેનું વાતાવરણ અને વૈભવ એમને જન્મથી જ પ્રાપ્ત થયેલ હતો. યજ્ઞોપવિત અને ગાયત્રી મંત્રની દીક્ષા તેમને મહામના માળવીયજી દ્વારા પ્રાપ્ત થઈ. પિતાજી સંસ્કૃતના પ્રખર વિદ્વાન અને અનેક રાજદરબારોમાં તેમને રાજગુરૂનું માનભર્યું સ્થાન મળેલું હતું. એમણે પોતાની ભાવના અને સંસ્કૃતિ આ હોનહાર બાળકને શરૂઆતથીજ આપી, જેને એમણે પૂરેપૂરી રીતે લોકમંગલનાં કાર્યોમાં સમર્પિત કરીને સાચું એવું પિતૃશ્રાદ્ધ કરી દીધું.

પોતાના જ અનુદાનથી શરૂ થએલી ઉદારતાનું જ એ પ્રતિ-ફળ હતું કે, ભાવનાશીલોનો અવિરત સ્વેચ્છા સહયોગ એમની

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પર વરસતો રહ્યો અને ત્રણ સ્થળોની છ ઈમારતો તથા ૨૪૦૦ પ્રજ્ઞાપીઠોના બાંધકામમાં લાગેલી કરોડો રૂપિયાની રકમ આપ મેળે જ પ્રાપ્ત થતી રહી. જે ઘરમાં એ જન્મ્યા હતા અને લગ્ન થયું હતું તેમાં હવે માત્ર પાંચ વૃક્ષો રોપી દીધાં છે, જેથી વ્યકિતગત હક્ક જેવી કોઇ વાત કયાંય દેખાઇ આવે નહિં.

હવે શ્રમ અને સમયની વાત આવે છે. બધોય સમય સ્વતંત્રતા આંદોલનમાં જેલ જવામાં, સાહિત્ય સર્જનમાં વ્યસ્ત રહેવામાં તથા મિશનની આટલી મોટી વિશાળ યોજના – રૂપ-બનાવવામાં લાગી ગયો, જેના આધારે કરોડો મનુષ્યોનો પોતાના જીવનમાં સંયમશીલતા અને ઉદારતા રાખવાનો અવસર મળતો રહયો. યુગનિર્માણનું વાતાવરણ બની રહ્યું. વિચારક્રાન્તિ વિશ્વવ્યાપી થવા જઇ રહી છે અને અસંખ્ય રચનાત્મક ક્રિયા કલાપોનુ સવિસ્તૃત તારતમ્ય વિનિર્મિત થતું રહ્યું છે. એને સૂત્રસંચાલકના સમયદાનની પ્રતિક્રિયા કહેવામાં આવે તો કંઇ જ અતિશયોકિત નહિં કહેવાય.

ગુરુદેવ અને માતાજીએ પ્રેમ ફેલાવ્યો અને શ્રધ્ધા એકઠી કરી. એમના સંસર્ગમાં માત્ર જ્ઞાન પ્રાપ્તિ માટે જ લોકો નહોતા આવતા, સેવા સાધનાનું માર્ગદર્શન પ્રાપ્ત કરવાનો જ ફક્ત ઉદ્દેશ્ય નહોતો પરંતુ તે પોતાની અંગત મુશ્કેલીઓ, કઠણાઈઓ, અને મહત્વાકાંક્ષાઓમાં તેમનું પ્રત્યક્ષ અનુદાન પણ ઈચ્છતા હતા. એમાં લેવાનો તો કોઈ અવકાશ જ નહોતો ! ભકિતયોગની સાધના બીજાનાં આંસુ લુછવા અને રડતાને હસતાં હસતાં પાછા મોકલવાના રૂપમાં જ યોગ સધાય છે. નવધા ભકિતના નામ ઉપર ચંદન, અક્ષત, પુષ્પ, ધૂપ ચઢાવનારા લોકો બીજા હોય છે.

ગુરૂદેવની કૃપાથી, જેટલા લોકોએ પોતાના પ્રત્યક્ષ જીવનમાં

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

જે મદદ મેળવી છે એને જો રજૂ કરવામાં આવે તો એક મહાપુ-રાશ્રણ જ બની જાય. આજથી ૩૦ વર્ષ પહેલાં આ રીતના ઉલ્લે-ખવાળું એક 'ગાયત્રીના પ્રત્યક્ષ ચમત્કાર' નામનું પુસ્તક છપાયું હતું, પણ જાણી જોઈને કેટલાય વર્ષોથી એનું પ્રકાશન બંધ કરી દેવાયું છે. કેમ કે, આ રીતે અનુદાનો પ્રાપ્ત કરનારની ભીડ વધતી રહે તો એકઠું કરેલ તપ અને સાધનાનો ભંડાર એમાંજ ખલાસ થઇ જાય. જો આવક કરતાં ખર્ચ વધી જાય તો તેની પૂર્તિમાં કેન્સર જેવા રોગોની પીડા સહેવી પડતી હોય છે. કેટલાક વરદાન આપનારાઓને આવી ક્ષતિપૂર્તિથી ભરેલી પીડા સહન કરવી પડી છે.

સદ્જ્ઞાનનું, સન્માર્ગનું પ્રશિક્ષણ મળવા માત્રથી કરોડો માનવોની શ્રદ્ધા મળી શકતી નથી, પરંતુ ખરેખર તેનો પરોક્ષ આધાર તો એ છે કે, જે કોઇ યોગ્ય આકાંક્ષા લઇને એમના બારણે આવ્યો તે કદીય ખાલી હાથે પાછો નથી ગયો. પરબ ઉપરથી કોઈ તરસ્યો પાછો ફરતો નથી. દવાખાનામાં કોઇપણ કારણથી દુ:ખથી પીડીતનો નિરસ્કાર કરવામાં આવતો નથી. પ્રકાશ-કેન્દ્રે પણ પોતે જાતે લૂંટાઈને બીજાને ખવડાવવામાં કમી રહેવા દીધી નથી. પ્રજ્ઞાપરિવારના આટલા વિસ્તાર અને સહયોગમાં આને લઈને પણ અસાધારણ અભિવૃદ્ધિ થઈ છે.

ધન, સમય, મહેનત, જ્ઞાન, પ્રભાવ અને ચિંતન જેવી પોતાની સંપત્તિનો પૂરેપૂરો ઉપયોગ જનતા જનાર્દનને માટે થતો રહેવાનું પ્રતિફળ એ હતું કે વ્યક્તિઓના ઉત્કર્ષ, સમાજની પ્રગતિ અને વાતાવરણમાં આશાનો સંચાર થયો છે. અંગત રીતે પણ જે મેળવ્યું છે તે કંઈ ઓછું કિંમતી નથી. ૭૫ વર્ષની ઉંમરમાં પણ તે નવયુવાન જેવી તત્પરતાથી પોતાની સાધના

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને લોક-સેવામાં એમ બંન્ને પ્રયત્નોમા સંતુલીત રૂપે પહેલાંની જેમજ ૧૮ કલાક દરરોજ આપે જ છે. જે શરીર અધ્યાત્મ વિજ્ઞાનની પ્રયોગશાળા બન્યું છે એમાં હારવા, તૂટવા જેવી કોઇ વિકૃતિ પેદા થઇ નથી. કોઇપણ વસ્તુ એમને વિચલીત કરી શકી નથી,

સમયદાનનું પરિણામ એ આવ્યુ કે એમણે એટલાથી જ જીવનમાં ૭૫૦ વર્ષ જેટલું કામ કરી બતાવ્યું. પાંચ વ્યક્તિ જેટલું કામ કરી શકે એટલું એમણે એકલા જ કર્યું શ્રમદાન અને સમયદાને સંસારને એટલી બધી વસ્તુઓ આપી છે કે, જેને લાખો વર્ષ સુધી ભૂલી શકાય તેમ નથી.

ભાવના અને આકાંક્ષાઓને તેમ જ ગતિવિધિઓને સર્વ ભાવે જનતા જનાર્દન માટે સમર્પિત કરી દેવાનું પ્રતિફળ ત્રણ રૂપે પ્રાપ્ત થયું. એક, અંતરાત્મામાં મર્મસ્થળમાં અસાધારણ એવો સંતોષ અને ઉલ્લાસ. બીજું, કરોડો માનવીઓ દ્વારા સમ્માન અને સહયોગનું દાન, અને ત્રીજું, દૈવી અનુગ્રહની અજસ્ત્ર વર્ષા. જો આમ ન બન્યું હોત તો વિઘ્ન, વ્યતિરેક, આક્રમણ અને અસમંજસ જ એ ગતિવિધિયોમાં અવરોધ ઉત્પન્ન કરત અને જે થયું છે એ અસભંવ થાત. ખાસ કરીને તો દૈવી કૃપા જ તેની પાછળ છે. જેની સહાયતાથી તે પોતાના ઇષ્ટદેવને શરીર રક્ષા તથા માર્ગદર્શકની જેમ સહાયતા પ્રદાન કરવાવાળા ઇન્દ્ર, કુબેરની જેમ હરઘડી પોતાની આગળ પાછળ અને ચારે બાજુ વિદ્યમાન જુએ છે.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

# ૯. પરિવર્તનશીલપ્રચંડમહાકાળીનું અવતરણ

પાછલાં બે વર્ષોથી ગુરુદેવ પોતાની એકાંત સાધનામાં છે. ઉચ્ચસ્તરીય સાધના માટે જેટલી એકાગ્રતા અને એકાંત સુવિધા જરૂરી છે એટલી આ ઉપાયને સ્વીકારવાથી મળી શકે છે. એને પલાયનવાદ સમજવો જોઈએ નહીં. પરંતુ એવા ચરમ પુરુષાર્થની ભૂમિકા કહેવી જોઈએ કે, જેવી આજ દિન સુધી સંભવ થઈ શકી નથી.

હાલમાં સમયની બે માગણીઓ ખૂબ જ પ્રબળ બની ગઈ છે. જે પૈકી એક છે મહાવિનાશનાં છવાયેલાં વાદળોને દૂર કરવાં અને બીજું છે યુગપરિવર્તન—યુગસૃજનની આશાને સમર્થ, સાર્થક અને પ્રત્યક્ષ કરી બતાવવું. આ કાર્યો લંકાદહન અને રામરાજ્યની સ્થાપનાની સમકક્ષ કહેવાય તો તેમાં કોઇ અતિશયોક્તિ નથી.

આ દિવસોમાં મહાપ્રલય જેવી કેટલીય દુર્ગમ પરિસ્થિતિઓ પ્રબળ બની ઊઠી છે, જેમાંથી એક છે પરમાણુ યુદ્ધની, સ્ટારવોરની શક્યતા કે જે ક્યારેક કાર્યાન્વિત બની તો આ પૃથ્વી પરથી જીવનનો અંત એકલોજ નહીં થાય પણ પૃથ્વી જીવધારીઓને રહેવા યોગ્ય પણ નહીં રહી શકે. એટલું જ નહીં એ પણ બની શકે છે કે તમામ ગ્રહ નક્ષત્રોમાં અદ્ભુત ગણાતી આ પૃથ્વી ચૂર....ચૂર બનીને એવી રીતે ટુકડે ટુકડા થઇ જશે જેમ કે મંગળ અને બૃહસ્પતિની વચ્ચે કોઈ તૂટેલા ગ્રહનું કચુંબર નાના નાના ટુકડાના રૂપે ફરતું રહે છે. અણુયુદ્ધનો રાક્ષસ પૌરાણિક રાક્ષસોની સરખામણીમાં, બધા રાક્ષસોના સમન્વય જેટલો ભયંકર છે. આ વિભિષિકાથી વિચારશીલોમાંના દરેકનું હૃદય કંપી ઊઠયું છે. મહાપ્રલયની તલવાર કાચા તાંતણે બંધાઇને લટકી રહી છે. શંકા છે કે તે ન જાણે ક્યારે તૂટી પડે અને પૃથ્વીને ધુમાડામાં બદલી નાખે.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બીજી વિભિષિકા છે—પર્યાવરણ પ્રદૂષણ. ઔદ્યોગિક સભ્યતાએ ઝેરી ધૂમાડાથી આકાશ ભરી દીધું છે અને શ્વાસ લેવાનું પણ ખતરનાક થઇ થઈ ગયું છે. નદી, સરોવરથી લઈને સમુદ્ર સુધી મિલ-કારખાનામાંથી ઉત્પન્ન થયેલું પ્રદૂષણ ભરાઈ ગયું છે. અને પીવાનું શુદ્ધ પાણી મળવું દુર્લભ થઇ ગયું છે. રાસાયણિક ખાતરો, કૃમિનાશક રસાયણોનો ઉપયોગ ખૂબજ વધી ગયો છે, જેનાથી ખોરાક ઝેરી બનતો ચાલ્યો છે. ભૂગર્ભનાં વધારે પડતાં ખનીજોના દોહનથી સંગ્રહિત ધાતુભંડાર અને ખનિજ તેલોની મિલકત સમાપ્ત થવા આવી રહી છે. ફળસ્વરૂપ ભૂકંપ જેવી દુર્ઘટનાઓનો ક્રમ પહેલાંની અપેક્ષાએ ઘણો આગળ વધી ગયો છે.

ત્રીજુ સંકટ છે—વિકિરણનું, યુદ્ધ માટે તેમજ વિધુત ઉત્પાદન હેતુ માટે અણુશકિતનો વિસ્તાર વિસ્તૃત બની રહયો છે. એના પ્રયોગ પરીક્ષણ અને કાર્ય અમલમાં મૂકાયાથી રેડિયો વિકિરણમાં અસાધારણ રીતે વધારો થઇ રહયો છે.

અત્યાર સુધી જે દિશામાં થઇ ગયું છે અને ભવિષ્યમાં થવાનું છે એ બધાનું પરિણામ અંતરિક્ષને એવી રેડિયો ધાર્મિકતાથી ભરી દેશે કે જેમાં જીવિત મનુષ્ય કેન્સર જેવા ચિત્ર-વિચિત્ર રોગોથી સપડાએલો હોય, અને નવી પેઢીઓ અપંગ અને અવિકસિત સ્તરની પેદા થશે! આવી સ્થિતિમાં સંપન્નતાનું સુખ પ્રાપ્ત થવાની વાત તો દૂર, પણ પીડા, વ્યથા, શિથિલતા, અપંગતા, પ્રકૃતિની પ્રતિકૂળતા જેવાં અનેક જાતનાં સંકટોથી પૃથ્વી ઘેરાઇ જવાનો ભય છે.

ચોથું સંકટ છે—જન સંખ્યાનો તોફાની વધારે. બે હજાર વર્ષ પહેલાં આ પૃથ્વી પર માત્ર ૨૫ કરોડની વસ્તી હતી. ચક્રવૃદ્ધિ દરે વધતી વધતી તે ૫૦૦ કરોડની થઇ ગઈ. હવે પછીનાં વર્ષોમાં તે

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

બમણી એટલે કે ૧૦૦૦ કરોડ થઇ જવાની શક્યતા છે. આટલા બધાં માટે અન્ન, જળ, વસ્ત્ર, શિક્ષણ, નિવાસ, વાહન જેવી આવશ્યક ચીજોનું ભેગું થવું કોઇ પણ રીતે સંભવિત નહીં બને. પ્રગતિ માટે કરવામાં આવેલા પ્રયાસ એટલી ઝડપે દોડી નહીં શકે. જેનાથી વધતી જતી માનવ વસ્તીની જરૂરિયાતો પૂરી થઇ શકે જ્યારે લોકોને સડકો પર ચાલવા સુધીની મળેલી સુવિધાઓને વધતી જતી ભીડ છીનવી લેશે, તો એ તીડ ટોળાની વિપત્તિ સામે ધીમી આત્મહત્યા માટે મજબૂર બનવું પડશે. એનું અનુમાન લગાવવું કોઇપણ બુદ્ધિમાન માટે સહેલું છે.મુશ્કેલી એ છે કે, અટકાવવાનો ઉપાય સરળ નથી બનતો અને પૂર બેફિકર બનીને વધતું રહ્યુ છે.

પાંચમું સંકટ છે–માનવી ગરિમાનું અસાધારણ એવું અધઃપતન. દષ્ટિ કોણ, ચિંતન–ચરિત્ર અને વ્યહવારમાં પિશાચ કે પશુકક્ષાની નિકૃષ્ટતાનો વધારો. મર્યાદાઓ તૂટી રહી છે, અપરાધોની સંખ્યા વધી રહી છે. પરસ્પરના સદ્ભાવ, સહયોગ અને વિશ્વાસનો દિવસે દિવસે લોપ થઇ રહયો છે. લાગે છે કે, આપણે, સુવિધા અને સભ્યતાનાં વિપુલ પ્રમાણમાં સાધનો હોવા છતાંય સ્તરની દષ્ટિએ આદિમયુગ તરફ પાછા ફરી રહયા છીએ, ઝગડા વધી રહ્યા છે. સહયોગનાં સૂત્રો ઢીલાં પડી રહ્યાં છે આવી દશામાં નકલી પ્રગતિનો માળો હોવા છતાંય તેની અંદરનુ ખોખલાપણું ભવિષ્યને અંધકારમય બનાવીને જ રહેશે.

આ પાંચેય વિભિષિકાઓ એવી છે, જે પૈકી એકજ વિભિષિકા સર્વનાશ કરવા માટે પૂરતી છે. તો પાંચેય એક સાથેજ સંયુક્ત આક્રમણ કરે તો ભવિષ્યની સ્થિતિ કેટલી બિહામણી બની શકે છે, એનું અનુમાન લગાવવામાં બેમત નજ હોઈ શકે.

આ પાંચેય મોરચા પર એક સાથે ઝઝૂમવા અને એને

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

હરાવવા-કાઢી નાખવા-માટે કેટલી બધી પ્રચંડ શક્તિની જરૂર પડશે સમજવું મુશ્કેલ નથી આ પ્રયાસમાં ભૌતિક પ્રયત્ન સફળ થઈ શકતા નથી. આધ્યાત્મિક કોઈ પ્રચંડ ક્ષમતા એવી અવતરિત થવી જોઈએ જેને મહાકાળીની ઉપમા આપી શકાય. સંકટને દૂર કરવા માટે ઇન્દ્રવજ્ર જેવું અતિમાનવી શસ્ત્ર જોઈએ, જેને માટે દધિચિના તપશ્ચર્યાથી તપેલાં હાડકાંની સાધન સામગ્રીથી ઓછું કંઈને ચાલે. આને કોણ પ્રસ્તુત કરે? આજ પ્રયોજનની પૂર્તિ માટે આ દિવસોમાં ગુરૂદેવની પ્રચંડ સાધના ચાલી રહી છે. એને માટે જ એમને આવું કંઈક કરવું પડે છે, જેની રૂપરેખા સમજવાનું સમજાવવાનું સરળ નથી.

પ્રાચીનકાળમાં વિશ્વામિત્રે રામ લક્ષ્મણને યજ્ઞરક્ષણ માટે પોતાના આશ્રમમાં બોલાવીને બે વિદ્યાઓ શિખવાડી હતી. એક બલા અને બીજી અતિબલા. એમાંથી એક ભૌતિક છે. બીજી આત્મિક. એકને સાવિત્રી કહે છે, બીજીને ગાયત્રી, એકની મદદથી અસુરતા દૂર કરાઇ હતી અને બીજીના માધ્યમ વડે. રામરાજની સ્થાપના એક ધ્વંસાત્મક છે બીજી સર્જનાત્મક.

ગુરૂદેવે અત્યાર સુધી સર્જનપક્ષવાળી શક્તિનું જ ઉત્પાદન, ઉપાર્જન કર્યું છે. અને એના જ માધ્યમ વડે પ્રજ્ઞાપ્રસારની યોજનાને આશ્ચર્યજનક સફળતાના સ્તર સુધી પહોંચાડી છે. ભવિષ્યના સર્જનમાં પણ એનાથી જ કામ ચાલશે પણ તાત્કાલિક પાંચ મુશ્કેલીઓ સાથે ટકરાવા માટે મહાકાળી સ્તરની સાવિત્રી શક્તિની જરૂરિયાત પડી રહી છે. એ ઉત્પન્ન કરવાનું જ આ દિવસોની એકાંત સાધનામાં ચાલી રહ્યું છે. એનાં પરિણામોને જ આશા અને આશ્ચર્યભરી પ્રતિક્ષા સાથે આપણે જોવા જોઇએ. કાર્યવિધિ જાણવાની ઇચ્છા નકામી છે. અદાન-પ્રદાન હિમાલયવાસી સૂક્ષ્મ શરીરધારી દિવ્યપુરુષ અને ગુરૂદેવની વચ્ચે જ ચાલી રહ્યું છે. અને સિદ્ધાંત જાહેર કરી શકાય છે. પણ વિધાન નહીં. એ

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ખાનગી રાખવું જ યોગ્ય છે. પ્રગટી અને કરણથી કોઇક ભયંકર મુશ્કેલી પણ આવી શકે છે. અને એવું પણ બની શકે કે કોઈ અનાડી ઉતાવળમાં એનું અનુકરણ કરવા લાગે. પોતાને માટે મુશ્કેલી ઉત્પન્ન કરે અને બીજાને બહેકાવે કે સંકટમાં નાખે. જેનામાં યોગ્યતા પાત્રતા હશે, એનામાં યોગ્ય સમય આવ્યે. વિધાન બતાવવાવાળી દિવ્ય સામર્થશકિત જીવતી રહેશે. શરીર નષ્ટ થવા છતાંય આત્મસત્તા એવી ને એવી જ બની રહે છે અને ધાર્યા કરતાં વધારે કામ કરી શકે છે. સારાં પાત્રોને ઉચ્ચસ્તરિય માર્ગ-દર્શન આપી શકે છે. પણ સાવિત્રીવિધાનું લુપ્ત થઇ જવાનું સંભવ નથી. સત્પાત્રોની સામે તેનું પ્રગટીકરણ કરવાવાળા સ્રોત કયારેય રોકી શકાતા નથી.

પાંચ શકિતઓ એવી છે જે સર્જનાત્મક હેતુઓમાં ઘણું બધું યોગદાન આપી શકે છે. પરંતુ આજે તો તે બધી સુસુપ્ત સ્થિતિમાં પડી છે વિરૂદ્ધ દિશામાં ચાલી રહી છે. અને ભટકાવમાં એવું કંઇક કરી રહી છે જેનાથી સર્જન કરવાને બદલે વિનાશની પ્રવૃત્તિને જ સહાય મળે. એને સુધારવાનું છે અને રસ્તા પર લાવવાનું છે. ઉલટાને ઉલટુ કરીને સીધું કરવાનું છે. એ સર્જન-શક્તિઓને આજથી જ વળાંક આપી એ દિશાધારા રીતિ-નીતિને સ્વીકારવા માટે મજબૂર કરવાની છે કે જેનાથી વિશ્વઉદ્યાનને ચંદનવન જેવી ઉપમા પ્રાપ્ત થઈ શકે. આ ધરતીને સ્વર્ગાદ-પિગરીયસી' બનવાનું શ્રેય મળી શકે. ગુરૂદેવની વર્તમાન તપશ્ચર્યાનું બીજું પ્રયોજન એ પણ છે કે વિનાશને રોકવા ઉપરાંત, સર્જનશકિતઓને નવસર્જનને માટે નિયોજીત કરવા માટે તેને ઝણઝણાવવાગા આવે-મજબૂર કરવામાં આવે.

શકિત સામર્થના પાંચ સ્રોત છે : એક સાસન, બીજું ધર્મ, ત્રીજું અર્થ, ચોથું જ્ઞાન અને પાંચમું કૌશલ. અત્યાર સુધીમાં જે કંઇ પણ સર્જન પરિવર્તન, અભિવર્ધન ઉત્પન્ન થયું છે,

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એમાં આ પાંચમાંથી કોઈકને કોઇકની તો ભૂમિકા પ્રમુખ રહી છે અને આગળ પણ રહેશે.

શાસનતંત્રના સૂત્રસંચાલકોની દુર્બુદ્ધિને કારણે સર્જનમાં કામ આવવાવાળાં સાધનોનું વિનાશની વેદી પર બલિદાન આપવામાં આવે છે. યુદ્ધોન્માદ એમની પર સવાર થયો છે. વિશ્વભરની નિર્દોષ જનતાનો એથી વિરૂદ્ધ છે પણ આજ આખલા છે જે અંદરોઅંદર ટકરાય છે, અને હરી-ભરી મોબતને તોડીફાડીને નુકશાન પહોંચાડે છે. જેનું કૌશલ્ય, બુદ્ધિબળ, વિજ્ઞાનબળ, માનવબળ, ધનબળ યુધ્ધની તૈયારીઓમાં વપરાઇ રહ્યું છે એને જો રોકીને તેમ જ બદલીને સર્જનાત્મક હેતુમાં વાપરવામાં આવેતો સંસારમાંથી ગરીબી, બેકારી, ભૂખમરો, નિરક્ષરતા, બિમારી,અપરાધી દુષ્પ્રવૃત્તિઓ વગેરેને માત્ર એક જ વર્ષમાં દુર કરી દઈ શકાય તેમ છે. સત્યયુગનું વાતાવરણ પાછું આવી શકે છે, અને સર્વત્ર પ્રગતિ, સમૃધ્ધિ અને સ્નેહભરી સહકારિતાનું વાતાવરણ પેદા થયેલું દષ્ટિગોચર થઈ શકે છે.

બીજો આધાર છે ધર્મ. ધર્મનું તાત્પર્ય ચેતનાનું ઉત્કૃષ્ટતા સાથેનું જોડાણ. માનવીય ગરીમાની તમામ લોકોના મનમાં પ્રતિષ્ઠા. ભ્રમ અને વિગ્રહ તો સંકુચિત સ્વાર્થી, દુરાગ્રહી સંપ્રદાયો જ ફેલાવે છે. આજે ધર્મને દબાવી દઇને સંપ્રદાયો તેની છાતી ઉપર ચઢી બેઠા છે. આ સ્થિતિને બદલવાની છે. દરેક લોકોને સમજાવવાનું છે કે, મનની ગરીમાનો પક્ષ લેનાર ઉત્કૃષ્ટતા અને આદર્શવાદિતાનો સમન્વય જ ધર્મ છે. એ કર્મકાંડો, પરંપરાઓ, કીર્તનો સુધી સીમિત નથી પણ કલમ, વાણી, કલા અને પ્રભાવોત્પાદક સર્જન કાર્યો પણ એમાં સંકળાયેલાં છે.

સાહિત્ય, ફિલ્મ, ગાયન, અભિનય અને પ્રવચન સંમેલનનાં બધાં પ્રયોજનોથી ધાર્મિકતાનું વાતાવરણ બનાવ્યું હતું. લોકમાનસને ઉદાત્ત દષ્ટિકોણથી જાણકાર અને અભ્યાસ કરવાનું હતું.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

પણ થઇ રહ્યું છે એ જવાબદારીથી વિપરીત. પરિણામે આજ વર્ગોએ, જનમાનસને પતનોન્મુખ બનાવ્યું છે. એની પ્રતિક્રિયા પણ અપરાધ વધવામાં થઈ રહી છે. આ ક્ષેત્રોથી સંભાળવાનું કહેવામાં આવશે. એંજીનને પાટા પર ચલાવવાની સ્થિતિ બનાવવામાં આવશે નહીં તો પછી તેના ગબડવાથી તો ભયંકર સંકટ થઇ શકે છે.

ત્રીજુ સ્રોત છે ધન. ધનને બદલે મહેનત ખરીદી શકાય છે. સાધનો ભેગાં કરી શકાય છે. અને વિશાળ તંત્ર કે અભિયાન ઊભાં કરી શકાય છે, મિલકતની વાસના, તૃષ્ણા, સંગ્રહ, અહંકાર દુર્વ્યસનોમાં પણ ખર્ચ કરી શકાય છે. વધારે ધનપતિ બનવાની ઈચ્છામાં પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ શોષણ કરી શકાય છે. અનાચરને પ્રોત્સાહન પણ અપાય છે. પરંતુ જો તેનો સદુપયોગ કરવામાં આવે તો, પૂંજીના બળ ઉપર સર્જનાત્મક પ્રયોજનોના નિમિતે, એકથી એક ચઢિયાતા ઉત્કર્ષ સંવર્ધનના પ્રયાસોને પ્રાણ-જીવન આપી શકાય છે. હવે પછીના સમયમાં કાંતો ધન વ્યકિતના હાથમાંથી છીનવાઈને સમાજ, શાસનના હાથમાં. કેન્દ્રિત બની જશે અથવા જેની પાસે નિર્વાહ કરતાં વધારે મુડી છે તેણે એ મુડીને સાર્વજનિક જીવનમાં સત્પ્રવૃત્તિ વર્ધનમાં લગાડવી પડશે જે નહીં લગાડે તેને પોતાની આવી ક્ષુદ્રતાને કારણે પસ્તાવું પડશે !

ચોથું સાધન જ્ઞાન-પ્રશિક્ષણ-આના આધાર પર વ્યક્તિઓનો સુધાર અને તેમને સમાજ નિષ્ઠ બનાવવાનું પુરેપુરૂં સંભવિત છે. શ્રેષ્ઠ નાગરિક અને મહાપુરુષ જે ખાણમાંથી પ્રાપ્ત થાય છે, તેને વિદ્યાલયો, પુસ્તકાલયોના પ્રવચન પરામર્શના માધ્યમથી લોકમાનસને પ્રભાવિત કરવાવાળું શિક્ષણ જ સમજવું જોઈએ. આજે આ તંત્ર ઉદ્દેશ વગર ભટકાવવામાં છે. હવે પછીના સમયમાં સરકારી શિક્ષણનો પણ કાયાકલ્પ થશે અને લોકસ્તર પર જાણકારો દ્વારા સંચાલિત સમાંતર શિક્ષણનું વિશાળ તંત્ર ઉભું થશે જે સરકારી શિક્ષ

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ણુમાં રહેલી ત્રુટિઓને પેતાની જાત ઉપર સામાન્ય બનાવી દેશે. એ જરૂરી નથી કે શિક્ષણને માટે સરકાર પર જ આધારિત રહેવું પડે. પ્રૌઢશિક્ષણ, નૈતિકશિક્ષણ, વ્યવહારિક કુશળતા શાલીનતા, ગૃહ-ઉદ્યોગ વ્યવસાય જેવા વિષયોનું શિક્ષણ પોતપોતાના સ્તરે આપી શકાય છે. નોકરીને માટે લેવામાં આવતા શિક્ષણમાં પરિવર્તન કરી શકાય છે. અને શિક્ષણ, સુસંસ્કારિતા, સુવ્યવસ્થા માટે નીતિયુક્ત બનાવી શકાય, છે. એને માટે સરકારી અને બિનસરકારી બંને પ્રયત્નોની ઉપયોગી ભુમિકા ભજવવા માટે દરેકને સહમત અને સક્ષમ બનાવવા પડશે.

પાંચમી શક્તિ છે કૌશલ. એને વિશેષતા પણ કહી શકાય. વૈજ્ઞાનિક, શિલ્પકાર, ચિકિત્સક, શોધક, કલાકાર વર્ગની પ્રતિભાઓથી તેમનો કૌશલ અને પ્રતિભાનો પરિચય મળે છે. પ્રતિભાઓનું રાષ્ટ્રિયકરણ હોવું જોઈએ. એને પોતાની વિશિષ્ટતાથી જનતાને ચમત્કારિક જાદુ બતાવીને પુષ્કળ પ્રમાણમાં સ્વાર્થ સાધનો મેળવી લેવાની છુટ મળતી નહોતી. મધ્યકાળમાં નગરની સર્વશ્રેષ્ઠ સૌંદર્ય વાળીસ્ત્રીઓ નાગરિકોનીકલા અને સૌંદર્ય તરસને તૃપ્ત કરતી હતી અને નગરવધુનીપદવી પ્રાપ્ત કરતીહતી. કૌશલ્યે કદી ઉચ્છુંકલ બનવું જોઇએ નહીં. એને છુટું મૂકવું ન જોઇએ. આદર્શ રૂપી દોરડાથી બાંધવું જોઇએ.એનેમરજી મુજબ વર્તવા દેવું જોઇએ નહીં. જો આવુંજ રહયું હોય તો વૈજ્ઞાનિકોને પરમાણું શસ્ત્રોના મૃત્યુગેસો બનાવી શકવાની સગવડ કેવી રીતે મળત? ગાયકો કામવાસનાને ભટકાવવામાં મદદ-ગાર કેમ થાત? કલાનો પર્યાય પાશવિકતા અને ઉત્તેજના કેમ બનત? સાહિત્યકારોની કલમ તેવું કેમ લખે કે જેથી લોકમાનસ ઉદ્ધત બને. જો આ વર્ગોએ હળીમળીને શાંતિ, સમૃદ્ધિ અને શ્રેષ્ઠતાના પક્ષમાં કામ કર્યું હોય, તો સ્થિતિ આજે છે એથી તદ્દન વિપ-રિત હોત, તેમજ આ કલાકારોને દેવતાઓ જેવી સન્માન પ્રાપ્ત થાત.

ઊંધે રસ્તે ચાલવાવાળાની ભુલ દર્શાવવામાં અને સાચા માર્ગે

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ચાલવાનું નિવેદન કરવાથી તે એમાં પોતાનું અપમાન જુએ છે. કે અપમાનનો અનુભવ કરે છે અને તમામ સત્તાઓનો દાવો કરે છે. તેમજ પોતાનો હઠાગ્રહ સુધારવાને જરાય તૈયાર નહીં થાય. આજે પ્રેસ, વર્તમાનપત્ર, ફિલ્મ જેવા ઉદ્યોગ લોકમાનસને દિશા આપવાનું નેતૃત્વ કરી રહયા છે. રાજાની જેમજ પ્રજા બનતી હોય છે, એટલું જ નહીં, પરંતુ નેતાની જેમ તેના પ્રભાવક્ષેત્રમાં આવવાવાળા લોકો પણ પોતાની સાથે કે પાછળ ચાલવા માટે મજબુર કરે છે. પ્રભાવશાળી વકતાઓએ જનતાને ઊંચી પણ આણી છે. અને ગબડાવી પણ છે જ. આવી પ્રતિભાઓ પર અંકુશ હોવો જોઇએ. કાયદા એને બંધનમાં રાખી ન શકે સમાજ-ની માગણી તેને પ્રભાવિત ન કરે તો એવી સૂક્ષ્મ આધ્યાત્મ શક્તિ ઉભરાવી જોઇએ જે એના અંતરાલને જગવી દે. વાલ્મિકી અંગુલિમાલ, અશોક, આમ્રપાલી બિલ્વમંગળ અને તુલસીની પોતાની પ્રાચીન દિશા કોઈ અજ્ઞાત પ્રેરણાથી બદલવી પડી હતી. એજ રીતે કૌશલક્ષેત્રને પ્રતિભા સંપન્ન વિશેષતાઓના માર્ગે લાવી શકાય છે.

આંધી ચઢે છે ત્યારે એની સાથે તણખલાં, પાંદડાં, ધુળના રજકણો પણ જમીન છોડીને ઊંચે આકાશમાં પહોંચતા હોય છે. એવી જ આધ્યાત્મિક આંધી ઉઠે. આવાં જ ચક્રવાત તોફાનો મચે તો જડતા ને સક્રિયતામાં બદલી શકે, પરિસ્થિતિને પરબાણી બનાવી દે. અગાઉ થોડાં વર્ષો પહેલાં યોગી અરવિંદ મહર્ષિ રમણ વગેરેનો આવો જ એક પ્રયોગ થઇ ચુકયો છે. હવે તેની પુનરાવૃત્તિ ગુરૂદેવની હાલની સાવિત્રી સાધનમાં થઇ રહી છે. એના દ્વારા એવો પ્રભાવ ઉત્પન્ન કરવામાં. આવી રહયો છે, જે શિવના વીરભદ્રોની જેમ હાહાકારી-ચમત્કાર ઉત્પન્ન કરી શકે.

ગુરુદેવની હાલની સાધનાને સૂક્ષ્મીકરણ નામ આપવામાં આવ્યું છે તેનો ઉદ્દેશ્ય પોતાના સૂક્ષ્મ એવા પાંચ કોશો જેવા કે

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય આનંદમય વગેરેને પાંચ ભાગોમાં વિભક્ત કરીને પાંચ સૂક્ષ્મ વીરભદ્રો ઉત્પન્ન કરવાનો છે. જે ઉપર જણાવેલી પાંચેય વિભીષિકાઓ સામે લડીને તેમને પછાડી શકે. આજ પાંચ વીરભદ્ર પાંચ જાતની સર્જન શક્તિઓને ધારણ કરીને પ્રતિભાવાન વ્યક્તિઓના વર્ગના અંતરાલમાં એવી હલચલ પેદા કરશે કે જેના દબાણથી તેમને પોતાના ક્રિયાકલાપ પર નવી જ રીતે વિચાર કરવો પડશે અને દિશા પરિવર્તન માટે સહ-મત થવું પડશે. જ્યારે આ શક્તિઓ સંકુચિત સ્વાર્થની હદ તોડીને બહાર નીકળી, લોકકલ્યાણની વાત વિચારશે તેમજ એને અનુરૂપ પોતાની ગતિવિધિયોમાં પરિવર્તન લાવશે. આમ એનાં પરિણામ એવાં હશે કે જેનાથી નવસર્જનનો પ્રવાહ ઝડપી ગતિથી વહેતો નજરે પડશે.

સ્વ સ્વાર્થ જેવો કે સ્વર્ગપ્રાપ્તિ, મુક્તિ, સિદ્ધિ વગેરે નહીં પણ ગુરુદેવ ઉપરનાં પ્રયોજનો માટે જ હાલ આવું પ્રખર અને પ્રચંડ તપ કરી રહયા છે, લેખનકાર્ય માટે પણ આની વચ્ચે થોડો સમય ફાળવે છે, કારણ કે એ પણ એમની તપશ્ચર્યાનું એક અવિભાજ્ય અંગ રહયું છે અને રહેશે.

# આત્મક્ષેત્રનો ભાવી સંકલ્પ

દિવસ હોવા છતાંય ક્યારેક ક્યારેક ગ્રહણ થવાથી, ધુમસ છવાવાથી અંધારા જેવું જણાય છે. પરંતુ તે કાયમી નથી. એ મુશ્કેલી દુર થતાં જ સુર્યની પ્રખરતા ફરીથી પહેલાંની જેમ જ દષ્ટિ ગોચર થાય છે. આજ વાત આ સૃષ્ટિમાં સમય વિવેક-શીલતા, સદ્દાશીયતા પર પણ વ્યતધાન છવાઈ જવા જેવાં ઉદાહરણ સામે આવતા રહે છે. છતાય આશા જનક વાત તો એ છે કે સ્થતિ કાયમી રહેતી નથી. અંધકારમય સ્થિતિ સાથે પનારો પડે છે પણ તે ટકાઉ હોતો નથી.

ભૂતકાળમાં સત્યયુગી વાતાવરણ હતું ભવિષ્યમાં ફરીથી તે પાછું આવી રહયું છે ફકત વર્તમાન જ એવું રહયું છે કે જેમાં અવાંછનીયતાનું ભયંકર આક્રમણ તીડોના ટોળાની જેમ આવ્યું

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

અને હરીભરી ફસલને નષ્ટ કરી દીધી. હવે પુનર્જાગરણની-પુનાનમાણની વેળા નજીક છે, અને જે બગડી ગયું છે તે ફરીથી બની જશે. જીર્ણોદ્ધારની નીતિ સ્વીકારવા છતાંય જુનાં ખંડેરોના પાયા ઉપર જ ભવ્ય મકાનો બાંધી શકાશે. ઉલ્લાસભર્યા નવ-યુગની ફરીથી પ્રાણપ્રતિષ્ઠા થઇ શકશે.

ચર્ચા અધ્યાત્મની થઇ રહી છે. એ કંઇ જાદુ નથી. વ્યક્તિ અને સમાજની આચ્છાદિત, પ્રભાવિત, સુવ્યવસ્થિત. કરવાવાળી પ્રક્રિયા છે, જેમાં મુખ્યત્વે ચિંતન, ચરિત્ર અને વ્યવહારની ઉત્કૃષ્ટતાથી, તરબોળ બની રહેવાની સ્થિતિ બને છે; એટલા માટે તેને વ્યકિત વિજ્ઞાન, સમાજ વિજ્ઞાન, નીતિશાસ્ત્ર અને પ્રગતિ પરંપરા પણ કહી શકાય છે. એ પ્રક્રિયાને હરેક વ્યકિતના મનમાં ઉતારવાથી કામ થઇ જાય છે ફકત કેટલાક જિજ્ઞાસુઓની દાર્શનિક સાબિતિનો તે વિષય નથી. કેટલાક ભાવુક માણસો તેને કથા-પુરાણ અથવા સત્સંગ પ્રવચનની જેમ સાંભળતા રહે અને એક કાનથી બીજા કાને કાઢતા રહે તો પણ કંઈ કામ થતું નથી. ધાર્મિક કર્મકાંડોના માધ્યમથી દ્રશ્યની સાથે ભાવનાનો પણ સમન્વય કરતાં કરતાં તેને હ્રદયમાં ઉતારવું પડે છે.

પુજાપાઠની પ્રક્રિયામાં મહાનતાના ઇષ્ટને સામે રાખી એમની સમક્ષ કે સમતુલ્ય બનવાની પાત્રતા વિકસિત કરવા માટે ધુપ-દીપ, ચોખા, ફૂલ વગેરેથી પુજન કરવામાં આવે છે. અને એ ઉપહારોની સાથે જોડાએલી ઉત્કૃષ્ટતાઓને જીવનનું અવિચ્છિન્ન અંગ બનાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. સર્વતોમુખી ઉત્કૃષ્ટતા જ ઋદ્ધિ-સિદ્ધિનું કેન્દ્ર છે, દુર્ગુણ દોષોનો ભાર દૂર થતાંજ મહાનતાની વિભૂતિઓ તથા અતીન્દ્રિય ક્ષમતાથી ઓળખાતી રિદ્ધ-સિદ્ધિઓ આપમેળે જ ઉભરાય છે. અને ઝરણાની જેમ ફૂટીને. પોતાના પ્રવાહથી અસંખ્ય લોકોનું ભલું કરે છે.

ઇશ્વરને વખાણ અથવ ભેટ-સોગાદના માધ્યમ દ્વારા બહેકાવી ફોસલાવી શકાતા નથી. અથવા તે મનોકામનાના રૂપે પણ મેળવી શકતા નથી. કે જેના પોતાનોમાં જ પાત્રતા નથી, અમારૂં કામ

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

ભગવાન પૂરું કરશે અથવા નામ લેવાથી જ દુષ્કાળોનું ફળ ભોગવવામાંથી છૂટકારો મળશે એ વાત સાવ ખોટી છે. એને સુધારવાનું તો પ્રાયશ્ચિત દ્વારા જ થઈ શકે છે અને સમાજને નુકસાન પહોંચાડયું છે તેની ક્ષતિ કરવી પડે છે. એક હાથથી દુષ્કર્મ એને બીજા હાથથી પૂજાપાઠ કરતા રહીએ તો સ્થિતિ મશ્કરી જેવી બની જશે.

આત્મિક પ્રગતિ માટે બે મૂખ્ય સાધનો છે. એક તપ કે જેને સંયમ કહે છે જે પ્રત્યક્ષ જીવનમાં જોડાય છે પ્રયુક્ત થાય છે. બીજું સાધન છે – યોગ, જેનું તાત્પર્ય શાલીનતાની સત-પ્રવૃત્તિઓના સમુચ્ચય જેવા પરમેશ્વરની સાથે પોતાની જાતને સંપૂર્ણ રીતે જોડી દેવી. મનને કુત્સાઓથી હટાવીને મહાનતાના ઉચ્ચ આદર્શો સાથે પોતાની વિચારણા અને ભાવનાને પૂરેપૂરી જોડી દેવી. તપશ્ચર્યાથી જીવનનો બહિરંગ પક્ષ નિર્મળ બને છે. અને યોગથી અંતરંગને ઉત્કૃષ્ટતાની ચરમ સીમા સુધી ઉછાળી દેવાનો ક્રમ આજીવન હંમેશા ચલાવતા રહેવું પડે છે. ટૂંકમાં ચિંતનમાં ઉત્કૃષ્ટતા, ચરિત્રમાં આદર્શવાદિતા અને વ્યવહારમાં અત્યંત પ્રગાઢ શાલીનતાનો સમાવેશ કરવાની વણઅટકી પ્રયત્ન-શીલતા જ તપ અને યોગનો આત્મા છે. એને માટે કર્મકાંડ એવાં છે જેને સ્વીકારવાથી કર્મની સાથે જ્ઞાન જોડી દેવા જેવો સુંયોગ બને છે, આ તત્વજ્ઞાનનો દર્શન પક્ષ.

અધ્યાત્મ પ્રયોજનોને માટે જે કર્મ સ્વીકારવાં પડે છે, એમાં પૂજા પ્રાર્થનાના પ્રયોગાત્મક ઉપચારો સિવાય ત્રણ મૂખ્ય ધારાઓ એવી છે, જેમાં મનઃક્ષેત્રને નિયંત્રિત અને અંતઃકરણને પરિમાર્જિત કરવાનું સરળ પડે છે. એ ત્રણ છે–(૧) જપ (૨) ધ્યાન (૩) પ્રાણાયામ. એના માધ્યમ વડે દુર્ગુણો, દુર્ભાવોને દૂર

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

કરવામાં અને દેવત્વની કૃપા વધારવામાં મદદ મળે છે. અંદરની તેમજ બહારની સ્વચ્છતા એની પૃષ્ઠભૂમિ સાથે જોડાએલી રહે છે. આ ત્રણેયની શાખા–પ્રશાખા, સાધનાની સ્થિતિ, અભિરૂચિ અને માન્યતાઓને અનુલક્ષીને જ નિર્ધારિત કરવી પડે છે. આ નિર્ધારણમાં કોઇ અનુભવી, વિચારશીલ અને સમુન્નત કક્ષાના માર્ગદર્શકનું સલાહ–સૂચન લેવું પડે છે. આ છે અધ્યાત્મની ટૂંકમાં રૂપરેખા. જેને ચેતાનાની સમર્થતા વિકસાવવાનો ઉપક્રમ કહી શકાય છે. આ ભૌતિક વિજ્ઞાન કરતાં કોઈ પણ રીતે ઓછું મહત્વપૂર્ણ નથી. પદાર્થ કરતાં પ્રાણની ઉત્કૃષ્ટતા સર્વમાન્ય છે. એવી જ રીતે ભૌતિક વિજ્ઞાનની સરખાણીમાં અધ્યાત્મ વિજ્ઞાન વરિષ્ઠ છે. ભૌતિક વિજ્ઞાનના આધાર પર વસ્તુઓને અનુકૂળ બનાવવામાં આવે છે. પણ અધ્યાત્મ વિજ્ઞાન એની ચેતનાને સુયોગ્ય બનાવે છે કે, જે પદાર્થોનો બરાબર અને શ્રેષ્ઠ ઉપયોગ કરી શકે અથવા તો ભૌતિક વિજ્ઞાનની મહેનતને સાર્થક કરી શકે. ચેતનાનું સ્તર નિકૃષ્ટ હોવાથી તો ભૌતિકી ઉપાર્જનનો દુરૂપયોગ પણ થઇ શકે છે. અને તેને લીધે વ્યકિત અને સમાજનું ઘોર અનિષ્ટ પણ થઈ શકે છે, જેવું કે આજકાલ થઇ રહ્યું છે. આ સ્થિતિ અધ્યાત્મનું સ્વરૂપ વિકૃત અને વ્યવહાર ઉપેક્ષિત થઈ જવાને કારણે જ થઇ ગઈ હવે એ ભૂલને સુધારવાનું અનિવાર્ય અને જરૂરી બની ગયું છે. નહીં તો જણાતી મુશ્કેલીઓમાંથી એકેય દૂર થશે નહીં.

આ યુગસંધિનો સમય છે. યુગ પરિવર્તનનો સુનિશ્ચિત સમય આજ છે. જેમકે સમજવામાં આવે છે કે એકવીશમી સદી વિનાશ, પતન અને સંકટોની હશે, આ રીતની વાતો લોકો બરાબર કરતા આવી રહ્યા છે. પરંતુ અધ્યાત્મ ક્ષેત્રની ઉચ્ચસ્તરીય

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

શક્તિઓ આ સંકટો આવ્યે ઝૂમવા અને સમૃદ્ધિ તથા પ્રગતિનુ વાતાવરણુ બનવવા માટે એકઠી–એકત્ર–થઇ રહી છે. અને તે એવડી ભૂમિકા ભજવશે, વિકાસના બીજા ઉમદા અધારા ઉભા કરશે.

હવે પછીના દિવસોમાં વિશ્વની અલગતાને એકત્ર કરીને એકજ કેન્દ્ર પર લાવવામાં આવશે. વિકસિત વિજ્ઞાન કૌશલ, ઝડપી વાહનવ્યવહાર, રાજકીય અને આર્થિક ક્ષેત્રોનું એક બીજા સાથે ગુંથાઈ જવું એ એવો આધાર છે કે જેને કારણે વિશાળ સંસાર એક ગામ કે ઘરની જેવો બની ગયો છે એની અલગ અલગ સમસ્યાઓ એક એક કરીને હલ નહીં કરી શકાય, પરંતુ એને એક સાથેજ ઉકેલવી પડશે. બળીયા રોગનો ઉપચાર ફોલ્લીઓ ઉપર માત્ર મલમ લગાડવાથી જ નહીં પણ લોહીનો બગાડ અટકાવવાથી થાય છે. માખી, મચ્છરોના ઉપદ્રવ કે વધારાને એક એક કરીને મારવા મુશ્કેલ છે, પરંતુ નાળાની ગંદકી સાફ કરવી અને એની પર ચૂનો કે ફિનાઈલ છાંટવાથી જ યોગ્ય સમાધાન બની શકે છે. આજ રીતે વિશ્વના દરેક ક્ષેત્ર અને વર્ગમાં ફેલાએલી અસંખ્ય સમસ્યાઓનું એકજ સમાધાન–હલ–છે કે, વિશ્વને એકતાની ધરી સાથે જોડી દેવામાં આવે અને એની સાથે માનવી ક્ષમતાનો સિદ્ધાંત અતૂટ રૂપથી જોડી દેવામાં આવે.

વીસમી સદીના બાકી રહેલા દિવસોમાં રસાકસી, વિચાર સંઘર્ષ અને પ્રકૃતિ પ્રકોપ જેવી પ્રતિકૂળતાઓ જ હેરાન કરશે પરંતુ સાથે સાથે બીજી બાજુ એક કામ બીજુંય ચાલશે કે સર્જનાત્મક શક્તિઓ સંગઠિત અને કુશલ કાર્યરત થતી રહેશે. આ સદીના અંત સુધીમાં એ પણ એટલું સામર્થ્ય ભેગુ કરી લેશે સામર્થ્યવાન બની જશે કે જેથી વિગ્રહ સાથે ટક્કર લઇ શકે અને.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

સર્જનની જ રૂચિયાતોને એકરૂપ બનીને સર્વાંગી તથા સમુન્નત બનાવી શકે. આને યથાર્થતાનો પૂર્વાભાસ પણ કહી શકાય છે અને નિષ્ઠાવાળાઓની ભવિષ્યવાણી પણ ! જે હવે પછીના દિવસોમાં જીવતા રહેશે એ આ કથનને અક્ષરશઃ વ્યવહારમાં ઉતરેલું જોશે.

'વસુધૈવ કુટુંબકમ્' અને 'આત્મવત સર્વભૂતેષુ'ના બંન્ને સિદ્ધાંત હવે પછી કાર્યાન્વિત થઈને રહેશે. અલગતા એકત્ર બનીતે કેન્દ્ર-ધરી પર કેન્દ્રિત થશે. ધરતી એક છે. માનવ સમુદાય પણ એક બનીને જ ચાલશે. શાસનની દૃષ્ટિએ વિશ્વરાષ્ટ્રના રૂપમાં એક નવું માળખું ઉભું થશે. દેશોનું વિભાજન ભૌગોલિક સુવિધાની દૃષ્ટિએ હશે, અને તે કેન્દ્રની અંતર્ગત રાજ્ય અને જિલ્લાની જેમજ એકજ અનુશાસનમાં રહેશે. લશ્કર, ન્યાય, નાણું, વાહન વ્યવહાર, એકજ વિશ્વના હાથમાં રહેશે પછી યુદ્ધ જેવી કોઈ મુશ્કેલી-સમસ્યા રહેશે નહીં. મતભેદનું પંચાયત સ્તરે સમાધાન થતું રહેશે.

વિશ્વની ભાષા એક હશે. અનેક બોલીઓ, ભાષાઓ, લિપિઓ હોવામાં નુકસાન એ થાય છે કે, એક વિસ્તારનો મનુષ્ય બીજા ક્ષેત્રમાં જાય ત્યારે મુંગો અને બહેરો બની જાય છે. જ્ઞાનને વિશ્વવ્યાપી બનાવવામાં આ મોટામાં મોટી મુશ્કેલી છે.

મુદ્રણ અને પ્રકાશન પણ આવા જુદાપણાને કારણે અટકે છે. જ્યારે ભાષા જ એક હશે તો એક બીજાની સાથે આદાન પ્રદાનમાં કોઈ કઠણાઇ કે મુશ્કેલી રહેશે નહીં. જ્ઞાનમર્ગમાં રહેલા આ અવરોધને હવે પછીના દિવસોમાં હટાવી દેવામાં જ આવશે.

આવી રીતે એક જ સંસ્કૃતિ હશે અને ન્યાય વ્યવસ્થા પણ એક ! બધા જ ધર્મો અને સંસ્કૃતિઓનો સાર લઈને એક એવી પરંપરાનો જન્મ થશે જેના અંતર્ગત રહીને બધાને

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

એકાત્મતા અને એકરૂપતાનો અનુભવ થતો રહે. કાયદો પણ વિશ્વવ્યાપી હોય. જાતિ અને લિંગના નામ ઉપર રાખવામાં આવતો ભેદભાવ નષ્ટ થઈને રહે. પૃથ્વીની જમીન આબાદીના (વસ્તીના) હિસાબે વહેંચાય. ન કોઇને ગરીબ રહેવા દેવામાં આવે અને ન કોઈને અમીર બનવાનો અવકાશ રહે. વિશ્વના નાગરિકોની રહેણીકરણી એક જ પ્રકારની રહે એમાં કોઇને બહુ ઊંચે પણ ન જવા દેવામાં આવે ન નીચા પાડવામાં આવે. દેશ, ભાષા, જાતિ, સંપ્રદાયના નામ ઉપર અલગતાની કોઈ ગુંજાયશ ન રહેવા પામે. ધરતી માતાનાં તમામ સંતાન પોતાની ફરજ અને હકકની દૃષ્ટિએ સમાનતાનો અનુભવ કરી શકે.

ભૂતકાળમાં કેટલીય ક્રાન્તિઓ થઈ ચૂકી છે ઔદ્યોગિક ક્રાન્તિ, શ્રમિક ક્રાન્તિ (મજુર ક્રાન્તિ), માનવ હકકની ક્રાન્તિ, સામાજિક ક્રાન્તિનો વિકાસ પોતપોતાના સમય અને ક્ષેત્રમાં પોતાની રીતે થતો રહયો છે, અને પહેલાં કરતાં પણ વધુ સફળતા પ્રાપ્ત કરી રહેલ છે. એકવીસમી સદી મહાન ક્રાન્તિનો સમય હશે, જેમાં વિગ્રહોને જડમૂળથી કાઢી નાખવામાં આવશે અને ભવિષ્યનું માળખું એવું ઊભું કરવામાં આવશે જેમાં વારંવાર ઊથલ–પાથલની, ફેરફારની, યુદ્ધની અને ષડયંત્ર રચવાની કોઈ જ ગુંજાયશ રહેશે નહીં.

આ મહાક્રાન્તિનું સૂત્ર સંચાલન અધ્યાત્મ ક્ષેત્રની અદૃશ્ય શક્તિઓ કરશે અને કઠપૂતળીની જેમ ભાવનાશીલોએ તેના નિમિત્તનું કારણ બનવું પડશે. ઇચ્છા કે અનિચ્છાપૂર્વક આ પરિવર્તનની પ્રક્રિયાને સંપન્ન કરવા માટે યુગધર્મ એમને મજબૂર કરી દેશે અને સફળતાને માટે સર્જનહારની એવીજ ઇચ્છા ચરિતાર્થ થશે, જેવી કે સૃષ્ટિની શરૂઆતમાં અગ્નિપિંડ જેવી પૃથ્વીને બ્રહ્માંડની આટલી સુંદર કલાકૃતિના રૂપમાં બદલી નાખવામાં

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

આવી. વિશ્વચેતનાની એવી જ ઇચ્છા ફરીથી નવી જ રીતે અવતરિત થઇ રહી છે આ સૃજનહેતુ માટે ઉચ્ચકક્ષાના વ્યક્તિત્વની જરૂર પડશે. અનુકૂળતા પેદા કરવા માટેનું અદૃશ્ય વાતાવરણ પણ ! આ બધું તૈયાર થઇ રહયું છે. અને હવે પછીના દિવસોમાં બીજમાંથી અંકુર અંકુરમાંથી વૃક્ષ, અને એવાં જ ઘટાદાર વૃક્ષોનો બગીચો બનશે. આપણી આજ પૃથ્વી ઉપર સ્વર્ગનું અવતરણ અને મનુષ્યોમાં સદ્દભાવનાઓરૂપી દેવત્વનો ઉદય દૃષ્ટિગોચર થશે.

આ સુખી ભવિષ્યના સંચાલન માટે અધ્યાત્મની ઉચ્ચ શકિતઓ કેડ બાંધીને તૈયાર થઇ રહી છે, અને ક્રમિક સફળતા તરફ ઝડપથી આગળ વધી રહી છે. એની એક નાની સરખી ઝલક-ઝાંખી-યુગનિર્માણ યોજનાના સૂત્ર સંચાલન દ્વારા પોતાના વ્યકિતત્વને કર્તવ્યને આશ્ચર્ય-જનક રૂપે પ્રકટ થતું જોઈ શકાય છે.

અધ્યાત્મનું વૈજ્ઞાનિક પ્રચંડ ક્ષમતા સંપન્ન સ્વરૂપ જોતાં પહેલાં તેની માન્યતા અને ક્રિયા પદ્ધતિને સાચી કરવી પડશે-યોગ્ય બનાવવી પડશે. જો તે યોગ્ય હશે તો તેનાથી તે ચેતના ક્ષેત્રમાં ચમત્કાર ઉત્પન્ન કરશે કે જેવા આજે પદાર્થ જગતમાં ભૌતિક વિજ્ઞાને રજુ કર્યાં છે. આજે તો વિકૃતિઓ અને શંકાઓએ દરેક ક્ષેત્રને જકડી લીધું છે. અધ્યાત્મ ક્ષેત્રમાં જાદુગરો ભરાઈ ગયા છે, જે ચિત્ર-વિચત્ર કરામતોથી ભાવુક લોકોને ભ્રમ જંજાળમાં ફસાવે છે અને મૂળ વસ્તુસ્થિતિ ઉપર ઘા કરે છે. કૌતુક કુતુહલનું પ્રદર્શન કરવાનું નથી, પરંતુ સંપર્કમાં આવવાવાળાને દેવ માનવ બનાવવા અને પોતાના પ્રયત્નોથી લોક પ્રવાહથી બનેલા વાતાવરણને બદલી નાખવાનું કાર્યજ સિદ્ધ પુરુષોનું છે. આવું જ પહેલાંના સમયમાં હતું અને એજ ભવિષ્યમાં પણ રહેશે. અધ્યાત્મના આ શાશ્વત સિદ્ધાંત "સાધનાથી સિદ્ધિ" વાળા સિદ્ધાંતની યોગ્ય રૂપમાં

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

રજુઆત આજ સમયની સૌથી મોટી જરૂરિયાત છે. લોક માનસનું એ 'બ્રેન વોશીંગ' કરી શકયિ તો ફરીથી એ આદર્શોની સ્થાપના સંભવિત છે કે જેના માધ્યમથી ક્યારેક અધ્યાત્મને ઉચ્ચ અને પ્રતિષ્ઠિત માનવામાં આવતું હતું. ધર્મ–સંપ્રદાયગત માન્યતા–પરંપરાના સ્વરૂપની, અધ્યાત્મના વ્યકિતત્વના સર્વાંગ સુધરેલા સ્વરૂપ સાથે થઈ ગયેલી ભેળસેળ જ આ ભ્રાન્તિઓનું મૂળ કારણ છે. ધર્મ કદીય હિંસા શીખવતો નથી. ધર્મ પર વિવેકનો મજબૂત અંકુશ છે. તેથી વિચારશીલોએ, માન્યતાઓને પરિસ્થિતિઓને અનુરૂપ બદલતા રહેવું જોઈએ એ તથ્ય લોકોના ગળે ભવિષ્યમાં ઉતરશે તો ધર્મ સંબંધી ફેલાએલી ભ્રાન્તિઓને દૂર થતાં વાર લાગશે નહીં અધ્યાત્મના વિજ્ઞાન સમ્મત સ્વરૂપને ભાવી પેઢી જ્યારે પોતાની તર્કસંમત ભાષામાં સાબિત થયેલી જોશે તો અંદરથી અધ્યાત્મ અનુશાસનને હૃદયગમ કરવાની લાલચ પેદા થશે.

પ્રજ્ઞા અભિયાનનાં બધાં નિર્ધારણ દૈવી સત્તા દ્વારા આજ શિક્ષણ રીતિથી સંચાલિત થઈ રહયાં છે જેને જોવાવાળા આશ્ચર્ય-ચકિત બની ગયા છે. આ સંમોહન નહોતું, વાસ્તવિક હતું. અધ્યાત્મ શું હતું ? શું થઇ ગયું ? અને શું હોવું જોઇએ ? તથ્યનું પ્રકટીકરણ અને જન સાધારણનું માર્ગદર્શન કરવા માટે એક જ્વલંત ઉદાહરણની, પ્રકાશ સ્તંભની જરૂરિયાત હતી. પૂજ્ય ગુરૂદેવના રૂપમાં તેને પ્રત્યક્ષ નજરે જોઈ શકાય છે. જે કંઈ ગતિ વિધિયો આ વિરાટ પ્રજ્ઞા પરિવારની દૃષ્ટિગોચર થઈ રહી છે. અથવા જેની ભાવિ ફલશ્રુતિઓનું વર્ણન કરવમાં આવ્યું છે. એ બધી એ આશ્વસન આપી રહી છે કે "સાચું અધ્યાત્મ" અને તેનું અવલંબન–સહારો–કોઇપણ દષ્ટિએ નુકસાનરકાક નથી જ. એને હવે અસંખ્ય વ્યક્તિઓના કાયાકલ્પના માધ્યમથી જોઈ શકાય છે કે જેમણે

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org

દૈવીતંત્ર સાથે જોડાઇ અને પોતાની જાતને અંગુલિમાલ તેમ જ આમ્રપાલીની જેમ બદલી નાખીને, જીવનને ધન્ય બનાવી લીધું છે

ગુરૂદેવના પોતાના જ જીવનની જેટલી ગતિવિધિઓ પ્રકટ-રૂપે જાણુમાં છે એ પણ અધ્યાત્મ અવલંબનની ગરિમાને જ સિદ્ધ કરે છે. એ સિવાય અદૃશ્ય અને અજ્ઞાત ન જાણે કેટલુંય એવું છે જેની ઉપર જાણી જોઈને પડદો નાખવામાં આવી રહ્યો છે. એ તેમનો આદેશ છે. એ બધાની જાહેરાત-પ્રગટીકરણ ત્યારે જ થશે જ્યારે તેમનું સ્થૂળ શરીર હયાત નહીં રહે આ આશા જ નહીં સંપૂર્ણ વિશ્વાસ છે કે લોકો અધ્યાત્મના ગૌરવને સમજશે, સ્વીકારવાનું સાહસ ભેગું કરશે અને બીજા કેટલાયને એ દિશામાં આગળ વધવા માટે પ્રોત્સાહિત કરશે.

મુદ્રક : યુગ નિર્માણ યોજના પ્રેસ, મથુરા.

Read/ Download/ Order 3000+ books authored by Yugrishi Pt. Shriram Sharma Acharya (Founder of All World Gayatri Pariwar) on aspects of life in Hindi, Gujarati, English, Marathi and other languages at
www.vicharkrantibooks.org http://literature.awgp.org